કચ્છ ઉદય
અંજાર તાલુકાના ભીમાસર, વરસામેડી, લાખાપર, સતાપર, દુધઇ, મોટા લોહારીયા, સીનુગ્રા, ખંભરા, ચંદીયા, નાગલપર, મેઘપર બોરીચી, તુણા વંઢી, રામપર, બીટા વલાડીયા, ટપ્પર, સંઘડ, માથક,વીરા વલાડીયા, રતનાલ, કોટડા(ચકાર),આંબાપર તથા આસપાસના વિસ્તારોમાં સર્ક્યુલેશન કરી શકે તેવા ઉત્સુક અને નવ યુવાનની જરૂરી છે.
અવસાન નોંધ, પ્રેસનોટ, શ્રધ્ધાંજલિ, અભિનંદન જાહેરખબર માટે સંપર્ક કરો
ચેતન રાવલ : 98790 14192
નગરપાલિકા કોમ્પલેક્ષ, મામલતદાર કચેરીની સામે, અંજાર-કચ્છ



ગાંધીધામ (પૂર્વ કચ્છ) ભૂજ (પશ્ચિમ કચ્છ)થી પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક તથા ગાંધીનગરથી પ્રસિદ્ધ થતું સવારનું દૈનિક કિંમત રૂા. ૨.૦૦/-
Website : www.kutchuday.com
E-mail : kutchuday@gmail.com
તા.૨૫ માર્ચ, ૨૦૨૫ મંગળવાર
કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
# કચ્છ ઉદય
૩૧ વર્ષથી અણનમ રહેતું કચ્છનું એક માત્ર અડિખમ સાંધ્ય દૈનિક



કચ્છ-સૌરાષ્ટ્રના સર્વે માનવંતા ગ્રાહકમિત્રોને જણાવવાનું કે **કચ્છ ઉદય સાંધ્ય દૈનિક**માં જાહેરાત માટે અમારા બ્યુરો ઓફીસ રાજકોટમાં સંપર્ક કરો.
PAN COMMUNICATIONS
National & International News Papers & Magazine Advertising Agent, RAJKOT
Mo.: 98250 35635



◆અંક નંબર : ૨૫૫◆વર્ષ : ૩૧ ◆પાના - ૮ ◆ મુદ્રક, પ્રકાશક, માલીક અને તંત્રી : ગંગારામ એલ.ભાનુશાળી ◆Regd No. G-KCH - 184-2019-2021 ◆RNI No. 54972/94◆ સંવત ૨૦૮૧ ◆ ફાગણ વદ - ૧૧ ◆ગાંધીધામ મો.૯૯૨૫૧ ૧૧૪૨૩ ◆ ભુજ મો.૯૮૨૫૦ ૯૪૭૭૪ ◆ ફેકસ : ૨૩૧૨૬૭, ૨૩૯૮૮૭


# ટેરિફનું કોકડું ઉકેલવા ટ્રમ્પની ટીમ ભારતમાં

નવી દીલ્હી : ટ્રમ્પના ટેરિફ લાગુ કરવાના આદેશના ૫ ગલે સર્જાનારી સ્થિતિનો ઉકેલ શોધવા માટે અમેરિકન ટીમ ભારત આવી પહોચી છે અને કાલથી મહત્વપૂર્ણ બેઠક શરૂ થશે.ટ્રમ્પે તાજેતરમાં ભારત પર આયાત ડ્યુટી વધારવાની ધમકી આપ્યા બાદ આ પગલું લેવામાં આવ્યું છે. યુએસ ટીમનો ધ્યેય પરસ્પર વેપાર મુદ્દાઓ ઉકેલવાનો અને ટેરિફ વિવાદો ઘટાડવાનો છે.

ભારત પર ટેરિફ અંગે અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા આપવામાં આવેલી ૨ એપ્રિલની સમયમર્યાદા પહેલા એક અમેરિકન ટીમ ભારત પહોંચી ગઈ છે.આ ટીમ ટ્રમ્પ વહીવટીતંત્ર સાથે વેપાર કરારના પ્રથમ તબક્કાને અંતિમ સ્વરૂપ આપવા માટે ભારતીય અધિકારીઓ સાથે મહત્વપૂર્ણ બેઠકો કરશે. આ બેઠક બુધવાર, ૨૬ માર્ચથી શરૂ થવાની છે. એક અહેવાલ મુજબ, સપ્ટેમ્બર-ઓક્ટોબર સુધીમાં વેપાર કરારના પહેલા ભાગને પૂર્ણ કરવા અંગે બંને દેશો વચ્ચે ચર્ચા થશે. ટ્રમ્પે તાજેતરમાં ભારત પર આયાત ડ્યુટી વધારવાની ધમકી આપ્યા બાદ આ પગલું લેવામાં આવ્યું છે. યુએસ ટીમનો ધ્યેય પરસ્પર વેપાર મુદ્દાઓ ઉકેલવાનો અને ટેરિફ વિવાદો ઘટાડવાનો છે.

## ટ્રમ્પના નિર્ણયથી ભારતને ફરી ફટકો

### પેટ્રોલ-ડીઝલની કિંમત પર પડી શકે અસર

નવી દીલ્હી : અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે સોમવાર (૨૪ માર્ચ) એ જાહેરાત કરી કે વેનેઝુએલાથી તેલ કે ગેસ ખરીદનાર કોઈપણ દેશે અમેરિકા સાથે વેપાર પર ૨૫ ટકા ટેરિફ આપવો પડશે. આ નિર્ણય અમેરિકા અને વેનેઝુએલા વચ્ચે વધતા રાજકીય અને આર્થિક તણાવને કારણે લેવામાં આવ્યો છે.ટ્રમ્પે પોતાના ટ્રુથ સોશિયલ પ્લેટફોર્મ પર લખ્યું કે વેનેઝુએલા અમેરિકા અને અમારા તરફથી સમર્થિત સ્વતંત્રતાઓ પ્રત્યે દુશ્મની રાખે છે, તેથી કોઈપણ દેશ જે વેનેઝુએલાથી તેલ કે ગેસ ખરીદે છે, તેણે અમેરિકા સાથે વેપાર પર ૨૫ ટકા ટેરિફ આપવો પડશે. ટ્રમ્પ પ્રશાસને વેનેઝુએલા પર પહેલાથી જ અનેક પ્રતિબંધો લગાવી દીધા છે. તેઓએ રાષ્ટ્રપતિ નિકોલસ માદુરોની સરકારને માન્યતા આપી નથી. ટ્રમ્પે આરોપ લગાવ્યો હતો કે વેનેઝુએલાએ [illegible] ગેંગ સહિત ગુનેગારોને અમેરિકા મોકલ્યા છે. અમેરિકી સરકારે તેને વિદેશી આતંકવાદી સંગઠન જાહેર કર્યું છે. આ બધાને કારણે ટ્રમ્પ પણ વેનેઝુએલાને આર્થિક રીતે નબળું પાડવા માંગે છે.ભારત વિશ્વનો ત્રીજો સૌથી મોટો તેલ વપરાશકાર છે અને વેનેઝુએલાથી ક્રૂડ ઓઈલની આયાત કરે છે. જાન્યુઆરી ૨૦૨૪: ભારતની આયાત વધીને ૨૫૪,૦૦૦ [illegible] થઈ, જે વેનેઝુએલાની કુલ તેલ નિકાસના ૫૦ ટકા હતી. જો ભારત વેનેઝુએલા પાસેથી તેલ ખરીદવાનું ચાલુ રાખશે તો તેને અમેરિકા સાથેના વેપાર પર વધારાની ૨૫ ટકા ડ્યુટી ચૂકવવી પડી શકે છે.ભારતને વેનેઝુએલાથી સસ્તું તેલ મળે છે.



અહેવાલ મુજબ, આ વાટાઘાટોમાં કરારનું માળખું અને સમયમર્યાદા નક્કી કરવામાં આવશે, જેનો અમલ બે તબક્કામાં થવાની સંભાવના છે. યુએસ ટ્રેડ રિપ્રેઝન્ટેટિવના દક્ષિણ અને મધ્ય એશિયા બાબતોના સહાયક પ્રતિનિધિ બ્રેન્ડન લિંચના નેતૃત્વમાં એક ટીમ ભારતના વાણિજ્ય વિભાગના અધિક સચિવ રાજેશ અગ્રવાલને મળશે. આ વાટાઘાટોનો ઉદ્દેશ સપ્ટેમ્બર-ઓક્ટોબર સુધીમાં કરારનો પ્રથમ તબક્કો પૂર્ણ કરવાનો છે.


અનુસંધાન પાના નં.૪ પર


## યુએનએસસીમાં ભારતની ગર્જના : પાક.ને તમાચો



નવી દીલ્હી : ભારતે સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદમાં પાકિસ્તાનની ટીકા કરી હતી અને કહ્યું હતું કે પાકિસ્તાને જમ્મુ અને કાશ્મીરના પ્રદેશ પર ગેરકાયદેસર રીતે કબજો કર્યો છે, જેને તેણે તાત્કાલિક ખાલી કરવો જોઈએ. સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદ ની ખુલ્લી ચર્ચા દરમિયાન સોમવારે સંયુક્ત રાષ્ટ્રમાં ભારતના કાયમી પ્રતિનિધિ પરાવથનેની હરીશે આ નિવેદન આપ્યું હતું. આ ચર્ચાનો વિષય 'સંયુક્ત રાષ્ટ્ર શાંતિ રક્ષા કામગીરીમાં સુસંગતતા વધારવી' હતો, પરંતુ પાકિસ્તાને ફરી એકવાર તેમાં જમ્મુ અને કાશ્મીરનો મુદ્દો ઉઠાવવાનો પ્રયાસ કર્યો. હરીશે જવાબ આપ્યો, 'જમ્મુ અને કાશ્મીર ભારતનો અભિન્ન ભાગ હતો, છે અને હંમેશા રહેશે.'

પાકિસ્તાન આ વિસ્તાર પર ગેરકાયદેસર રીતે કબજો કરી રહ્યું છે, જે તેણે તાત્કાલિક ખાલી કરવો જોઈએ.ભારતે પાકિસ્તાન પર પ્રહાર કરતા કહ્યું કે તેણે ફરી એકવાર "બિનજરૂરી ટિપ્પણીઓ" નો આશરો લીધો છે, પરંતુ આનાથી ન તો તેના ગેરકાયદેસર દાવાઓને કાયદેસર ઠેરવવામાં આવશે અને ન તો રાજ્ય પ્રાયોજિત આતંકવાદની તેની નીતિને ન્યાયી ઠેરવવામાં આવશે. હરીશે કહ્યું કે ભારત આ પ્લેટફોર્મનું ધ્યાન પાકિસ્તાનના સંકુચિત અને વિભાજનકારી એજન્ડા તરફ વાળવા દેશે નહીં. તેમણે સ્પષ્ટતા કરી કે ભારત આ મામલે વધુ વિગતવાર જવાબ આપવાનું ટાળશે.

## એપ્રિલના બીજા અઠવાડિયામાં ભાજપને નવા પ્રમુખ મળી શકે

### RSS તરફથી લીલીઝંડી મળ્યા બાદ જાહેરાત કરવામાં આવશે : પીએમ ૩૦ માર્ચે નાગપુરની મુલાકાત લેશે, RSS વડા સાથે મુલાકાત શક્ય

નવી દિલ્હી: ભાજપને એપ્રિલના બીજા અઠવાડિયામાં નવો પ્રમુખ મળી શકે છે. ભાજપના સૂત્રોએ આ શક્યતા વ્યક્ત કરી છે. વાસ્તવમાં, બેંગલુરુમાં સંઘની ત્રણ દિવસીય પ્રતિનિધિ સભાની બેઠક પૂર્ણ થયાના એક દિવસ પછી, ભાજપ પ્રમુખ જેપી નડ્ડા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને મળ્યા. પ્રતિનિધિ ગૃહની બેઠક પછી તરત જ બંને નેતાઓની આ મુલાકાત ખૂબ જ મહત્વપૂર્ણ માનવામાં આવી રહી છે. માનવામાં આવે છે કે આ દરમિયાન બંને વચ્ચે સંગઠનાત્મક ચૂંટણીઓ પર ચર્ચા થઈ હતી. ઉલ્લેખનીય છે કે ના પ્રતિનિધિ ગૃહની બેઠકમાં સંઘના વરિષ્ઠ અધિકારીઓને મળ્યા હતા. છેલ્લા કેટલાક મહિનાઓથી, ભાજપ રાષ્ટ્રીય અધ્યક્ષની ચૂંટણી પ્રક્રિયાને અંતિમ સ્વરૂપ આપવામાં વ્યસ્ત છે. વર્તમાન રાષ્ટ્રીય અધ્યક્ષ જેપી નડ્ડાનો કાર્યકાળ છેલ્લા ૧૩ મહિનાથી સતત લંબાવવામાં આવી રહ્યો છે. આ ક્રમમાં, સભ્યપદ ઝુંબેશ અને બૂથ સમિતિની ચૂંટણીઓ પૂર્ણ થયા પછી, પ્રદેશ પ્રમુખોની ચૂંટણીઓ હાથ ધરવામાં આવી રહી છે.

અત્યાર સુધીમાં ૧૪ રાજ્યોમાં સંગઠનાત્મક ચૂંટણીઓ પૂર્ણ થઈ ગઈ છે, જ્યારે રાષ્ટ્રીય અધ્યક્ષની ચૂંટણી માટે ૧૮ રાજ્યોમાં સંગઠનાત્મક ચૂંટણીઓ પૂર્ણ કરવાની જરૂર છે. દરમિયાન, કેરળ, ઓડિશા, પશ્ચિમ બંગાળ, ઝારખંડ સહિત ઘણા રાજ્યોમાં, ફક્ત પ્રદેશ પ્રમુખની ઔપચારિક જાહેરાત બાકી છે. ભાજપના સૂત્રોનું કહેવું છે કે નવા પ્રમુખની જાહેરાત આવતા મહિનાના બીજા અઠવાડિયામાં કરવામાં આવશે.



પ્રતિનિધિ ગૃહની બેઠક પછી, પીએમ મોદી ૩૦ માર્ચે નાગપુર જવાના છે. અહીં ઈજીજી વડા મોહનભાગવત સાથે તેમની મુલાકાત શક્ય છે. આ પછી, પીએમ ૨ થી ૪ એપ્રિલ દરમિયાન બેંગકોકમાં યોજાનારી BIMSTEC પરિષદમાં ભાગ લીધા બાદ ૫મી તારીખે શ્રીલંકાની મુલાકાત લેશે. આ દરમિયાન, ઓછામાં ઓછા ૮ રાજ્યોમાં પ્રદેશ પ્રમુખોની જાહેરાત કરવામાં આવશે. આ પછી નવા પ્રમુખના નામની જાહેરાત કરવામાં આવશે

## દિલ્હીમાં ૨૭ વર્ષે ભાજપનું બજેટ પેશ

નવી દિલ્હી : દેશની રાજધાની દિલ્હીમાં તાજેતરમાં જ યોજાયેલી ચુંટણી બાદ અહી અઢી દાયકાના સમય પછી ભારતીય જનતા પાર્ટીની સરકાર બનવાપામી છે. પાછલા એક દાયકાથી અહી આમઆદમી પાર્ટીએ શાસન કર્યુ હતુ. કેજરીવાલને લોકોએ ઘરે બેસાડી અને વધુ એક વખત ભાજપને તક આપી છે. અહી ભાજપ દ્વારા પણ મહીલા મુખ્યમંત્રીને રાજધાનની કમાન સોપી હતી.

દરમ્યાન જ મળતી વધુ વિગતો અનુસાર આજ રોજ દિલ્હી વિધાનસભામાં ૨૭ વર્ષ બાદ ભારતીય જનતા પાર્ટીની સરકાર દ્વારા બજેટ રજુ કરવામા અવ્યુ છે. મુખ્યપ્રધાન રેખા ગુપ્તા દ્વારા પેશ કરવામા આવેલા બજેટમાં ચૂંટણી લક્ષી એજન્ડાઓની ઝલક જોવા મળી આવી છે. સૌનો સાથ સૌનો વિકાસનું સુત્ર પણ અહી સાર્થક કરવાનો પ્રયાસ આ બજેટમાં દર્શાવવા પામ્યો છે.

## ભારતીય સ્માર્ટ લેબથી વિદેશી મુદ્રાની દરેક ચાલ પર રહેશે વોચ

નવી દિલ્હી : કેન્દ્રીય નાણામંત્રાલયના ફાયનાન્સીયલ ઈન્ટેલીજન્સ યુનિયન દ્વારા તૈયાર સ્માર્ટ લેબ મુદ્રાની દરેક ચાલ પર નજર રાખવા સક્ષમ છે. ભારત આવનારા લોકો સાથે લાવેલ વિદેશી મુદ્રાનું પૂરું વિવરણ કરન્સી ડીકલેરેશન ફોર્મ માં ભરે છે. લેબમાં આ આંકડાનું વિશ્લેષણ કરવામાં આવે છે.દાવો છે કે લેબથી ધનશોધન (મની લોન્ડ્રીંગ)


અનુસંધાન પાના નં.૪ પર


## અર્થતંત્રને બૂસ્ટર ડોઝ : પ્રાયોરિટી સેક્ટરમાં લોન મર્યાદામાં વધારો

મુંબઈ,તા.૨૫ દેશમાં કેટલાંક વખતથી અર્થતંત્ર તથા ધિરાણ વિશેના વિરોધાભાસી રિપોર્ટ વચ્ચે રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા પ્રાયોરીટી ધિરાણનાં નિયમોમાં બદલાવ કરવામાં આવે છે. ધિરાણ મર્યાદામાં વધારો કરીને અર્થતંત્રને નવો બૂસ્ટર ડોઝ આપવા માટે કરાયેલા આ બદલાવનો અમલ ૧લી એપ્રિલથી થશે. ધિરાણ માપદંડની યોગ્યતાનો વિસ્તાર કરવા ઉપરાંત ટારગેટમાં પણ વધારો કરાયો છે.પ્રાયોરીટી સેકટર ધિરાણ નિયમોનાં બદલાવમાં હોમલોન પણ


અનુસંધાન પાના નં.૪ પર


## કે.કે.ના આવાગમન ગમન સાથે ચર્ચાઃ ઉત્કંઠાનું રહસ્યમય પોટલું છોડતા ગયા



**● ૨૦૨૭ની ચૂંટણી પ્લાનિંગ, આઇબી વડા, સીઆઇડી ક્રાઇમ વડા સાથે આઇપીએસ લેવલનાં ફેરફારો અંગે માર્ગદર્શન આપતા ગયા હોવાની હાઈ લેવલે ચર્ચા : એસપી લેવલે મોટા ગ્રુપ જેવી સ્થિતિ, રાજકારણીઓનાં દબાણો, ભવિષ્યમાં નુકશાનકારક ન બને તે માટે કેન્દ્રીય મંત વ્યકત થયો? પ્રદેશ પ્રમુખ, પ્રધાનમંડળ ફેરફાર સહિતની ચર્ચાનો ચિચોડો રોજ અવનવા તર્ક બહાર લાવે છે : કે.કૈલાશનાથન સાબરમતી આશ્રમનાં મહત્વના પ્રોજેકટનાં ઈનચાર્જ હોવાથી તેનાં પ્રોગ્રેસ રિપોર્ટ માટે આવ્યાનું જ સત્તાવાર રીતે કહેવાય છે,પણ કોઈ આ કારણ માનવા તૈયાર નથી, એ પણ હકીકત છે**

રાજકોટ : ગુજરાતના આઈએએસ અને આઈપીએસ અધિકારીઓના એક સમયે ભાગ્યવિધાતા જેવા મુખ્યમંત્રીના તત્કાલીન ફ્રિન્સિપલ સેક્રેટરી અને હાલના પોંડિચેરીનાં લેફ્ટેન્ડ ગવર્નર તાજેતરમાં ગાંધીનગર આવી મુખ્ય મંત્રીનાં બંગલે ત્રણ કલાક સુધી ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીની ઉપસ્થિતિમાં બેઠક કર્યાના અહેવાલો પછી આઈપીએસ વર્તુળોમાં અનેક વિધ અનુમાન સાથે રાજકીય લેવલે અનુમાનોની આંધી ચઢી છે. અત્રે એ યાદ રહે કે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી અને કેન્દ્રીય ગૃહ મંત્રી અમીતભાઈ શાહનાં કેફેના નામથી જાણીતા કૈલાસનાથનજી ગુજરાતના તેમના કાર્યકાળ દરમિયાન વિશાળ સતા ધરાવતા હતા. એક સમયે ટોચનાં આઈએએસ અધિકારીઓની બદલી કરવાની હતી. મોટા ગજાના રાજકારણી દ્વારા પોતાની પસંદગી લિસ્ટ જવાબદાર અધિકારીને આપેલ. જયારે બદલી ઓર્ડર આવ્યા ત્યારે એ મોટા ગજાના રાજકારણી અચંબો પામી ગયેલ, એ બદલીઓ તેમના લીસ્ટથી વિપરીત હતી.

આમ કેમ બન્યું? તેવું નારાજી સાથે મોટા ગજાના રાજકારણી દ્વારા જેમને લિસ્ટ સુપ્રત કરેલ તેમને પૂછ્યું. એ જવાબદાર અધિકારીએ કહ્યું કે આ બધા ફેરફારો કે.કે. દ્વારા થયા છે. મોટાં ગજાના રાજકારણીએ ખૂબ શાંતિથી આ બાબતે પૂછતા કે કે.એ કહ્યું આ લિસ્ટ અમીતભાઈ સાથે ચર્ચા બાદ ફાઈનલ કરેલ છે. હવે મોટાં ગજાના રાજકારણી માટે કંઇ બોલવા જેવું ન રહ્યું. આ એક ઉદાહરણ કે. કે.નાં વર્ચસ્વ સાબિત કરવા પૂરતી છે.

આઈપીએસ અધિકારીઓ અને મંત્રી મંડળ ફેરફારનું કોકડું ગુચવાયું છે ત્યારે કે કે કેન્દ્રીય ગળહ મંત્રીનો સંદેશો લાવ્યા હોય તે બાબત પણ નકારી શકાય નહિ.અત્રે એ યાદ રહે કે રાજ્યના સીઆઈડી વડા જેવા રાજકીય રીતે મહત્વ ધરાવતા સ્થાન સાથેસરકારના આંખ, કાન જેવા ગુપ્તચર વડાનું સ્થાન ખાલી છે. જેમને ચાર્જ આપ્યો છે તેવા ભરાડાજી પણ એકાદ માસમાં નિવળત્ત થાય છે. અમદાવાદ રેન્જ આઈજી જે.આર. મોથલિય નિવળત્ત થતા આ સહિત મહત્વના સ્થાન ખાલી છે. જૂનમાં નિવળત્ત થતા મુખ્ય પોલિવવડા વિકાસ સહાયને નિવળત્ત કરવા કે આશિષ ભાટિયા માફક એક્સ્ટેન્સ આપવું, એસપી લેવલે પણ


અનુસંધાન પાના નં.૪ પર


## આજે વ્હેલી સવારે ૭ની તીવ્રતાના શકિતશાળી ભૂકંપથી ન્યુઝિલેન્ડની ધરા ધ્રુજી

ન્યુઝીલેન્ડના રિવરટન કિનારે મંગળવારે (૨૫ માર્ચ) ના રોજ ૭ ની તીવ્રતાનો શક્તિશાળી ભૂકંપ નોંધાયો હતો. યુનાઈટેડ સ્ટેટ્સ જીઓલોજિકલ સર્વે એ X (અગાઉ ટ્વિટર) પર એક પોસ્ટ દ્વારા આ ભૂકંપ વિશેની માહિતી શેર કરી હતી. રિવરટનના પશ્ચિમ-દક્ષિણ પશ્ચિમ માં ૧૫૯ કિલોમીટર દૂર ભૂકંપ અનુભવાયો હતો. તેનું કેન્દ્ર જમીનથી ૧૦ કિલોમીટર (૬.૨૧ માઈલ) ની ઊંડાઈ પર હતુંહાલ ભૂકંપના કારણે કોઈ નુકસાનના અહેવાલ નથી. જો કે, આટલી તીવ્રતાના ભૂકંપના આંચકાને કારણે વિસ્તારમાં આંચકા અનુભવાયા હશે. ન્યુઝીલેન્ડ ભૂકંપ સંવેદનશીલ વિસ્તારમાં આવે છે, જ્યાં આવી ઘટનાઓ વારંવાર જોવા




મળે છે. સંબંધિત અધિકારીઓ પરિસ્થિતિ પર નજર રાખી રહ્યા છે અને સંભવિત આફ્ટરશોક્સ માટે તૈયારીઓ કરવામાં આવી રહી છે.ન્યુઝીલેન્ડમાં ૭ ની તીવ્રતાના ભૂકંપ પછી, મોટાભાગના અસરગ્રસ્ત વિસ્તારો ભૂકંપ પ્રતિરોધક ઈમારતો દ્વારા સુરક્ષિત છે. ન્યુઝીલેન્ડની કટોકટી વ્યવસ્થાપન એજન્સી આકારણી કરી રહી છે કે શું ભૂકંપ સુનામીને ઉત્તેજિત કરી શકે છે.

### તિકડમ !
– દેવેન વ્યાસ




**નવરો બેઠો છો તો લોકસભાની ચૂંટણી માટે આપવા લાયક વચનો તૈયાર કર !**

## અમદાવાદ સીપીના આકરા તેવર બરકરાર



ગાંધીનગર : ગુજરાત રાજયમા ગુનેગારોની સામે લાલઆંખ કરતી કાર્યવાહી કરવામા આવી રહી છે ત્યારે અમદાવાદ પોલીસ કમિશ્નર ગુનેગારોનો સફાયો કરવાના જ મુડમાં હોય તેમ હવે ગુનેગારોની બીજી યાદી તૈયાર કરી લેવામા આવી હોવાના અહેવાલો સામે આવવા પામી રહ્યા છે. આ બાબતે મળતી વધુ વિગતો અનુસાર ૧૦ જેટલા વધુ ગુનેગારોની સામે પણ કડકાઈભરી કાર્યવાહી કરવામા આવી શકે છે.

## કેનેડા નહી સુધરે : ચૂંટણીની જાહેરાત સાથે જ ભારત પર લગાવ્યો આરોપ

ઓટાવા : કેનેડાએ ચૂંટણી પહેલા ભારત પર અતિગંભીર આરોપો લગાવ્યા છે. કેનેડાનો આરોપ છે કે ત્યાંની ચૂંટણીમાં ભારત હસ્તક્ષેપ કરી શકે છે કારણ કે અત્યારે બંને દેશોના સંબંધ ખરાબ છે. સમાચાર એજન્સી રોયટર્સ અનુસાર કેનેડાની ગુપ્તચર એજન્સીનો દાવો છે કે ભારત, ચીન, રશિયા અને પાકિસ્તાન કેનેડાની ચૂંટણીમાં હસ્તક્ષેપ કરવાનો પ્રયાસ કરશે. નોંધનીય છે કે કેનેડાના નવા વડાપ્રધાન માર્ક કાર્નીએ આગામી ૨૮ એપ્રિલે ચૂંટણી યોજવાની જાહેરાત કરી છે. કેનેડાની ગુપ્તચર એજન્સી CSISના ઉપપ્રમુખ વેનેસા લોયડનો દાવો છે કે' કેનેડાની ચૂંટણીને પ્રભાવિત કરવા માટે ચીન તરફથી AIનો ઉપયોગ કરવામાં આવશે. તથા ભારત સરકારમાં પણ કેનેડાની લોકતાંત્રિક પ્રક્રિયા પર દખલ કરે તેવી ક્ષમતા છે.' નોંધનીય છે કે કેનેડાના પૂર્વ પીએમ ટ્રુડોની અવળચંડાઈના કારણે ભારત અને કેનેડાના સંબંધો હાલ અતિસંવેદનશીલ સમયથી પસાર થઈ રહ્યા છે. કેનેડામાં ખાલિસ્તાન સમર્થકોને ખુલ્લી છૂટ આપવામાં આવે છે. જેના કારણે કેનેડામાં સતત ભારત વિરોધી ગતિવિધિના આરોપો લાગુ ચૂક્યા છે. બીજી તરફ કેનેડાનો દાવો છે કે ભારતે કેનેડામાં ઘૂસીને ખાલિસ્તાની આતંકવાદી હરદીપ નિજ્જરની હત્યા કરાવી છે.

## નોકરી વાંચ્છુકો માટે મહત્વપૂર્ણ પહેલ : તમામ સરકારી ભરતી માટે 'એક જ પોર્ટલ' શરૂ થશે

અમદાવાદ : સરકારી નોકરીઓ માટે અરજી કરનારાઓ માટે સરકાર એક જ પોર્ટલ બનાવવાની યોજના પર કામ કરી રહી હતી. તેના માટે કાર્મિક રાજ્ય મંત્રી ડો. જિતેન્દ્ર સિંહની અધ્યક્ષતામાં બેઠક યોજાઈ. જેમાં આ વાત પર સહમતિ થઈ. તેમણે મિટિંગ બાદ ઘોષણા કરી કે સરકાર તમામ સરકારી ભરતીઓના એકીકૃત નોકરી અરજી પોર્ટલ વિકસિત કરવાની દિશામાં કામ કરી રહી છે.

આ પોર્ટલની મદદથી, સરકાર એવા લોકોને વધુ સુવિધા આપવા માંગે છે જેઓ નોકરી માટે વિવિધ પોર્ટલ પર માહિતી શોધતા રહે છે. આ પહેલ નોકરી શોધનારાઓની ઊર્જા અને સમય બચાવશે. આ નિર્ણય કર્મચારી અને તાલીમ વિભાગમાં યોજાયેલી ઉચ્ચ સ્તરીય બેઠકમાં લેવામાં આવ્યો છે.આ બેઠક દરમિયાન, કેન્દ્રીય મંત્રી જિતેન્દ્ર સિંહે જણાવ્યું હતું કે ભરતી પ્રક્રિયાને વધુ સરળ અને પારદર્શક બનાવવી પડશે જેના માટે તેમણે ટેકનોલોજી અને નવીનતાઓ અપનાવવાની સરકારની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો હતો.

## જાગો શેર હોલ્ડર્સ જાગો..!

# SRC જેવી મહાનસંસ્થામાંથી વધુ એક વખત ડીપીએ - પ્રશાસનને ઉલ્ટા ચશ્મા પહેરાવનારા છે કોણ? હવે તો ઓળખો!

**કેટલી હદે કુલડીમાં ગોળ ભંગાઇ રહ્યો છે, જુઓ તો ખરા..! ડીપીએ-પ્રશાસન તરફથી ફટકારરૂપ આપેલ પત્રનો આ મહાનસંસ્થાના બની બેઠેલાઓએ પ્રત્યુત્તરમાં આપ્યા ગેરમાર્ગ દોરતા જ જવાબો : ૯મી માર્ચે ડીપીએ પ્રશાસને લેખિતમાં પ્રશ્નો પુછયા, ૧૦મીએ આ મહાનસંસ્થાએ તેની આપેલી પ્રતિક્રીયાઓ સંકુલમાં અનેકવિધ મોરચે બની રહી છે ફિટકારનું કારણ**

THE SINDHU RESETTLEMENT CORPORATION LTD.
(Founders & Builders of Gandhidham-Adipur Township)
Regd. Office : ADIPUR (KUTCH) GUJARAT
CIN # U45300GJ1948PLC001115
Plot No.4 & 5, DC-3, Rampath Road, Adipur (Kutch) 370 205
Phone: (02836) 260403 -- Email : src@sindhu-src.org Web Site : www.sindhu-src.org

Ref.No. SRC/LD/Special Audit/2025/5031 Date: 10/3/25

To,
The Dy. Chief Engineer (Estate),
Deendayal Port Authority,
Gandhidham – Kutch.

Sub: Functions / Issues of Sindhu Resettlement Corporation – Reg.

Ref: (i) ES/GN/2012/2050 dated 04.05.2022.
(ii) ES/GN/2012-III/3046 dated 22.08.2024
(iii) SRC's reply vide letter no. SRC/LD/Special Audit/2022/1039 dated 25.05.2022.
(iv) SRC's reply vide letter no. SRC/LD/Special Audit/2024/2825 dated 11.09.2024.

Sir,

With reference to letter no. ES/GN/2012-III/982 dated 09.03.2025 received on 09.03.2025 (Sunday), it is to state that regarding compliance of Special Audit conducted in 2017, the observations raised under Special Audit Report and directions made by DPA vide its letters referred at (i) above, the SRC is in continuous correspondence with DPA vide letters referred above (iii and iv); the copies of same are enclosed for your kind reference.

Further with reference to DPA's letter dated 04.05.2022, it is stated that as regards to observations made at point nos. 1 to 14, some compliances have already been made and remaining compliances are also to be made as per the satisfaction of DPA.

It is not correct that SRC is not abiding with the directions / instructions of DPA as well as of the Ministry. We are sincerely trying to comply all the observations.

Regarding (a) of your letter under reference, it is to state that as per the policy decision taken by the Board of Directors, SRC has sent a proposal for regularization of the shares to DPA on 25/05/2022 rather than cancellation by issuing share at the value of Rs. 5,00,000/- which is currently pending at DPA. Out of 7, 4 parties had paid Rs. 5,00,000/- for share and share have been allotted for regularization and 3 parties had yet not paid it. Accordingly, the item nos. 11 and 12 has been put up in this Board Meeting to comply with the observations raised by Auditors under Para 11: **"Land given against Non-Virgin Shares"**.

Regarding item no. 22, it is to state that the matter is regarding resettlement of Cabin Holders in Ward 1-A at Adipur by change in layout plan subject to approval of the Chairman, DPA and subsequent approval of GDA as per the procedure. The item is being kept in this Board Meeting as per the recent site verification by Municipal Corporation to settle the issue of Cabin Holders. It was informed to Municipal Corporation that the proposal of resettlement of Cabin Holders will be put in Board Meeting and after approval of competent authority i.e. Chairman, DPA and GDA, the action will be taken by the SRC accordingly. However, as directed by the Dy. Chief Engineer (Estate) under letter no. ES/GN/2012-III/982 dated 09.03.2025, the item will be deferred in the today's Board Meeting.

Considering all above, it may please be noted that we are complying sincerely the Audit Paras for which your co-operation will be highly solicited.

Yours faithfully,
o/c
I/C General Manager

Encl: As above

Copy to: Chief Engineer,
Deendayal Port Authority,
Gandhidham – Kutch ...for kind perusal.

ગાંધીધામ : કચ્છ માત્ર જ નહી પરંતુ આખાય ગુજરાતની જે પ્રતિષ્ઠીત સંસ્થાઓની મોખરાની યાદીમાં જે મહાન સંસ્થાને સ્થાન અપાતુ રહે છે તેવી એસઆરસી તેના અમુક બની બેઠેલા ભ્રષ્ટ વહીવટદારો થકી ફરીથી ચર્ચામાં આવવા પામી ગઈ છે. હાલમાં પણ આ મહાન સંસ્થા સંચાલિત સિંધુભવનના એક કેસમાં પોલીસ તપાસ અને તેમાં આ જ સંસ્થાના બે શખ્સોની ધરપકડ થવી તથા તેમને મુકિત-જામીન મળવાના બદલે સતત જેલવાસ જ મળતો હોવાની સ્થિતીએ વધારે વિવાદના મધપુડાઓ છેંછેડી રહ્યુ છે.

આ બાબતે સહેજ વિગતે વાત કરીએ તો તા. ૧૧/૩/૨૫ના રોજ ના વાળા અહેવાલમાં તા. ડીપીએના તા. ૯/૩/૨૫વાળા જે પત્રનો ઉલ્લખે થયેલ તે અનુસંધાને બીજા દીવસે એટલે કે તા. ૧૦મી માર્ચના રોજ એસઆરસી જેવી મહાનસંસ્થામાં બોર્ડ મિટીંગ હોતા માત્ર ૧૮ કલાકમાં જુઠાણાઓ ચલાવી લીપાપોત્તીવાળા ખોટા સાચા જે જવાબો આપ્યા તેનાથી વધુ એક વખત ઉલ્ટા ચશ્મા પહેરાવાનો પ્રયાસ થયો હોય તેમ દર્શાય છે.

સામાન્ય રીતે ૧૮ વર્ષમાં કોઈ નીતી નિયમો કે કાયદાનુ પાલન કરવાની કોઈ પણ જાતની ટેવ ધરાવતી આ મહાનસંસ્થાની અમુક બની બેઠેલી ટોળકીના આ કૃત્ય પાછળ જે ચર્ચાઓએ જોર પકડયું છે તેનો તાગ મેળવતા જાણકાર કહી રહ્યા છે કે, સામાન્ય સંજોગોનું મુલ્યાંકન તો એવી રીતે કરાય કે આ પરીસ્થિતીમાં મીટીંગને જ રદ કરવી યોગ્ય હતી પણ શું થાય..! કોથરામાંથી બીલાડું જ કાઢવુ હતુ.

એકાદ મહીના પહેલા પાંચ પદો પર કર્મચારીઓની ભરતી માટે જે અરજીઓ મંગાવતી જાહેરાત વર્તમાન પત્રોમાં આપી તે પૈકી માત્ર એક પદ એટલે કે, જનરલ મેનેજરની નિમણુક માટે કરવો હતો ઠરાવ. ત્રણ વર્ષ પહેલા તત્કાલીકન જનરલ મેનેજર શ્રી સાજનાની ના રાજીનામા પછી ઓંચિતા ડીપીએ-કંડલાના જ નિવૃત અધિકારીની જરૂર ઓંચિતી કેમ ઉભી થઈ? હવે પછી સરકારી તંત્રને ઠગવાની ટોપીબીજા કોઈને પહેરાવવાની છે ગણતરીઓ?

પત્રમાં જણાવ્યા મુજબ પાંચ લાખ રૂપીયાના પ્રીમીયમવાળા શેરનો આખેઆખો વિષય જ ગોટાળા વાળો હોવાનું ચર્ચાય છે. આ શેર વ્યકિતગત રીતે એલોટ થયેલા પ્લોટોને લાગુ જ પડતો નથી. પત્રના બીજા ભાગમાં મહાનસંસ્થા એસઆરસીના કર્મચારીઓને આપેલ પ્લોટો પૈકી જે ૨૯ પ્લોટોની ફાળવણી રદ કરવાના હુકમને આ મહાનસંસ્થા એસઆરસીએ સાત-સાત વર્ષથી અદ્ધરતાલ લટકાવી રાખેલ છે. તેની વિગત જોતા ૧૦ પ્લોટો રદ કરવાનો મુદ્દો ઉપરોકત પત્ર મારફતે મુકવામાં આવેલ છે. જે મીટીંગ માટેના પ્રસ્તાવિત એજન્ડામાં તો કયાંય દેખાતો નથી. પત્રના છેલ્લા ભાગમાં મહિનો દિવસ પહેલા મહાનગરપાલીકાની દબાણ હટાવની કાગમીરીમાં દરમ્યાન ગીરી કરી એસઆરસીએ કેબીન ધારકોને કોઈ રીઝર્વ પ્લોટમાં બજાર બાંધી આપશે તેવી મીટીંગોના અનેક દોર ચલાવી આ બની બેઠેલી ટોળકીએ આર્થિક રીતે નબળા વર્ગના લોકોને જે આંબાઆંબલી દેખાડી અને કરોડોનો વકરો કરવાના જે અરમાનો સાથે દોડયા તેના પર પાણી જ ફરી વળ્યુ હોવાની સ્થિતી સર્જાઈ જવા પામી. તથા પોર્ટ તંત્ર અને ઓથોરીટીને જાણ કરીનેકહ્યુ કે, આ આખેઆખુ મોકુફ રાખીને ભોગગ્રસ્ત શહેરીજનોને પણ ઉલ્ટા ચશ્મા જ પહેરાવ્યા હતા. પત્રના છેલ્લા બે વાકયોમાં આ બની બેઠલી ટોળકીના ૩૦ વર્ષથી ચિર-પરિચીત એક તજજ્ઞએ ટીપ્પણી કરતા જણાવ્યુ હતુ કે, વીતેલા ૧૮ વર્ષની ગેરપ્રવૃતીઓ સુધારી રહ્યા છીએ એવી ૧૮ કલાકમાં કેફિયત આપી પોર્ટ ઓથોરીટીના હાલના ઉચ્ચ પ્રશાસનકારોને ઉલ્ટા ચશ્મા પહેરાવાની નાકામ કોશીષ કરી હોય તેમ દર્શાય છે. આ સુધારા આવનારા ૧૮ વરસોમાં પણ સંભવ નથી.

## દરોડા પડયા અમદાવાદના બંધ મકાનમાં અને દોડધામ આદિપુરવાળામાં કેમ મચી?

ગાંધીધામ : ત્રણ-ચાર દીવસ પહેલા અમદાવાદમા બનેલ એક બંધ રહેણાક મકાનમાં દરોડો પડયો, કરોડો રૂપીયાનો રોકડ પકડયા અંગેના સમાચારો માધયમોમાં વહેતા થયા હતા. અને યોગાનુ યોગ અમુક બની બેઠલા આદિપુરવાળાઓમાં દોડધામ મચી જવા પામી છે. તેના પાછળનુ કારણ અમદાવાદમાં રહેણાંક મિલ્કતો ધરાવતા અનેકનો મુકામ વિતેલા ત્રણ ચાર દીવસથી અમદાવાદ મધ્યે જ છે તો એ પણ સંયોગ હશે કે કેમ?

## શું સરકારે એસઆરસી દ્વારા બની બેઠલ ટોળકીએ આચરેલ ગેરરીતીની તપાસ માટે સીટની ન કરવી જોઈએ રચના?

ગાંધીધામ : તાજેતરમા જ સર્વોચ્ચ ન્યાયલાય દ્વારા બિલ્ડરો અને બેંકોની મીલીભગતવાળા મામલામાં સખ્ત ટીપ્પણી કરી સરકારને એસઆઈટી રચવા માટે નિર્દેશો આપ્યા છે. તો શું સરકારે સ્વયં ભુ સજ્ઞાન લઈ અને એસઆરસી જેવી મહાનસંસ્થામાં પણ અમુક બની બેઠલાઓએ આચરેલા કૌભાંડોની તપાસ સીટની રચના કરાવી ન કરવી જોઈએ? તેવો સવાલ પણ જાણકારવર્ગમાંથી ઉઠવા પામી રહ્યો છે.

## જેલવાસ ભોગવતો ડાયરેકટર તો વિસરાઈ જ ગયો!

ગાંધીધામ :મહીનાની શરૂઆતમાં બની બેઠેલ ટોળકીનેપોલીસ ખાતાના નિવેદન માટેના સમન્સ મળ્યા તે અનુસંધાને તા.૬/૩ના રોજ ૨૧ દીવસનો સમય માંગતો પત્ર તબીબી કારણોસર લખી બીજા દીવસથી અમુક બની બેઠલા ડાયરેકટર હળવા ફુલ જ થઈ ગયા. એક કલબ તરફ પાછો વળી ગયો, તો બીજાએ રોજ સામાજીક કાર્યક્રમોમાં હાજરી આપવા વાટ પકડી, ત્રીજો અમદાવાદના મારી રહ્યો છે આંટાફેરા, જેલવાસ ભાગવતા ડાયરેકટરને તો ભુલાવી જ દીધેલ હોય તેમ વર્તારો દર્શાય છે.

## ટોળકી ભેગુ તો કરી ગઈ, પણ ચાંઉ કોણ કરશે? સર્જાયો છે યક્ષ સવાલ

ગાંધીધામ : શહેર સંકુલમંથી સાંપડતા અહેવાલો અનુસાર અંદાજીત દસેક દીવસ પહેલા પ્રબુદ્ધ તથા મોટા વેપારીઓ પાસે આર્થીક યોગદાનના પણ ઉઘરાણાઓ કરવામા આવ્યા છે. જાણકારો કહી રહ્યા છે કે, ડાયરેકટર તરીકે અપોઈન્ટ થવા માટે મથી રહેલા ટોળકીના આળતીયા મળતીયા ભેગુ તો કરી ગયા, પણ લાભાર્થી કોણ? તે બન્યો છે કુતુહલનો મોટો વિષય.

## - તો અનેકગણા ભોપાળાઓ આવે બહાર?

ગાંધીધામ : એક ટીખ્ખળ ખોર શેરહોલ્ડરે કહ્યુ છે કે, ૩૦ સંસ્થાઓની જવાબદારી જેના ખભ્ભે છે, તેણે એસઆરસીના જે હાલ કર્યા છે, જો બીજી સંસ્થાઓની પણ થાય તપાસ તો અનેકગણુ બહાર આવી શકે તેવી વકી પણ સેવાઈ રહી છે.

## તમિલનાડુ સ્થિતી પવનચકકીના વેપલામાં શું રંધાઈ ગયુ?

ગાંધીધામ : એક જાણકારે બે વર્ષ અગાઉ એસઆરસી જેવી મહાનસંસ્થાના અમુક બની બેઠેલાઓએ વેચી દીધેલ તમિલનાડુ સ્થિત પવનચક્કીની વાત માંડતા કહ્યુ કે, ગયા વરસે યોજાયેલી સ્પેશ્યલ ઓડીટમાં હશે કે કેમ? પણ એટલી વાત તો નકકી છે કે, તે વેંચાણની પ્રક્રીયામાં પણ મોટો ગોલ માલ થવા પામ્યો હતો. અને ત્યારે અતિ આત્મવીશ્વાસમાં રાચતો કુશાગ્ર બુદ્ધીવાળો ડાયરેકટર છાતી ફુલાવીને ફરતો હતો? તેના પાછળનુ રહસ્ય શુ હતુ તે પણ વિચાર માંગી લે છે?

## આનાથી વધુ બીજા કયા બોલતા પુરાવા જોઈએ..!

## જુઓ પોલીસ માટે આ શખ્સ બિમાર છે, જયારે કે, એ જ રજા ચીઠ્ઠીના સમયમાં સંકુલના જાહેર કાર્યક્રમોમાં કરે છે નાચ-ગાન

**સિંધુભવન નેકસસકાંડ : તપાસનીશ અધીકારીઓગોર ફરમાવે : આ સંસ્થાના બની બેઠેલાઓ ઉલ્ટા ચશ્મા નહી તો આ શું પહેરાવ્યું? કેટલા બહુરૂપીયા અને કાંચીડાની જેમ રંગ બદલાતી મથરોટીવાળો છે આ બની બેઠલ શખ્સ..!**










ગાંધીધામ : એસઆરસી જેવી મહાનસંસ્થા સંચાલિત સિંધુભવનના નેકસસકાંડની તપાસ શરૂ થઈ, એસઆરસીના બે શખ્સોની ધરપકડ થઈ અને તે જ કેસમાં અન્યના નિવેદનો લેવાની વાત આવી ત્યારે આ પૈકીના અમુકે પોલીસને લેખિતમાં પત્રથી જાણ કરી કે અમે તબીબી સલાહ અનુસાર બીમાર છીએ, ખુબજ તાપ-તડકો અને ગરમી છે, અને નાદુરસ્ત તબિયતના લીધે ૨૧ દીવસ રજા પર છીએ,બીમાર હોવાથી નિવેદન નોધાવવા આવી શકીએ એમ નથી, આવુ લેખિતમાં તપાસનીશ પોલીસને આપ્યુ છે, હવે એ ૨૧ દીવસનો સમયકાળ પુરો થાય છે ૨૭મી માર્ચના રોજ, તે પહેલા રજા, બીમારીના દીવસો દરમ્યાન જ આ બની બેઠેલ મહાશય શહેર-સંકુલના વિવિધ જાહેર કાર્યક્રમોમાં, મંચ પર, રોડ-રસ્તાઓ પર ભર તડકામાં હાજરી આપતા ડોકાઈ જવા પામ્યા હોવાથી બરાબરના ઉધાડા પડવાની સાથે જ વધુ એક વખત તપાસશીનોને પણ ઉલ્ટા ચશ્મા જ પહેરાવતા હોવાનો ગણગણાટ વહેતો થવા પામી ગયો છે. બીમારીના કારણે નિવેદન આપવા નહી આવીએ, રજા પર છીએ તેવુ તા.૬ માર્ચના રોજ લેખિતમાં આ કેસના તપાસનીશેને પત્ર દ્વાર આ શખ્સે જણાવ્યુ, જયારે કે તા. ૭મી માર્ચ બીજા દીવસે મહીલા દીવસના કાર્યક્રમમાં જાહેર મંચ પર ફોટોમાં તે દ્રશ્યમાન થવા પામી ગયા હતા. તે પછી ૧૬મી માર્ચના સાહિત્યના એક કાર્યક્રમમાં પણ હાજર રહ્યો, ૨૩મીએ ગાંધીધામ સંકુલની પ્રખ્યાત ખાનગી હોટેલમાં તો એક કાર્યક્રમમાં તો આ મહાશય રીતસરનો ઝુમતો-નાચગાન કરતો જ જોવા મળી આવ્યો છે એથીય વધુ તો સીઆઈએસએફની સાયકલોથોનને આદિપુર ખાતે આ મહાશય ધોમધખતા તાપમાં સ્વાગત કરતો દેખાય છે. વિચાર તો કેટકેટલી હદે બધાયને આ શખસ મુર્ખ જ માની રહ્યો છે..તેનો આનાથી વિશેષ બોલતો પુરાવો બીજો શું હોઈ શકે?

# ગદ્દાર આણી ટોળકી હવે અમુક જમીન દલાલોને ડીપીએ-કંડલા સામે ઉશ્કેરવાના રચે છે કારસાઓ.!

**અગાઉ અમુક જમીન દલાલોથી ગદ્દારના આળતીયા-મળતીયાઓએ પૈસાઓ લઈ લીધા છે, જેઓના કામો હવે થતા નથી, એટલે ડીપીએને બદનામ કરવાના રચી રહ્યા છે કાવતરા : ડીપીએમાં અલગ અલગ મોરચા મોકલી અને પરેશાન કરવામાં આવતા હોવાનો દેખાય છે વર્તારો : જેના માટે પૈસા લીધા હતા, તે કામો તો ગદ્દાર આણી ટોળકીએ કરી જ ન આપ્યા, હવે ડીપીએ-કંડલામાં પણ કાર્યદક્ષ -પ્રજાભીમુખ ચેરમેન કાર્યરત હોવાથી ત્યાં કોઈ રીતે હવે ગદ્દારના આળતીયા-મળતીયાની જરા સહેજ પણ ચાલતી ન હોય તેમ દેખાય છે, પૈસા તો લીધા હતા તે ઉડાળી દીધા, પરત આપી શકે તેમ છે નહી, એટલે ડીપીએને હેરાન-પરેશાન કરવા અમુક દલાલોને એ તરફ મોરચા -રજુઆતો સ્વરૂપે મોકલી રહ્યા હોવાનો વર્તારો, જો કે જાણકારો આવા અમુક દલાલોને ચેતવતા ધરી રહ્યા છે લાલબત્તી કે, ગદ્દાર ટોળકીના દોરીસંચારમાં ન આવજો, વર્તમાન ચેરમેનશ્રી જરા સહેજ પણ ચલાવી લે તેવા નથી, કયાંક તમારો હવે રહ્યો સહ્યો ધંધો પણ ગદ્દારના હાથા બનીને ગુમાવવાનો વારો ન આવી જાય..!**

ગાંધીધામ : એસઆરસી જેવી મહાનસંસ્થામાં પાછલા અમુક સમયથી વિવાદ સતત સામે આવવા પામી રહ્યો છે. કેટલાક બની બેઠલાઓ પોતાના પગ તળે આવી રહેલા તપાસના રેલાને યેન કેન પ્રકારે અન્યત્ર ફંટાવવાની દીશામાં જ હવાતીયા મારી રહ્યા છે. આ મહાનસંસ્થામાં ગદ્દાર આણી ટોળકીના અથવા તો ગદ્દારના ઈશારે કૃત્યોને અંજામ આપનારાઓને તો અંતે જેલના સળીયા ગળવાની સ્થિતી-નોબત આવી જ જવા પામી છે, હવે ગમે તે ઘડીએ ગદ્દારનો ચોયણાં પણ કરેલા કૃત્યોના લીધે આવી તપાસના રેલાઓ લંબાય અને ભરાવવા પામી જાય તેવી આહટ અનુભવી ચૂકયો છે એટલે નીતનવા ગતકડાઓ આ ગદ્દાર અજમાવતો ફરી રહ્યો છે અને તે પૈકીનું જ એક નાટક આ ગદ્દારે અમુક જમીન દલાલોના ખભ્ભે બંદુર રાખી અને ડીપીએ-કંડલા પ્રશાસનને નિશાન બનાવવાનું ચાલુ રાખ્યુ હોય તેમ ચર્ચાય છે.

ગદ્દાર આણી ટોળકી પોતાના અમુક દલાલોને વારંવાર ડીપીએ-કંડલા પ્રશાસન સમક્ષ એક યા બીજા બહાને રજુઆતો કરવા મોરચા સ્વરૂપે મોકલી રહ્યા છે. કેમે કરીને જમીનોના દલાલોના કામો જે અટકેલા પડયા છે તે ડીપીએ-પ્રશાસનની અવળચંડાઈથી અટકયા હોવાનુ દેખાડી અને પોર્ટ પ્રશાસનને બદનામ કરવાના જ કારસા ગદ્દાર રચતો હોવાનુ દેખાવવા પામી રહ્યું છે.

આ મામલે જાણકારો કહી રહયા છે કે મહાનસંસ્થા એસઆરસીના અમુક બની બેઠેલાઓએ કેટલાક જમીન દલાલો પાસેથી તેમના કામો પેટે પૈસાઓ ઉઘરાવી લીધા છે, હવે ડીપીએ-કંડલામાથી આ કામો થતા નથી, એટલે આ મહાનાસંસ્થાના અમુક બની બેઠેલાઓ અમુક દલાલોને ઉશ્કેરી અને ડીપીએ કંડલાને બદનામ કરવાના પેંતરાઓ રચી રહ્યા છે. ડીપીએ-કંડલા પાસે જાવ, રજુઆતો કરો, તેના અધિકારીઓ કામ કરતા નથી.આવી ખોટી હવાઓ ઉભી કરતા જોવાઈ રહ્યા છે. હકીકતમાં ડીપીએ-કંડલા પ્રશાસન કે તેના અધિકારીઓએ કયાંય કોઈ મોટી રૂકાવટ કરેલી જ નથી. પરંતુ ગદ્દાર આણી ટોળકી જે નાણા લઈને બેઠા છે તે તો હવે તેમની પાસે બચ્યા નથી, કારણ કે પોતાના મનસ્વી નીતી-રીતીઓ અને ડંફાસોથી આવા કામો કરાવી દેવાની ખાત્રીએ નાણા ઉઘરાવી બેઠા હતા, હવે નાણા તો વપરાઈ ગયા છે, અને વર્તમાન સમયે ડીપીએ-કંડલાના વર્તમાન કાર્યદક્ષ ચેરમેન કોઈની પણ કોઈ જ પ્રકારની ગીધડ ધમકીઓ કે તુત તરકટોથી વિચલિત થાય તેમ નથી. તેઓ નખશી પ્રમાણીક અધિકારી છે. સરકારની ગુડ બુકમાં છે એટલે તો કંડલા જેવી જવાબદારી તેમને આપવામા આવી છે. અહી કોઈ જ પ્રકારની સીધી કે આડકરતકી ઉશ્કેરીઓ કે ખોટા કામો કરાવવાની પેતરા હવે ફાવે તેમ નજથી. ખરેખર તો અમુક ભ્રષ્ટ તત્વોનો હાથ બની રહેલા અમુક જમીન દલાલો પણ ચેતે કયાંક તેમને રહ્યો સહ્યો ખુદનો ધંધો ગુમાવવાનો પણ વારો આ ગદ્દાર ટોળકી થકી ન આવી જાય.?

## ગુજરાત વીધાનસભા ગૃહમાં કામકાજ સલાહકાર સમીતીનો અહેવાલ રજુ કરાયો

ગાંધીનગર : ગુજરાત વિધાનસભા ગૃહનું બજેટ સત્ર ચાલી રહ્યુ છે ત્યારે આજ રોજ કામકામજ સલાહકાર સમીતીનો અહેવાલ રજુ કરવામા આવ્યો હોવાના અહેવાલો સામે આવવા પામ્યા છે.

આ બાબતે મળતી વધુ વિગતો અનુસાર આજ રોજ ગૃહમાં કામકાજ સલાહકાર સમીતીનો નવમો અહેવાલ રજુ કરવામા આવ્યો છે.

## હડતાળી કર્મીઓ સામે સરકારે પગલા લીધા : ૪૦૬ કર્મીઓ કરાયા ટર્મિનેટ

ગાંધીનગર : ગાંધીનગર સત્યાગ્રહ સમીતીમાં પાછલા આઠ દીવસથી હડતાળ પર ઉતરેલા કર્મીઓ સામે સરકાર દ્વારા આકરા પગલા લેવામા આવી રહ્યા છે. કહડતામા જોડાયેલ આરોય કર્મીઓ ટર્મીનેટ કરવામા આવ્યા હોવાના અહેવાલો સામે આવવા પામી રહ્યા છે. આ બાબતે મળતી વધુ વિગતોઅનુસાર સાબરકાંઠા જિલ્લાના ૪૦૬ જેટલા આરોગ્ય કર્મીઓને છુટ્ટા કરી દેવામા આવ્યા છે. સરકારે તેઓની સામે પગલા લીધા છે.

## હિમાચલના નાયબ સીએમને લઈ જતું વિમાન લેન્ડિંગ ચૂકી ગયું

(એજન્સી દ્વારા) નવીદિલ્હી : દિલ્હીથી હિમાચલ પ્રદેશના નાયબ મુખ્યમંત્રી મુકેશ અગ્નિહોત્રી અને પોલીસ મહાનિર્દેશક અતુલ વર્મા સહિત ૩૦થી વધુ મુસાફરોને લઈને જતું વિમાન જુબ્બરહટ્ટી એરપોર્ટ પર રનવે પર લેન્ડિંગને બદલે આગળ નીકળી ગયું હતું. પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા અનુસાર વિમાન રનવે ઓળંગી ગયું અને રનવેની બાજુમાં આવેલા એક સ્ટડ સાથે અથડાયું હતું. સદનસીબે આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી.એરપોર્ટ અધિકારીઓએ જણાવ્યા મુજબ નિયમિત તપાસ પછી ફ્લાઈટે દિલ્હીથી ઉડાન ભરી હતી. ટેકનિકલ ખામી છે કે કેમ તે નક્કી કરવા માટે એન્જિનિયરો વિમાનનું નિરીક્ષણ કર્યું હતું.

## ખેડુતોને દીવસે વીજળી આપવા મુદ્દે ઉર્જામંત્રીનું મોટું નિવેદન



**દિવસે ખેડુતોને વિજળી આપવા માત્ર ૩ ટકા જ ખેડુતો બાકી છે, તમને આ લાભ ત્રણથી ચાર માસમાં જ મળતો થશે : કનુભાઈ દેસાઈ**

ગાંધીનગર : ગુજરાત રાજયના ઉર્જામંત્રીએ આજ રોજ ખેડુતોને દિવસે વિજળી આપવાના વિષય મામલે મોટુ નિવેદન આપ્યું છે. તેઓએ કહ્યુ છે કે, ખેડુતોને દીવસે વિજળી આપવામાં ૩ ટકા જેટલુ જ બાકી છે. તેમને ત્રણથી ચાર માસમાં આ લાભ આપવામાં આવી જશે.

## મહુવામાં ભાજપમાં આંતરિક ડખોઃ ૨૫માંથી ૧૮ સભ્યોનો બળવો, બજેટ પસાર ન થવા દીધું

મહુવા : મહુવામાં ભાજપના રાજકારણમાં 'ઘર ફૂટે ઘર જાય..' જેવી સ્થિતિનો જવાળામુખી ફાટીને બહાર આવ્યો છે. નગરપાલિકાની સામાન્ય સભામાં શાસક ભાજપના ૨૫માંથી ૧૮ સભ્યોએ બળવો કરી પાંચ કરોડના પુરાંતલક્ષી બજેટની વિરૂદ્ધમાં મતદાન કર્યું હતું. વિરૂદ્ધમાં મતદાન કરનારા સભ્યોનો સાથ બેઠકમાં હાજર રહેલા એક માત્ર કોંગ્રેસના સભ્યએ પણ આપ્યો હતો. આમ, બજેટની વિરૂદ્ધમાં બહુમતી સધાઈ હતી.

## ગાંધીના ગુજરાતમાં દારૂની રેલમછેલઃ ગિફ્ટ સિટીમાં ૨૪ હજાર લિટર વિદેશી દારૂ-બીયરનું વેચાણ

(પ્રતિનિધિ દ્વારા)

ગાંધીનગર : ગુજરાતમાં ઉદ્યોગો અને પ્રવાસનને પ્રોત્સાહન આપવાના બહાને ગુજરાત સરકાર પાછલા બારણે દારૂબંધી નાબૂદીનો ખેલ ખેલી રહી હોય તેવુ પ્રસ્થાપિત થઈ રહ્યું છે. ગિફ્ટ સિટીમાં દારૂ પીવાની છૂટછાટ અપાઈ છે. ગાંધીના ગુજરાતમાં દારૂબંધી અમલમાં છે ત્યારે ખુદ સરકારે જ સ્વીકાર્યું છે કે, વર્ષમાં ગિફ્ટ સિટીમાં કુલ મળીને ૨૪,૦૦૦ લિટર બીયર અને વિદેશી દારૂ પીવાયો છે.

તા.૩૦મી ડિસેમ્બર,૨૦૨૩ માં ગાંધીનગર સ્થિત ગિફ્ટ સિટીમાં દારૂ પીવા સરકારે છૂટછાટ આપી હતી. ગિફ્ટ સિટીમાં ફરજ બજાવતાં કર્મચારીઓ અને મુલાકાતીઓને વાઈન એન્ડ ડાઈન સુવિધા હેઠળ દારૂનું સેવન કરવાની મંજૂરી આપવામાં આવી હતી. રાજ્ય સરકારની દલીલ છે કે, ગિફ્ટ સિટીને વૈશ્વિક બિઝનેસ હબ તરીકે વિકસવવા નક્કી કરાયુ છે ત્યારે વિદેશી કંપનીઓ અને રોકાણકારોને આકર્ષવા માટે દારૂ પીવાની છૂટ અપાઈ છે. છેલ્લાં એક જ વર્ષમાં ગિફ્ટ સિટીમાં કેટલો વિદેશી દારૂ-બીયર વેચાયો તે અંગે વિપક્ષના નેતા અમિત ચાવડાએ સવાલ ઉઠાવ્યો હતો ત્યારે સરકારે ખુલાસો કર્યો કે, વેસ્ટર્ન ઈન્ડિયા રિક્રિએશન પ્રોજેક્ટ પ્રાઈવેટ લિમિટેડ અને ધ ગ્રાન્ડ મરક્યુરીને ગિફ્ટ સિટીમાં દારૂના વેચાણ માટે લાયસન્સ આપવામાં આવ્યાં છે. -

## અંજારના ચકચારી બળાત્કાર કેસમાં આરોપીના આગોતરા જામીન મંજૂર

અંજાર : શહેરના પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ બળાત્કારના કેસમાં અંજારની અદાલતે આગોતરા જામીન મંજૂર કર્યા છે.

આ કેસની વિગતો મુજબ આરોપી પરેશ રામનારાયણ લબા વિરૂદ્ધ અંજાર પોલીસમાં ફરિયાદ નોંધાઈ હતી. જેમાં આરોપીએ ફરિયાદી સાથે તેની મરજી વિરૂદ્ધ બદકામ કરવાના ઈરાદાથી તથા તેના પતિને કહી દેવાની ધમકી આપી તેણીના ઘરે આવી મરજી વિરૂદ્ધ અવાર-નવાર બળજબરીથી અવાર-નવાર શારીરિક સંબંધ બાધી બળાત્કાર કરી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આરોપી વિરુદ્ધ ભારતીય ન્યાય સંહીતાની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધાયો હતો. આરોપીએ અંજાર એડિશન શેસન કોર્ટમાં આગોતરા જામીનની અરજી દાખલ કરી હતી. અદાલતે કેસના સંજોગો અને આરોપીના વકીલ મહમદ ઈકબાલ એ. દેદાની દલીલોને આધારે આગોતરા જામીન મંજૂર કર્યા હતા.

## ૭૨મી ઓલ ઈન્ડિયા પોલીસ એકવેટીક ક્લસ્ટર ચેમ્પિયનશિપ સ્પર્ધાનો પ્રારંભ કરાવતા ગુજરાત રાજ્યના પોલીસ વડા વિકાસ સહાય

**રાજ્યો વચ્ચે એકતાની ભાવનાને પ્રોત્સાહિત કરવા ખેલકૂદનું માધ્યમ ખૂબ જ પ્રભાવશાળી, યુનિફોર્મ સર્વિસમાં હંમેશા ખેલકૂદને અગ્રીમ સ્થાન આપવામાં આવી રહ્યું છેઃ રાજ્યના પોલીસ વડા વિકાસ સહાય**







ગાંધીનગરઃ ગુજરાતમાં પ્રથમ વાર યોજાઈ રહેલી ૭૨મી ઓલ ઈન્ડિયા પોલીસ એકવેટીક ક્લસ્ટર ચેમ્પિયનશિપ સ્પર્ધાનો આજે ગુજરાત રાજયના પોલીસ વડા શ્રી વિકાસ સહાયે સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા, ગાંધીનગર ખાતેથી પ્રારંભ કરાવ્યો હતો.દેશના વિવિધ રાજ્યોમાંથી આ સ્પર્ધામાં સહભાગી થવા પધારેલા તમામ સ્પર્ધકોનું ગુજરાત સરકાર અને ગુજરાત પોલીસ તરફથી સ્વાગત કરતા ગુજરાત રાજ્યના પોલીસ વડા શ્રી વિકાસ સહાયે કહ્યું હતું કે, મહાત્મા ગાંધીજી અને સરદાર પટેલની આ ભૂમિ પર ઓલ ઈન્ડિયા પોલીસ એકવેટીક ક્લસ્ટર ચેમ્પિયનશિપ સ્પર્ધાનું આયોજન કરવા બદલ ઓલ ઈન્ડિયા પોલીસ સ્પોર્ટ્સ કંટ્રોલ બોર્ડ તથા સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સના વડાશ્રીનો આભાર વ્યક્ત કરું છું. વિકાસ સહાયે ઉમેર્યું કે, દેશની અને રાજ્યની આંતરિક સુરક્ષામાં રાજ્ય પોલીસ દળ તેમજ કેન્દ્રીય પોલીસ દળનું યોગદાન સર્વશ્રેષ્ઠ છે. એકબીજાના સંકલન થકી સૌ સાથે મળીને આ જવાબદારી નિભાવી રહ્યા છે તેનું આ પરિણામ છે. રાજ્યો વચ્ચે એકતાની ભાવનાને પ્રોત્સાહિત કરવા ખેલકૂદનું માધ્યમ ખૂબ જ પ્રભાવશાળી છે, ત્યારે યુનિફોર્મ સર્વિસમાં હંમેશા ખેલકૂદને અગ્રીમ સ્થાન આપવામાં આવી રહ્યું છે. ભારતના તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના પોલીસ દળ તેમજ સેન્ટ્રલ આર્મ્ડ પોલીસ ફોર્સના જવાનો વચ્ચે વિવિધ રમત-ગમત સ્પર્ધાઓનું આયોજન દર વર્ષે ઓલ ઈન્ડિયા પોલીસ સ્પોર્ટ્સ કંટ્રોલ બોર્ડ દ્વારા કરવામાં આવે છે. રમતોને અલગ અલગ ક્લસ્ટરમાં વહેંચીને તેની યજમાની વિવિધ રાજ્યોમાં સ્થિત પોલીસ દળને સોંપીને, આ સ્પર્ધાઓ ભારતભરમાં યોજવામાં આવે છે. આ વર્ષે એક્વેટિક ક્લસ્ટરની સ્પર્ધાઓનું આયોજન ગુજરાતમાં કરવામાં આવ્યું છે. જેની યજમાની ગુજરાત યુનિટ સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સ ગુજરાત યુનિટ કરી રહ્યું છે.આ સ્પર્ધામાં આંદામાન નિકોબાર પોલીસ, આંધ્રપ્રદેશ પોલીસ, આસામ પોલીસ અને આસામ રાઈફલ્સ, બોર્ડર સીકયોરીટી ફોર્સ, છત્તીસગઢ પોલીસ, સી.આઈ.એસ. એફ, સી.આર.પી.એફ, ગુજરાત પોલીસ, હરિયાણા પોલીસ, ઈન્ડો તિબેટીયન બોર્ડર પોલીસ, જમ્મુ- કાશ્મીર પોલીસ, ઝારખંડ પોલીસ, કર્ણાટક પોલીસ, કેરાલા અને મહારાષ્ટ્ર પોલીસ, એન.ડી.આર.એફ, ઓડીશા, રાજસ્થાન, તમિલનાડુ, ઉત્તરાખંડ, પશ્રિમ બંગાળ, તેલંગણા, ઉત્તર પ્રદેશ અને પંજાબ પોલીસ, રેલ્વે પ્રોટેકશન ફોર્સ, એસ.એસ.બીના ૭૦૪ સ્પર્ધકો ભાગ લઈ રહ્યા છે. આ સમારોહમાં સી.આર.પી. એફ સ્પે. ડીજીપી વિતુલકુમાર, સી.આર.પી.એફ સાઉથ ઝોન એડિશનલ ડી.જી.પી શ્રી રવિદિપ સિંઘ શાહી, I.B એડિશનલ ડી.જી.પી શ્રી રાજીવ આહીર, ગુજરાતના એડિશનલ ડી.જી.પી શ્રી શ્રી રાજુ ભાર્ગવ, વેસ્ટર્ન સેકટર સી,આર.પી. એફ શ્રી વિરેન્દ્ર અગ્રવાલ સહિત મહાનુભાવો તેમજ વિવિધ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના પોલીસ દળ તેમજ સેન્ટ્રલ આર્મ્ડ પોલીસ ફોર્સના સ્પર્ધક જવાનો ઉપસ્થિત રહ્યા હતા.

## વિધાનસભાના દ્વારેથી...

### કચ્છ જિલ્લામાં નર્મદાના એક મિલિયન એકર ફીટ પાણીના વિતરણ માટેની યોજના શરૂ કરવામાં આવેલ છે



ગાંધીનગરઃ કચ્છ જિલ્લામાં ૩૧-૧૨-૨૦૨૪ ની સ્થિતિએ નર્મદાના પૂરના વધારાના એક મિલિયન એકર ફીટ પાણીના વિતરણ માટેની યોજના શરૂ કરવામાં આવેલ છે. જે અંતર્ગત નખત્રાણા લખપત અને અબડાસા તાલુકાના ગામોને પણ સિંચાઈનો લાભ મળનાર છે તેમ રાજયના જળ સંપતિ મંત્રીએ અબડાસાના ધારાસભ્ય પ્રદ્યુમનસિંહ જાડેજાએ પૂછેલા એક લેખિત તારાંકિત પ્રશ્નના ઉત્તરમાં જણાવીને કહ્યું હતું કે રૂ ૯૭,૨૮૫,૨૦ લાખનો ખર્ચ આ યોજના પાછળ થયેલ છે. તેમણે ઉમેર્યું હતું કે આ કામગીરી ડિસેમ્બર ૨૦૨૬ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

### કચ્છ જિલ્લાના નખત્રાણા અને અબડાસા તાલુકામાં કુલ આઠ ચેકડેમ બાંધવામાં આવ્યા

ગાંધીનગરઃ છેલ્લા બે વર્ષમાં કચ્છ જિલ્લાના નખત્રાણા તાલુકામાં ૫ ચેકડેમ બાંધવામાં આવ્યા છે જેની પાછળ રૂ ૬૯.૮૦ લાખ અને અબડાસા તાલુકામાં ૩ ચેક ડેમ બાંધવામાં આવ્યા છે જેની પાછળ રૂ ૧૪.૮૯ લાખનો ખર્ચ થયેલ છે એમ રાજયના જળ સંપતિ મંત્રીએ અબડાસાના ધારાસભ્ય પ્રદ્યુમનસિંહ જાડેજાએ પૂછેલા એક લેખિત તારાંકિત પ્રશ્ન ના ઉત્તરમાં જણાવ્યું હતું.

### કચ્છના માંડવી બંદરને ડ્રેઝિંગ કરવામાં આવેલ નથી

ગાંધીનગર : છેલ્લા બે વર્ષમાં કચ્છના માંડવી બંદર ને ડ્રેઝીંગ કરવામાં આવેલ નથી એમ રાજયના બંદર વિભાગના મંત્રીએ માંડવીના ધારાસભ્ય એ પૂછેલા એક લેખિત તારાકિત પ્રશ્નના ઉત્તરમાં જણાવીને જણાવ્યું હતું કે કચ્છના માંડવી બંદરે ગત બે વર્ષમાં કોઈપણ પ્રકારના માલ સામાનનું પરિવહન થયેલ નથી તેમજ માંડવીની સામુદ્રિક તેમજ ભૌગોલિક સ્થિતિ જોતા હાલમાં તેમજ ભવિષ્યમાં પણ માંડવી બંદર ખાતે માલ સામાન પરિવહનની શક્યતા જણાતી ન હોય હાલ પૂરતું ડ્રેઝિંગ કરવું પોષણક્ષમ નથી.


### કચ્છ જિલ્લામાં હયાત ફીડરનું વિભાજન કરી ૯૨ નવા ફીડર કરવામાં આવ્યા

ગાંધીનગરઃ કચ્છ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં વીજ ગ્રાહકોને ગુણવત્તા યુક્ત અને પૂરતા દબાણથી વીજ પુરવઠો મળે તે માટે હયાત ફીડરનું વિભાજન કરીને ૯૨ નવા ફીડર કરવામાં આવ્યા હોવાનું રાજયના ઉર્જા મંત્રીએ માંડવીના ધારાસભ્યે પૂછેલા એક લેખિત તારાંકિત પ્રશ્ન ના ઉત્તરમાં જણાવીને જણાવ્યું હતું કે આ માટે રૂ ૭૪૦.૬૯ લાખનો ખર્ચ થયો છે.

## ગજોડ પાસે ભુજના યુવાનનો દેહ મળ્યો : ઘુંટાતું રહસ્ય

**ગતરોજ તેના પિતાએ એ ડિવિઝનમાં મારામારીની ફરિયાદ લખાવેલી : રાત્રે હતભાગી યુવાને ઈન્સ્ટાગ્રામમાં વીડીયો અને નોટસ અપલોડ કરી પારીવારીક કંકાસ વર્ણવ્યો : સવારે ગજોડ ડેમ પાસે લાશ મળી : નજીકમાં છરી અને પાર્ક એક્ટિવા સાથે બેગ મળી આવ્યું : પ્રાગપર પોલીસે એફએસએલની મદદ લઈ તમામ દિશાઓમાં તપાસ આરંભી**





ભુજ : પુરૂષ પરિવારને સાચવવા અને જરૂરીયાત પુરી કરવા માટે કાળી મજુરી કરી લેશે. તેના બદલામાં તેને ઘરમાં શાંતિ અને પ્રેમભાવ જોઈએ. પરંતુ છેલ્લા કેટલાક સમયથી બની રહેલી ઘટનાઓ પુરૂષોને અંદરથી મરવા માટે મજબુર કરી દે છે. તાજેતરમાં નેવીમાં નોકરી કરતા યુવાનને તેની પત્નિએ પ્રેમી સાથે મળી હત્યા કરી ડ્રમમાં લાશ નાખી સીમેન્ટ પુરી નાખી હતી. આવી ગંભીર ઘટનાઓ વધી રહી છે. પરંતુ પુરૂષો અંદરોઅંદર સહન કરતા હોય છે. તેવામાં આજે પશ્રિમ કચ્છમાં સામે આવેલી બે ઘટના ચિંતાજનક છે. પરિવાર માટે દિવસ - રાત મહેનત કરતા સુગારીયાનો યુવાન બીમારી સામે જિંદગીની જંગ હારી ગયો અને જે કમાવીને આપતી રોજીરોટી સમાન ટ્રકમાં અંતિમ પગલું ભર્યું હતું. બીજીતરફ ભુજમાં રહેતા યુવાનનો ગજોડ ડેમ પાસે મૃતદેહ મળ્યો છે. જેમાં હત્યા કે આત્મહત્યાના ઘુંટાતા રહસ્ય વચ્ચે આ યુવાને વીડિયો અને લેખીત સંદેશ બનાવી સોશિયલ મીડીયામાં ગત રાત્રે અપલોડ કર્યો હતો અને આજે સવારે તેનો મૃતદેહ મળી આવ્યો હતો. જે ઘટનાએ નવો વળાંક સર્જ્યો છે.

આ બાબતે પોલીસ સુત્રોના કહેવા મુજબ મુંદરાના તુંબડી નજીક ગજોડ ડેમ પાસે આ ઘટના બની હતી. જેમાં રસ્તાની સાઈડમાં ડબલ સ્ટેન્ડ પર એક્ટિવા ચડાવેલી છે અને આગળ બેગ રાખેલું છે અને નજીકમાં છરી મળી આવી અને યુવાન લોહી લુહાણ હતો. જે રીતનું વર્ણન છે તે પ્રમાણે યુવાન નોકરીએ જતો હોય તેવું જણાઈ આવ્યું હતું. તપાસ કરાવતા તે ભુજની લાભશુભ સોસાયટીમાં રહેતો અનશુલ ધીરજભાઈ ગોહિલ હોવાનું સામે આવ્યું હતું. શરૂઆતમાં માનકુવા અને પ્રાગપર પોલીસ વચ્ચે હદની વિસંગતતા થઈ હતી, પરંતુ બાદમાં તુંબડી ગામ હોવાથી પ્રાગપર પોલીસે તપાસ આગળ ધપાવી છે. પીઆઈ ડી.ડી. સીંપીથી વાત કરતા તેમણે જણાવ્યું કે, મૃતદેહને પીએમ માટે મુંદરાની સરકારી હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો છે. આત્મહત્યા કે હત્યા તે બાબતે એફએસએલની મદદ લેવાઈ હોવાનું ઉમેર્યું હતું. ઘુંટાતા રહસ્ય બાબતે ગઈકાલે રાત્રે ઈન્સ્ટાગ્રામ પર આ યુવાને અપલોડ કરેલો વીડીયો સોશિયલ મીડીયામાં સામે આવ્યો હતો. જેમાં પારીવારીક કંકાસથી તે ત્રસ્ત બન્યો હોવાનું જણાવે છે.

વીડીયોમાં અનશુલ કહે છે કે, ભારતના કાયદા સાચા લોકોની સમર્થનમાં નથી, તમે નિર્દોષ છો એટલે જ તમે ગુનેગાર છો. હું છેલ્લા ૧૧ વર્ષથી શારીરિક - માનસિક, સોશિયલ હેરેસમેન્ટનો શિકાર બન્યો છું. જયારે તમે આ વીડીયો જોશો ત્યારે હું આ દુનિયામાં નહી હોઉં. મારી જિંદગીમાં જે સારી પળો રહી અને જેમાં સહકાર મળ્યો તે સૌનું આભાર માનું છું અને જવાબદાર વ્યક્તિઓના નામ પણ લખ્યા હતા. ટાઈપીંગ કરીને જીવનની વાર્તા લખવામાં આવી છે. જેમાં જન્મથી લઈ અત્યાર સુધી પરિવારના સભ્યો તેમજ અન્ય લોકોએ કઈ રીતે ત્રાસ આપ્યો તે સહિતની તમામ બાબતો તેમાં વર્ણવી છે. જિંદગીથી કંટાળી જતા આ પગલું ભર્યું હોય તેમ માનવામાં આવે છે પણ પોલીસ દરેક દિશામાં તપાસ કરી રહી છે. દરમ્યાન ગતરોજ ભુજના પ્રમુખસ્વામીનગરમાં રહેતા તેના પિતાએ એ ડિવિઝનમાં પુત્ર સામે જ ઘરે આવી મકાન બાબતે મારામારી કરી હોવાની ફરિયાદ નોંધાવી હતી. એ ડિવિઝનમાં દાખલ થયેલી ફરિયાદ તે બાદ વીડીયો અપલોડ થવો અને સવારે દેહ મળી આવતા પોલીસ ખુદ હાલ અસમંજસતામાં મુકાઈ ગઈ છે. તમામ તાણાવાણાઓ એકત્ર કરવા સાથે પુછપરછના આધારે તપાસ આગળ ધપાવવામાં આવી છે.

## ગાગોદરમાં જુગાર રમતા ત્રણ પકડાયા

રાપર : તાલુકાના ગાગોદરથી કાનમેર જવાના રસ્તા પર આવેલ પરબની બાજુમાં જુગાર રમતા ત્રણ જણા પકડાયા હતા. જેમાં ભરતભાઈ સામજીભાઈ પ્રજાપતિ, ભાવેશભાઈ સોમાભાઈ વાઘેલા અને મહેશ ઉર્ફે ગુંડો રામજીભાઈ વાઘેલાનો સમાવેશ થાય છે. રોકડા રૂા. ૧૨૯૩૦ કબજે કરાયા હતા. જયારે શંકર ભુરાભાઈ કોલી ભાગી જવામાં સફળ રહ્યો હતો.

## સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ અત્યાર સુધીમાં કુલ રૂ. ૭૯,૧૭૯ કરોડનાં શહેરી વિકાસનાં કામો કરવામાં આવ્યાં છેઃ ઋષિકેશ પટેલ

ગાંધીનગરઃરાજ્યમાં ભૂગર્ભ ગટર યોજના અને શહેરી વિકાસ યોજના અંગે વિધાનસભા ગૃહમાં પૂછાયેલા પ્રશ્નનો મુખ્યમંત્રી વતી પ્રત્યુત્તર આપતાં મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું કે અમૃત મિશન ૧.૦ હેઠળ વર્ષ ૨૦૧૫થી ૨૦૨૧ દરમિયાન કુલ રૂ. ૫૧૬૫.૯૬ કરોડનાં કામો હાથ ધરવામાં આવ્યાં હતાં, જ્યારે વર્ષ ૨૦૨૧થી અમૃત મિશન ૨.૦ હેઠળ અમલી છે.

જે અંતર્ગત અત્યાર સુધીમાં કુલ રૂ. ૧૭,૭૧૭ કરોડનાં કામો કરવામાં આવ્યાં છે. આ સિવાય, સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ વર્ષ ૨૦૨૫-૨૬ માટેની સૂચિત જોગવાઈ સહિત અત્યાર સુધીમાં કુલ રૂ. ૭૯,૧૭૯ કરોડનાં શહેરી વિકાસનાં કામો કરવામાં આવ્યાં છે. આ અંગે વિગતવાર માહિતી આપતાં મંત્રીએ જણાવ્યું કે ગુજરાત રાજ્યની સ્થાપનાનાં ૫૦ વર્ષની ઉજવણીના ભાગરૂપે અને વધતી જતી શહેરીકરણની ઝડપ અને તે અન્વયે ઉપસ્થિત થયેલા પડકારોને પહોંચી વળવા રાજયના શહેરોના સર્વાંગી વિકાસ માટે વર્તમાન વડાપ્રધાન અને રાજયના તત્કાલિન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા વર્ષ ૨૦૦૯માં સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અમલમાં મૂકવામાં આવી હતી તેમ મંત્રીશ્રીએ જણાવ્યું હતું.

સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત રાજકોટ જિલ્લાની ભાયાવદર, ધોરાજી તથા જસદણ નગરપાલિકાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે.

જે અંતર્ગત ધોરાજી નગરપાલિકાની વિગતો આપતાં મંત્રી શ્રી પટેલે જણાવ્યું હતું કે ભૂગર્ભ ગટર યોજના (ભાગ-૨)માં પમ્પિંગ સ્ટેશન, ડી.આઈ. તથા આર.સી.સી. પાઈપલાઈન, પમ્પિંગ મશીનરી, કમ્પાઉન્ડ વોલ તથા બે વર્ષ મરામત અને નિભાવણીનાં કામો આવરી લેવામાં આવ્યાં છે. આ માટે તા. ૨૭ જૂન, ૨૦૨૪ના પત્રથી ગુજરાત શહેરી વિકાસ કંપની દ્વારા વર્કઓર્ડર આપવામાં આવ્યો છે, જેની ૬૫ ટકા કામગીરી પૂર્ણ થઈ છે તેમ તેમણે ઉમેર્યું હતું.

## રાજ્યની તમામ નગરપાલિકાઓમાં વીજ ખર્ચ ઘટાડવા અને પર્યાવરણને અનુકૂળ ગ્રીન એનર્જી વધારવા સરકાર કટિબદ્ધ : ઋષિકેશ પટેલ

ગાંધીનગરઃ ગુજરાત વિધાનસભામાં બારેજા નગરપાલિકાના પંપીંગ સ્ટેશન ખાતે સૌર ઉર્જાથી વીજળી પૂરી પાડવા સંદર્ભે પૂછાયેલા પ્રશ્નના જવાબમાં મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે,બારેજા નગરપાલિકા તરફથી કુલ ૧૩ સ્થળો પર સોલાર પ્લાન્ટ સ્થાપવા માટેની રજુઆત મળેલ હતી. જેમાં ૮-ટ્યુબવેલ, ૪-પમ્પીંગ સ્ટેશન, ૧-STPનો સમાવેશ થાય છે. બારેજા નગરપાલીકાના મહિજડા પાટીયા એસ. ટી.પી. ખાતે ૯૯ કિલોવોટ ક્ષમતાના રૂ. ૮૬.૨૧ લાખના ખર્ચે સોલાર પાવર પ્રોજેક્ટના પ્રસ્થાપનની કામગીરી પ્રગતિ હેઠળ છે. જે કામગીરી તા. ૩૧.૦૩.૨૦૨૫ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

આ પ્રોજેક્ટ થકી વાર્ષિક ૧,૪૪,૦૦૦ યુનિટ વીજળી ઉત્પન્ન થવાનો અંદાજો છે.

મંત્રી ઋષિકેશ પટેલે વધુમાં જણાવ્યું હતું કે, સ્વર્ણિમ જયંતી મુખ્ય મંત્રી શહેરી વિકાસ યોજના (જીન્નસ્સ્જીફરૂ) હેઠળ રાજયના શહેરોમાં પાણી પુરવઠા અને ભૂગર્ભ ગટર યોજનાના અસરકારક અને કાર્યક્ષમ અમલીકરણ ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ તથા ગુજરાત શહેરી વિકાસ કંપની લિ. દ્વારા કરવામાં આવી રહ્યા છે. ભૂગર્ભ ગટર યોજના અંતર્ગત ગંદા પાણીના શુદ્ધિકરણ માટે સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટનું તથા પાણી પુરવઠા યોજનામાં પીવાના પાણી શુધ્ધીકરણ માટે વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટનું આયોજન કરવામાં આવ્યું છે.

સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ, વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ, પંપીંગ સ્ટેશન વગેરેના સંચાલનમાં વીજ વપરાશ ખૂબ અગત્યનો ભાગ ભજવે છે, જે નગરપાલિકાઓના જંગી રકમના વીજ બીલથી ખુબ જ આર્થિક ભારણમાં પરિણમે છે. આ સમસ્યાને પહોંચી વળવા, ગુજરાત રાજ્યની નગરપાલીકાઓ આત્મનિર્ભર બની શકે તથા તમામ યોજનાઓ સ્વંયમ સંચાલિત થઈ શકે તે માટે સરકારશ્રી દ્વારા જી, ઉ, દ્વૈહજ્ઞ જીંર્દ્બૈહ, વોટર વર્કસ/નગરપાલિકા માલિકીના બાંધકામ ક્ષેત્રના પરિસરમાં સોલાર પ્લાન્ટ દ્વારા વીજ ઉત્પાદન કરીને બાહ્ય વીજ વપરાશને ઓછો કરવા માટે સરકારશ્રી દ્વારા સોલાર પ્લાન્ટ સ્થાપવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

## છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં બિન ખેતી માટેની પરવાનગી માંગતી કુલ ૧,૩૭૦ અરજીઓ મંજૂર : બલવંતસિંહ રાજપૂત

ગાંધીનગરઃ વિધાનસભા ગૃહમાં ધારાસભ્ય દ્વારા પૂછાયેલા પ્રશ્નનો મુખ્યમંત્રીશ્રી વતી જવાબ આપતા ઉદ્યોગ મંત્રી શ્રી બલવંતસિંહ રાજપૂતે જણાવ્યું કે છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં બિન ખેતી માટેની પરવાનગી માંગતી કુલ ૨,૧૫૪ જેટલી અરજીઓ મળી છે, જેમાંથી રાજ્ય સરકાર દ્વારા ૧,૩૭૦ અરજીઓ મંજૂર કરવામાં આવી છે.

મંત્રી એ તાલુકાવાર વિગતો આપતા જણાવ્યું કે સાબરકાંઠા જિલ્લામાં મળેલી કુલ અરજીઓમાંથી હિંમતનગર તાલુકામાં ૬૨૭ અરજીઓ, ઈડરમાં ૧૯૮, વડાલીમાં ૮૯, ખેડબ્રહ્મામાં ૫૫, પ્રાંતિજમાં ૨૧૨, વિજયનગરમાં ૦૮, પોશીનામાં ૧૨ અને તલોદ તાલુકામાં ૧૬૯ એમ કુલ ૧,૩૭૦ અરજીઓ મંજૂર કરવામાં આવી છે.

ઉદ્યોગ મંત્રી એ પેટા પ્રશ્નનો પ્રત્યુત્તર આપતા જણાવ્યું કે બિનખેતી પરવાનગીની સમગ્ર પ્રકિયા ૯૦ દિવસની વૈધાનિક મર્યાદામાં પૂર્ણ કરવાની રહે છે. પરંતુ સેન્ટ્રલ પી.એસ.ઓ. યુનિટ, સચિવાલય, ગાંધીનગર દ્વારા અરજીની પૂર્વ ચકાસણી કરી અરજી હેઠળની વિગતો અને મહેસૂલ રેકર્ડ ચકાસી અરજીને ગ્રીન ચેનલ અંતર્ગત ૧૦ દિવસમાં, યલો ચેનલમાં ૪૫ દિવસમાં અને રેડ ચેનલમાં ૯૦ દિવસની સમયમર્યાદામાં નિકાલ કરવામાં આવે છે.

રાજયના નાગરિકોને ઘરે બેઠા સરળતાથી સેવાઓ પુરી પાડવા ડિજિટલ ગુજરાતની દિશામાં રાજ્ય સરકારે અનેક નક્કર કદમ ઉઠાવ્યા છે. જેના પરિણામે મહેસૂલ વિભાગ દ્વારા બનાવાયેલા આઇ-ઓરા પોર્ટલ પર જનહિતલક્ષી વિવિધ મહેસૂલી સેવાઓને ઓનલાઈન કરી સરળ, ઝડપી અને પારદર્શી કરવામાં આવી છે, તેમ મંત્રીએ ઉમેર્યું હતું.

## ગાંધીનગરમાં રાજ્યભરના વ્યાયામ શિક્ષકોની કાયમી થવા 'કસરત' કોન્ટ્રાક્ટ પ્રથા રદ્ કરવાની માગ સાથે ધરણા

(પ્રતિનિધિ દ્વારા)

ગાંધીનગર : ગાંધીનગરમાં એક તરફ આરોગ્ય કર્મીઓ છેલ્લા આઠ દિવસથી આંદોલન કરી રહ્યા છે, તો બીજી બાજુ વ્યાયામ શિક્ષકો પણ પોતાની પડતર માંગને લઈને કાયમી ભરતીની માગ સાથે વિરોધ પ્રદર્શ શરૂ કર્યુ છે. આંદોલનકારીઓનો દાવો છે કે છેલ્લા ૧૫ વર્ષથી વ્યાયામ શિક્ષકોની ભરતી કરવામાં આવી નથી. જેથી સરકારે કરાર આધારિત ભરતી બંધ કરી કાયમી ભરતી કરે તેવી માંગ કરી રહ્યા છે. આંદોલનને ધ્યાનમાં રાખી પોલીસનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે. પોલીસ તંત્ર એલર્ટ મોડમાં આવી ગયું છે. તો વ્યાયામ શિક્ષકો પણ પોતાની માગને લઈને અડગ છે અને માગ નહીં સંતોષાય ત્યાં સુધી ગાંધીનગર નહીં છોડીએ તેવી ચિમકી ઉચ્ચારી છે.ગુજરાત રાજયમાં વ્યાયામ શિક્ષકો માટે 'ખેલ સહાયક યોજના' અમલમાં મૂકી છે જેનો તે સ્વીકાર્ય કરી રહ્યા નથી.

## પહેલા પાનાથી...

### ટેરિફનું કોકડું ઉકેલવા

જો કે વાટાઘાટો હજુ શરૂઆતના તબક્કામાં છે, પરંતુ પ્રથમ તબક્કામાં બંને દેશો દ્વારા ટેરિફ ઘટાડા પર ધ્યાન કેન્દ્રિત કરી શકાય છે. અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ ભારતીય બજારમાં લક્ઝરી કાર, ઈલેક્ટ્રિક વાહનો, વ્હિસ્કી અને કૃષિ ઉત્પાદનો પર ટેરિફ ઘટાડવા માટે દબાણ કરી રહ્યા છે. આ અઠવાડિયાના અંત સુધીમાં, જ્યારે ત્રણ દિવસની વાટાઘાટો પૂર્ણ થશે, ત્યારે વધુ સ્પષ્ટતા બહાર આવવાની અપેક્ષા છે. ટ્રમ્પે ૨ એપ્રિલ સુધી પ્રતિશોધાત્મક ટેરિફ લાદવાની સમયમર્યાદા નક્કી કરી છે, જેને તેઓ હવે "મુક્તિ દિવસ" કહે છે. જોકે, વાટાઘાટો દરમિયાન અમેરિકા ટેરિફ વધારશે કે નહીં તે સ્પષ્ટ નથી.

યુએસ એમ્બેસીના પ્રવક્તાએ જણાવ્યું હતું કે, "અમે વેપાર અને રોકાણ બાબતો પર ભારત સરકાર સાથે ચાલી રહેલી વાતચીતને મહત્વ આપીએ છીએ અને આ ચર્ચાઓને રચનાત્મક, ન્યાયી અને ભવિષ્યલક્ષી રીતે આગળ વધારવા માટે આતુર છીએ.ભારતીય અધિકારીઓ આ સોદાના ફાયદાઓ અંગે મૌન રહ્યા છે, પરંતુ એક અધિકારીએ જણાવ્યું હતું કે વેપાર કરાર ટેરિફ અને નિયમોમાં સ્થિરતા લાવશે અને આર્થિક એકીકરણને પ્રોત્સાહન આપશે. "એક મજબૂત વેપાર કરાર દ્વિપક્ષીય વેપાર અને રોકાણ માટે નવી શક્યતાઓ ખોલી શકે છે. ગયા મહિને વડા પ્રધાન નરેન્દ્ર મોદીની વોશિંગ્ટન મુલાકાત દરમિયાન, ભારત અને અમેરિકાએ દ્વિપક્ષીય વેપાર વાટાઘાટો શરૂ કરવાનો અને ૨૦૩૦ સુધીમાં વેપારને ઈ૫૦૦ બિલિયન સુધી લઈ જવાનો લક્ષ્યાંક નક્કી કર્યો હતો.

### અમેરીકાના

થયાનો આરોપ લાગવાપામી રહ્યો છે. સિગ્નલ એપ પર મેસેજ બનાવી અને આ માહીતી લીક કરવામા આવી હતી. કેટલા વાગ્યે અને કયા હથિયારોથી હુમલો કરવામા આવશે તેની માહીતીઓ પણ દર્શાવવામા આવી હતી. ટ્રમ્પ કેબીનેટની આ મોટી ચુક હોવાનુ સામે આવી રહ્યુ છે. સિક્રેટ પ્લાન ખુલ્યાનો આક્ષેપ થવા પામી રહ્યો છે. ધ એટલાન્ટીક મેગેઝનના ચીફ એડીટર પર આ ગંભીર આરોપ લગાવવામા આવ્યો છે. જેફરી ગોલ્ડબર્ગે માહીતી બહાર પડયાનો આરોપ લગાવાયો છે.

### અર્થતંત્રને બૂસ્ટર

પણ સામેલ છે. પ્રોપર્ટી મર્યાદામાં વધારો કરી દેવાયો છે. ૫૦ લાખની વસતી ધરાવતા શહેરમાં ૫૦ લાખની લોન પાત્ર ગણાશે.

જે મર્યાદા હાલ ૩૫ લાખની હતી ૧૦ થી ૫૦ લાખની વસતી ધરાવતી પ્રોપર્ટીમાં ૪૫ લાખની લોન પ્રાયોરીટી ધિરાણની વ્યાખ્યામાં આવશે.૧૦ લાખથી ઓછી વસતી ધરાવતા શહેરો માટે આ મર્યાદા વધારીને ૩૫ લાખ કરવામાં આવી છે.

ખેડુતોને પ્રવાહિતતામાં મદદ મળે તે માટે કૃષિલોન નિયમોમાં પણ બદલાવ કરવામાં આવ્યા છે. રીન્યુએબલ એનર્જી ક્ષેત્રની લોન મર્યાદા વધારીને ૩૫ કરોડ કરવામાં આવી છે.

નબળા અને મહિલા વર્ગ માટેનાં લોન નિયમોમાં પણ બદલાવ છે. વ્યકિતગત મહિલાને લોન મર્યાદા વધારીને બે લાખ કરવામાં આવી છે. પ્રાયોરીટી સેકટરમાં કૃષિ, એમએસએમઈ નિકાસ, શિક્ષણ, હાઉસીંગ, સામાજીક ઈન્ફ્રાસ્ટ્રકચર તથા રિન્યુએબલ એનર્જી સામેલ છે.

રિઝર્વ બેંકના કહેવા પ્રમાણે ધિરાણ મર્યાદા વધારાથી અર્થતંત્રને ફાયદો થશે. મહિલા લાભાર્થીઓને અર્બન સહકારી બેંકમાંથી લોન મર્યાદા દુર કરવામાં આવી છે. વ્યકિતગત પરિવાર માટે લોન મર્યાદા ૧૦ લાખ કરવામાં આવી છે.

### કે.કે.ના આવાગમન

પણ મોટા ગ્રુપ પડી ગયાનું અને ભૂતકાળમાં કઈ બાબત કેન્દ્રમાં રાખી પોસ્ટીંગ અપાયા હતા, તેની યાદ આપવામાં આવી રહી છે.

માટે દરેક લેવલે વિવિધ રીતે દબાણો લાવવામાં આવી રહ્યાની ગુજરાતમાંથી કેન્દ્રને સંદેશ ગયાની ચર્ચાઓ વચ્ચે કે.કે.નું આગમન ઘણું ઘણું કહી જાય છે. રાજયના મુખ્ય પોલીસ વડા સાથે બીજા મહત્વના ફેરફાર બાબતે પણ ચર્ચા સાથે પ્રધાનમંડળમાં કોને સમાવવા ? કોને નહિ તે બાબતે પણ કેન્દ્રીય હાઈ કમાંડની ગાઈડ લાઈન અંગે કે.કે..એ માહિતગાર કરવા સાથે ગુજરાતના હાલના માહોલ, ૨૦૨૭ની ચુંટણીઓના પ્લાનિંગ વિગેરે બાબતે પણ માર્ગદર્શન પૂરું પડાયાની ચર્ચા છે.

# રાપરની સામાન્ય સભામાં પીવાના પાણી મુદ્દે મહિલાઓનો ઘેરાવ

**પાણી મુદ્દે સત્તાધીશો જવાબ ન આપી શક્યાઃ પ્રથમ સામાન્ય સભામાં જ વિપક્ષ સત્તા પક્ષ પર ભારી પડ્યો : નગરપાલિકાની વિવિધ સમિતિઓની રચના કરાઈ : વિપક્ષના નેતા પદે રાજુભાઈ ચૌધરીની વરણી કરાઈ**



## સામાન્ય સભામાં મહિલા સદસ્યના પતિદેવોએ પ્રશ્નો પુછયા !

સામાન્ય સભામાં મહિલા સદસ્યોના પતિ દેવો સામાન્ય સભા ઉપસ્થિત રહેતા અચરજ થયું હતું. જેટલી મહિલા સદસ્યો એટલા એમના પતિદેવો હાજર રહ્યા હતા. પતિ દેવોને નગરપાલિકાના પ્રમુખ કે ચીફ ઓફિસર દ્વારા સામાન્ય સભામાં હાજર ન રહેવા માટે કોઈ સુચના ન આપતાં હોબાળો થયો હતો. સદસ્યોના બદલે મહિલા સદસ્યોના પતિ દેવો રજૂઆત કરતાં જોવા મળ્યા હતા.

## રાપર નગરપાલિકાની જુદી જુદી સમિતિની રચના કરાઈ

રાપર નગરપાલિકાની મળેલી બેઠકમાં જુદી જુદી સમિતિઓની રચના કરવામાં આવી છે.


- **કારોબારી સમિતિ**માં ચેરમેન -વિકાશભાઈ વનેચંદ શાહ, જામસિંહ (ભીખુભા) હરિસિંહ સોઢા, ભાણજીભાઈ રણછોડભાઈ ભ્રાસડીયા, મનજીભાઈ દેવાભાઈ ભાટેસરા, ગાયત્રીબેન ભગુદાન ગઢવી, દેવીબેન કાનજીભાઈ આહિર, રાણાભાઈ કાનાભાઈ પરમાર, રસીલાબેન રમેશ ચાવડાની વરણી કરવામાં આવી છે.
- **બાંધકામ સમિતિ**ના ચેરમેન - મહેશભાઈ મુરજીભાઈ પરમાર, અનિતાબેન રામજીભાઈ મુછડીયા, મરીબેન પેથાભાઈ ચૌહાણ, જામસિંહ (ભીખુભા) હરિસિંહ સોઢા
- **પાણી પુરવઠા સમિતિ**ના ચેરમેન -હંસાબેન દિનેશ પટેલ, દેવીબેન કાનજીભાઈ આહિર, ભાણજીભાઈ રણછોડભાઈ ભ્રાસડીયા, મનજીભાઈ દેવાભાઈ ભાટેસરા
- **જાહેર આરોગ્ય અને સફાઈ સમિતિ**ના ચેરમેન - રસીલાબેન રમેશ ચાવડા, રાણાભાઈ કાનાભાઈ પરમાર, મુનીરાબાનુ અબુબકર ખત્રી, દક્ષાબેન વિજયભાઈ ગૌસ્વામી
- **બાગ બગીચા સમિતિ**ના ચેરમેન મહેબુબ રમજુભાઈ કુંભાર, ગાયત્રીબેન ભગુદાન ગઢવી, મહાવિરસિંહ હેતુભા જાડેજા, હસુમતીબેન ગણપતભાઈ સોની
- **રોડ લાઈટ સમિતિ**ના ચેરમેન - શીલ્પાબેન હિંમતભાઈ કોલી, મહેશભાઈ મુરજીભાઈ પરમાર, મહેબુબ રમજુભાઈ કુંભાર, માલીબેન રમેશભાઈ સીયારીયા વિગેરે ની નિમણૂક કરવામાં આવી હતી.

ગાંધીધામ : આજે રાપર નગરપાલિકાની ચૂંટણી બાદ પ્રથમ સામાન્ય સભા સભા ખંડ ખાતે મળી હતી. જેમાં વર્ષ ૨૦૨૪-૨૫નું રિવાઈઝડ તથા વર્ષ ૨૦૨૫-૨૬ના બજેટ મંજુર કરવા આવ્યુ હતું. ઉનાળાની શરૂઆત થતાં જ શહેરના અયોધ્યાપુરી, ગેલીવાડી, આથમણા નાકા, પાવર હાઉસ મેઈન બજાર, જલારામ પાર્ક, તિરૂપતિ નગર સહિતના વિસ્તારમાંથી બસોથી વધુ મહિલાઓએ પાણી મુદ્દે સામાન્ય સભામાં આવી પહોંચી હતી. અને પાણી મુદ્દે ઘેરાવ કરવામાં આવતા થોડો સમયમાં માટે વાતાવરણમાં ગરમા ગરમી સર્જાઈ હતી. તો સતાધીશો આ મુદ્દે કાંઈ બોલવા માટે તૈયાર થયા ન હતા.

સામાન્ય સભામાં જુદી-જુદી સમિતિઓની રચના કરવા, વર્ષ ૨૦૨૫-૨૬ માટે જુદા-જુદા માલ સામાનના વાર્ષિક ભાવો, ફિક્સ કર્મચારીઓના પગાર વધારવા, જુદી-જુદી શાખાઓ, વિભાગો તરફથી આવેલ રજુઆત પર ચર્ચા કરી યોગ્ય કાર્યવાહી કરવા માટે સુચન આપવામા આવ્યું હતું. શહેરમા રખડતા ઢોરો, કચરા પેટીનો અભાવ, સફાઈનો અભાવ, પાણીના પ્રશ્નો, અપુરતા સફાઈ કામદારો, ગટર લાઈનમા સફાઈ કરવા માટે ગુમાસતાધારો, આરોગ્ય અને ભેળસેળ ચકાસણી, ખુલ્લેઆમ પ્લાસ્ટિકના ઉપયોગ પર પ્રતિબંધ, રખડતા ઢોરો તથા ચારો વેચાણ કરતા વેપારીઓને શાળા, મંદિર તથા જાહેર સ્થળોએથી દૂર રાખવા, બંધ રોડ લાઈટ ચાલુ કરવા, નવા પેવર બ્લોક રોડ બનાવવા, તમામ વોર્ડમાં સફાઈ અને કચરાપેટી તથા કચરા ગાડી મુકવા સહિતના મુદ્દાઓની માંગણી ભાજપના જ સદસ્યોએ કરી હતી. જે અંગે સત્તાધીશો યોગ્ય જવાબ આપી શકયા ન હતા. ફાયર સ્ટેશનનો બીન ઉપયોગ તથા ફાયર સ્ટેશનમા સુવિધા પુરી કરવા, પીવાના પાણી માટે લોકલ સ્ત્રોત ન હોય પીવાનું પાણી ત્રણ દિવસ સુધી મળતું નથી. લોકલ બોર ચાલુ કરવા માટે તથા સામખીયારીથી પુરતા પ્રમાણમાં પાણી મેળવવા માટે રજૂઆત કરવા મા આવી હતી. કોગ્રેસના સદસ્યોએ વોર્ડ નંબર પાંચના ઉમેદવાર રાજુભાઈ ચૌધરીની વિપક્ષના નેતા તરીકે વરણી કરી હતી. આ સમયે સદસ્યો હેતલબેન મોરબીયા, પુંજાભાઈ ચૌધરી, ફુલીબેન ગોહિલ, ખીમીબેન ઠાકોર, અરવિંદ માલી, ગીતાબેન સોની વિગેરે ઉપસ્થિત રહ્યા હતા. વિપક્ષીનેતા રાજુભાઈ ચૌધરીએ રાપરના પાણી, લાઈટ, ગટર લાઈન, સફાઈ, રોડ સહિતના વિવિધ પ્રકારના વણ ઉકેલાયેલા પ્રશ્નો અંગે પ્રશ્નો રજૂ કર્યા હતા.

સામાન્ય સભાની કાર્યવાહી ચીફ ઓફિસર રવાજી જાડેજા, મહેશ સુથાર, હકુમતસિંહ સોઢા, હેતુભા રાઠોડ, નિલેશ ઠક્કર, આશિષ ગોસ્વામી, હરદેવસિંહ રાઠોડ, પ્રવિણ કાંકરા, દિવ્યરાજસિંહ જાડેજા, ધર્મેન્દ્રસિંહ જાડેજા, પ્રિયન ગોસ્વામીએ સંભાળી હતી. સરહદ ડેરીના ચેરમેન વલમજી હુંબલ, જિલ્લા મંત્રી વિકાસ રાજગોર, પ્રદિપસિંહ સોઢા, ડોલરભાઈ ગોર, વીનુભાઈ થાનકી, ઉમેશ સોની, લાલજી કારોત્રા, મેહુલભાઈ જોશી વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

# માતાનામઢ અને ભુજમાં ૨૯મીએ ઘટ સ્થાપના સાથે ચૈત્રી નવરાત્રિનો પ્રારંભ



ભુજ : કચ્છ ધણિયાણી દેશદેવી મા આશાપુરા માતાનામઢ અને ભુજ મંદિરમાં ચૈત્રી નવરાત્રિ પૂર્વે ઘટ સ્થાપના કરવામાં આવે છે ત્યારે માઈ ભક્તો ઉપવાસ, એકટાણા રાખે છે. ચૈત્રી નવરાત્રિના શુભ મુહૂર્ત મુજબ ઘટ સ્થાપના માતાના મઢમાં સવંત ૨૦૮૧, ફાગણ વદ અમાસ તા. ૨૯/૩ના શનિવારે રાત્રે ૯ વાગ્યે કરવામાં આવશે. બાદમાં ચૈત્ર સુદ-૧ (એકમ)ને તા.૩૦/૩ના રવિવારે પ્રારંભ થશે. જગદંબા પૂજન ચૈત્ર સુદ ૭ (સાતમ)ને તા.૪/૪ શુક્રવારેના રાત્રે ૯:૪૫ વાગ્યે કરાશે. હવનનો પ્રારંભ સાતમને શુક્રવારે તા.૪/૪ના રાત્રે ૧૦ કલાકે યોજાશે અને જેની પૂર્ણાહૂતિ તા.૪/૪ ના રાત્રે ૧:૩૦ કલાકે થશે તેવું માતાના મઢ મંદિરની યાદીમાં જણાવાયું છે, જ્યારે ભુજમાં આવેલા આશાપુરા મંદિરમાં ઘટ સ્થાપન તા.૨૯/૩ના શનિવારે સાંજે ૭:૧૫ કલાકે થશે. પ્રથમ નવરાત્રિ ચંદ્રદર્શન, ચૈત્રી ચંદ્ર તા.૩૦/૩ના રવિવારે થશે. ત્રીજક્ષય તિથી છે. સાતમના દિવસે હવન તા.૪/૪ના શુક્રવારે હવનનો પ્રારંભ, રાત્રે ૯:૩૦ વાગ્યે તથા હવન પૂર્ણાહૂતિ રાત્રે ૧૨:૪૫ કલાકે થશે. આઠમ તા. ૫/૪ના શનિવારે નૈવેદ કરાશે. તા.૬/૪ના દિવસે રામનવમી ઉજવવામાં આવશે. નવરાત્રિ દરમિયાન ભુજ મંદિરનો સમય સવારે ૫:૩૦ વાગ્યાથી બપોરે ૧૨:૩૦ સાંજે ૫થી રાત્રે ૯:૩૦ રહેશે. મંગળા આરતીનો સમય સવારે ૬:૧૫ વાગ્યે, સંધ્યા આરતી સાંજે ૭:૪૫ કલાકે રાખવામાં આવી છે તેવું ભુજ આશાપુરા મંદિરની યાદીમાં જણાવાયું છે.

# અંજારમાં કુખ્યાત ગુનેગાર બાબાના દબાણ પર ચાલ્યું દાદાનું બુલડોઝર

**પૂર્વ કચ્છ પોલીસે અસામાજીક તત્વોની યાદી બનાવી તંત્ર સાથે મળી તોડફોડ આરંભીઃ સુલેમાને પતરાનો શેડ ઉભો કરી સરકારી જમીન પર બનાવ્યું હતું ફાર્મહાઉસ : અંજાર પોલીસની ધાક બેસાડતી કાર્યવાહી**





ભુજ : રાજ્ય પોલીસવડાએ અસામાજીક તત્વો સામે કાર્યવાહી કરવાની આપેલી સુચન મુજબ પૂર્વ કચ્છ પોલીસે ત્રીજું દબાણ હટાવ્યું છે. અગાઉ શિકારપુર, વરસામેડીમાં કાર્યવાહી બાદ હવે સસ્તા સોનાના નામે ઠગાઈ કરતા કુખ્યાત આરોપીના અંજારના ગંગા નાકા નજીક ઓક્ટ્રોય ચોકી પાસે ઉભા કરેલા ફાર્મહાઉસને તોડી પાડવામાં આવ્યું છે. આરોપી સુલેમાન ઉર્ફે શેખ ઉર્ફે બાબા સામે અનેકવિધ ગુના નોંધાયેલા છે. ચિટિંગ, ફ્રોડ, બળજબરીથી મિલકત કઢાવી લેવી, મારામારી, શરીર સબંધી ગુના, સસ્તા સોનાની લાલચ આપી છેતરપિંડી સહિત ગુનાઓમાં સંડોવાયેલો છે. નગરપાલિકાએ અગાઉ તેને દબાણ હટાવવાની નોટિસ પાઠવી હતી. પરંતુ તેણે નોટિસનું પાલન ન કરતાં પોલીસ બંદોબસ્ત વચ્ચે તેનું પાકું મકાન અને ફાર્મ હાઉસ તોડી પાડવામાં આવ્યાં હતા. અંજાર - ભુજ રોડ પર ઓક્ટ્રોય નાકા પાસે આરોપીએ પોતાના મોજ શોખ માટે નગરપાલિકાની જગ્યામાં ફાર્મ હાઉસ બનાવ્યું હતું. જેમાં બે રૂમ, એક મોટો હોલ બે કિચન, બાથરૂમ, પતરાનો મોટો શેડ જેને તોડી પાડવામાં આવ્યું છે. કાર્યવાહી દરમિયાન નગરપાલિકાના દબાણ શાખાના કર્મચારીઓની સાથે મદદનીશ એસપી વિકાસ યાદવ, નાયબ પોલીસવડા મુકેશ ચૌધરી, અંજાર પીઆઈ એ.આર.ગોહિલ સહિતના ઉચ્ચ અધિકારીઓ હાજર રહ્યા હતા.

## પશ્ચિમ કચ્છ પોલીસ હજુ ચિટરો સામે કાર્યવાહી કરવાના વિચારમાં છે અને પૂર્વ કચ્છમાં સપાટો

એક જ રેન્જ હસ્તક આવતા પૂર્વ અને પશ્ચિમ કચ્છ જિલ્લામાં કાયદાની કેવી અમલવારી થઈ રહી છે તે સૌ કોઈ જાણે છે. પૂર્વ કચ્છ પોલીસે અસામાજીક તત્વોની યાદી બનાવી ચિટરોના મકાન તોડવાનું પણ ચાલુ કરી નાખ્યું છે. ચિટરોનું ઉદગમ સ્થાન ભુજ છે અને ભુજના જ ખાખીધારીઓની મિલિભગતના કારણે ફાટીને ધુમાડે ચડયા છે. છતાં ભુજમાં ચિટરોનો વાળ પણ વાંકો થયો નથી. પશ્ચિમ કચ્છ પોલીસ ગુનેગારો સામે કાર્યવાહી કરવામાં શરમ અનુભવી રહી હોય તેમ કોઈ કાર્યવાહી ન કરાતા લોકોમાં ચર્ચાઓ તેજ બની છે. પશ્ચિમ કચ્છ પોલીસને રાજય પોલીસવડાની સુચનાનું અમલીકરણ કરવામાં ડર લાગે છે કે શરમ નડે છે ? તેવા પ્રશ્નો ઉઠી રહ્યા છે.

# આર્થિક સંકડામણમાં સુગારીયાના યુવાન ટ્રક માલિકનો આપઘાત

**ગાડી લઈને લીફરી ખાણમાં માલ ભરવા જતો હતો ત્યારે સવારે રવાપર શક્તિ હોટલે ગાડી રાખી પગલું ભરી લીધું : પરિવારની સાથે ગામ અને સ્થાનીકે અરેરાટી ફેલાઈ**



નખત્રાણા : તાલુકાના રવાપર પાસે આવેલી શક્તિ હોટલ નજીક પાર્ક ટ્રકમાં યુવાને ગળેફાંસો ખાઈ આપઘાત કરી લેતા અરેરાટી ફેલાઈ જવા પામી હતી. તપાસ કરતા બીમારી અને આર્થિક તંગીમાં આવીને યુવાને આ પગલું ભર્યું હોવાનું માનવામાં આવી રહ્યું છે.

આ બાબતે પોલીસ સુત્રોના જણાવ્યા પ્રમાણે મુળ અંજાર તાલુકાના સુગારીયા ગામનો ૩૫ વર્ષિય યુવાન દિનેશ ગંગાભાઈ આહિર ટ્રક ડ્રાઈવર તરીકેનું કામ કરે છે. તેની માલિકીની ટ્રક જીઆઈડીસી લીફરી - માતાનામઢથી માલ પરિવહન માટે પોતે ચલાવે છે.

ગઈકાલે તે ટ્રક લઈને નિકળ્યો હતો અને તેમાં જીપીએસ લગાવેલું હોવાથી ટ્રેક કરતા સવારે છ કલાકે રવાપર શક્તિ હોટલે પહોંચ્યો હતો. જયાં પાર્કિંગમાં ટ્રક રાખી ટ્રકની પાછળ કેરીયરમાં દોરડું બાંધી ફાંસો ખાઈ જીવાદોરી ટુંકાવી લીધી હતી.

સવારે લોકો પસાર થતા સમગ્ર મામલો સામે આવ્યો હતો. નખત્રાણા પોલીસે સ્થળ પર પહોંચી, ઓળખ મેળવી પરિવારને જાણ કરી હતી. જેમાં આપઘાત પાછળનું કરૂણ કારણ સામે આવ્યું છે. હતભાગીની પત્નિને ડાયાલીસીસ છે, તે છેલ્લા છ વર્ષથી બિમારીથી પીડિત હોવાથી હતભાગી દર બે દિવસે ડાયાલીસીસ કરાવતો હતો. આર્થિક તંગીમાં આવી જતા આ પગલું ભરી લીધું હોવાનું માનવામાં આવી રહ્યુ છે. હતભાગી પોતાના ઘરેથી પોતાની ટ્રક લઈને જીએમડીસી માલ ભરવા ગયો ત્યાં પોતાની જ ગાડીમાં આપઘાત કરી લીધો હતો. જેને પગલે પરિવારની સાથે ગામમાં પણ અરેરાટી ફેલાઈ ગઈ હતી. ઘટના સ્થળે હાજર લોકો પણ દ્રવી ઉઠયા હતા.

# પ્રાથમિક-માધ્યમિક શિષ્યવૃત્તિ માટે ૨૬ એપ્રિલના રોજ લેવાશે પરીક્ષા

**કચ્છમાં ધો.૬ અને ધો.૯ ના અંદાજીત ૨૫ હજાર છાત્રો આપશે પરીક્ષા : મેરીટના આધારે ૨ હજાર વિદ્યાર્થીઓને અપાશે શિષ્યવૃત્તિનો લાભ : પરીક્ષા માટે ઓનલાઈન ફોર્મ ભરવાની પ્રક્રિયાનો પ્રારંભ**

ભુજ : રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા ૨૬ એપ્રિલે પ્રાથમિક અને માધ્યમિક શિષ્યવૃત્તિ પરીક્ષા લેવાશે. આ પરીક્ષા માટેનું જાહેરનામું બહાર પાડી દેવામાં આવ્યું છે. પરીક્ષા માટેના ઓનલાઈન ફોર્મ ભરવાની કાર્યવાહી આજથી શરૂ કરવામાં આવી છે. વિદ્યાર્થીઓ આ પરીક્ષા માટે ૪ એપ્રિલ સુધી ફોર્મ ભરી શકશે. પ્રાથમિક શિષ્યવૃત્તિ માટે હાલમાં ધોરણ-૬માં અભ્યાસ કરતા અને માધ્યમિક શિષ્યવૃત્તિ માટે હાલમાં ધોરણ-૯ મા અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ ભાગ લઈ શકશે. કચ્છ જિલ્લા શિક્ષણાધિકારી સંજયભાઈ પરમારે વિગતો આપતા જણાવ્યું હતું કે, કચ્છ જિલ્લામાં શિષ્યવૃત્તિની પરીક્ષા માટે પ્રાથમિક અને માધ્યમિક વિભાગમાં અંદાજીત ૨૫ હજાર છાત્રોની પરીક્ષા લેવામાં આવશે. ત્યારબાદ મેરીટના આધારે પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ માટે કચેરી દ્વારા શિષ્યવૃત્તિનો લાભ આપવામાં આવશે. પ્રાથમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષા માટે ધોરણ-૫માં ૫૦ ટકા ગુણ કે સમકક્ષ ગ્રેડ મેળવેલા હોય અને હાલમાં ધોરણ-૬માં અભ્યાસ કરતા હોય તેવા વિદ્યાર્થી પરીક્ષા આપી શકશે. જ્યારે માધ્યમિક શિષ્યવૃત્તિ પરીક્ષા માટે ધોરણ-૮માં ૫૦ ટકા ગુણ મેળવેલા હોય અને ધોરણ-૯માં અભ્યાસ કરતા હોય તેવા વિદ્યાર્થી પરીક્ષા આપી શકશે. પ્રાથમિક શિષ્યવૃત્તિ પરીક્ષા માટે ધોરણ-૬નો અભ્યાસક્રમ રહેશે. જ્યારે માધ્યમિક માટે ધોરણ ૯નો અભ્યાસક્રમ રહેશે. બંને પરીક્ષાના પ્રશ્નપત્રોનું માધ્યમ માત્ર ગુજરાતી રહેશે. પ્રશ્નપત્રમાં ભાષા- સામાન્ય જ્ઞાનના ૬૦ ગુણના ૬૦ પ્રશ્નો પૂછાશે. ગણિત-વિજ્ઞાનના ૬૦ ગુણના ૬૦ પ્રશ્નો પૂછાશે. શિષ્યવૃત્તિ પરીક્ષા માટે ઓનલાઈન ફોર્મ ભરવાની પ્રક્રિયાનો આજથી પ્રારંભ થયો છે.

# મુન્દ્રામાં અપરાધીઓ પ્રવૃત્તિ અટકાવવા કોંગ્રેસે પાઠવ્યું આવેદન પત્ર

**શહેરમાં દારૂ, જુગારના ધમધમતા અડ્ડાઓ બંધ કરાવવા વહીવટી અને પોલીસ તંત્રને કરી રજૂઆત**





મુન્દ્રા : હાલમાં રાજ્ય સરકાર દ્વારા જાહેરાત કરાઈ છે કે, તમામ ગુનેગારોને પકડી તેમની સામે કડક કાર્યવાહી કરવામાં આવશે, પરંતુ મુન્દ્રા તાલુકામાં દેશી-વિદેશી દારૂના અડ્ડાઓ ધમધમે છે તેની સામે લાલ આંખ કરવા તથા ખનીજ ચોરોને પકડવા માટે મુન્દ્રા તાલુકા કોંગ્રેસ સમિતિના પ્રમુખ વિરમ નારાણ સાખરાએ મામલદાર મુન્દ્રા અને સંલગ્ન પોલીસ અધિકારીઓને આવેદનપત્ર આપ્યું છે. પત્રમાં જણાવ્યા મુજબ મુન્દ્રા તાલુકામાં ઠેર-ઠેર દેશી તથા વિદેશી દારૂનો વેપલો ખુબ થાય છે. દરેક પોઈનટ પર ખુલ્લેઆમ વેચાણ થતા બૂટલેગરોને પકડી કાયદેસર કાર્યવાહી કરવી તથા તાલુકામાં ખનીજ ચોરી દિવસને દિવસે વધતી જાય છે. ભૂમાફિયા દ્વારા ખનીજ ચોરી કરી સરકારની તીજોરી ખાલી કરે છે. તેઓ મોટા ગૃહ ઉદ્યોગને ચોરેલો ખનીજનો સપ્લાય કરી લાખો રૂપિયા રોયલ્ટી વગર વેચાણ કરાતા તેમની સામે પગલાં ભરવામા આવે અને ભવિષ્યમાં ખૂલ્લેઆમ થતી ખનીજ ચોરી કરતા અટકે તેની વ્યવસ્થા કરવામાં આવે અને થોડા દિવસો પૂર્વે મુન્દ્રા-ભુજ રોડ પર પ્રાઈવેટ ટ્રાવેલ્સનું અકસ્માત થયો તેમા ૭ જેટલી વ્યક્તિના મૃત્યુ થયા છે. આ લકઝરી ચાલકો સબક લેવાના બદલે બેફામ બસ દોડાવે છે. તેઓની પરમીટ નથી હોતી આવા લોકોને અટકાવવામાં આવતા નથી શું ? તંત્ર અન્ય આવી ઘટનાની રાહ જોઈ રહ્યું છે. આવા લોકો સામે તાત્કાલિક અસરથી કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ કરી છે.

# કોટડા (ચાંદ્રાણી) ગામે એચપીએલ નાઈટ ક્રિકેટ ટર્નામેન્ટ પશુડાની ટીમ ચેમ્પિયન

**ટુર્નામેન્ટ દરમ્યાન ગૌ સેવા માટે ૧૦ લાખ જેટલી રકમ એકત્ર થઈઃ દાતાઓનું વિશિષ્ટ સન્માન કરાયું**





અંજાર : તાલુકાના કોટડા (ચાંદ્રાણી) ગામે સ્વજનોની સ્મૃતિ અને ગૌસેવાના લાભાર્થે યોજાયેલ હિન્દુ પ્રિમીયમ લીગ (એચપીએલ) નાઈટ ક્રિકેટ ટર્નામેન્ટની ફાઈનલ મેચમાં કિર્તી ઈલેવન પશુડા અને ક્રિષ્ના ઈલેવન કડોલ વચ્ચે મુકાબલો થયો હતો, જેમાં પશુડાની ટીમે કડોલની ઈલેવનને હરાવી ટાઈટલ પર કબજો કર્યો હતો. પશુડાના કેપ્ટન જીતેશભાઈ આહિર મેન ઓફ ધ મેચ અને મેન ઓફ ધ સિરીજ જાહેર થયા હતાં. ભવ્ય આતશબાજી સાથે મેઘા ફાઈનલ મેચનું ટોસ ઉછાળી પ્રારંભ કરાવતા અંજારના ધારાસભ્ય ત્રિકમભાઈ છાંગાએ પીચ પર બેટીંગ કરી ફટકાબાજી કરી હતી, જયારે બોલર તરીકે જીલ્લા પંચાયતનાં પ્રમુખ જનકસિંહ જાડેજાએ શરૂઆત કરાવી હતી. ટુર્નામેન્ટ દરમ્યાન ૧૦ લાખ જેટલી રકમ ગૌસેવા માટે એકત્રીત થઈ હતી, જે રૂપિયા ગૌસેવાના હિત માટે વાપરવાની જાહેરાત કરાઈ હતી, ગૌસેવામાં દાન આપનાર દાતાઓનું વિશિષ્ટ સન્માન કરવામાં આવ્યું હતું. સાથે સતત ૨૦ દિવસ સુધી સેવા આપનાર કોમેન્ટરો, એમ્પ્યરો અને આયોજકોનું પણ વિશિષ્ટ સન્માન થયું હતું. ટુર્નામેન્ટના આ ફાઈનલ મેચમાં હબાય જાગીરના મહંત લક્ષ્મણગીરી બાપુ, શાસ્ત્રી શંભુ મારાજ, અંજારના ધારાસભ્ય ત્રિકમભાઈ છાંગા, કચ્છ જીલ્લા પંચાયતનાં પ્રમુખ જનકસિંહ જાડેજા, દાનવીર ઉદ્યોગપતિ બાબુભાઈ ભીમા હુંબલ, કૉંગ્રેસના આગેવાન વી. કે. હુંબલ, હરીભાઈ હીરાભાઈ જાટીયા, વિશ્વ હિન્દુ પરિસદના પ્રચારક મહાદેવભાઈ વીરા, અંજાર નગરપાલિકાનાં વિપક્ષી નેતા રાજેન્દ્રસિંહ જાડેજા, ત્રિકમભાઈ રવાભાઈ વરચંદ, તાલુકા ભાજપ પ્રમુખ બી. એન. આહિર, ધનજીભાઈ ગોવિંદ હુંબલ, દેવરાજભાઈ ભીમા, યુવા ઉદ્યોગપતિ શામજીભાઈ ઢીલા, અનિલભાઈ વલમજી હુંબલ, અરજણ ખાટરીયા, હિન્દુ યુવા સંગઠનના હરીભાઈ સામત, ભુજપરના સરપંચ કિશોરસિંહ જાડેજા, દુધઈ સરપંચ રાધૃભાઈ કોઠીવાડ સહિત અનેક રાજકીય, સામાજીક અને વિવિધ ક્ષેત્રના આગેવાનો ઉપસ્થિત રહયા હતાં. સમગ્ર આયોજનને સફળ બનાવવા ગામના પુર્વ સરપંચ વિક્રમભાઈ છાંગા, કાનજીભાઈ રાઘા ડાંગર, માદેવા ધના ડાંગર, ધવલભાઈ વસંત ડાંગર, રમેશભાઈ ઘેલા કોઠીવાડ સહિત આયોજકોએ જહેમત ઉઠાવી હતી. આ ટુર્નામેન્ટમાં ૭૨ ટીમોએ ભાગ લીધો હતો. ફાઈનલ મેચરના કાર્યક્રમનું સંચાલન આહિર સમાજના આગેવાન શામજીભાઈ ભરાભાઈ ડાંગરે કર્યું હતું. આભારવિધી ગામનાં પૂર્વ સરપંચ વિક્રમભાઈ છાંગા દ્વારા કરવામાં આવી હતી.

# અંજાર-ભુજ હાઈવે પર થયેલા અકસ્માતમાં ટ્રક ચાલક સામે ફોજદારી

ભુજ : અંજાર - ભુજ હાઈવે પર રીવેરા ફાર્મહાઉસની સામે અકસ્માત થયો હતો. કોઈ અજાણ્યા વાહન ચાલકે ટક્કર મારતા નિંગાળ ગામના બે આહિર યુવાનના મોત થયા હતા. જેને પગલે અરેરાટી ફેલાઈ ગઈ હતી. પોલીસ દ્વારા કરવામાં આવેલી તપાસમાં ટ્રક ચાલકે ટક્કર મારી હોવાનું સામે આવતા ગુનો દાખલ કરાયો છે. ચંદ્રકાન્તભાઈ બરારીયાએ જણાવ્યું કે, તેમનો દિકરો ૧૭ વર્ષિય પરાસર અને ૧૬ વર્ષિય શ્યામ બાઈક લઈને નિંગાળથી અંજાર જતા હતા ત્યારે રીવેર ફાર્મની સામે ટ્રક નં. જી.જે.૧૨ બીટી ૭૨૭૩ ના ચાલકે પુરઝડપે ટ્રક ચલાવી બાઈકને ટક્કર મારતા ઈજાઓ થવાના કારણે મોત થયું હતું. આરોપી અકસ્માત સર્જીને ટ્રક લઈને ભાગી ગયો હતો. જેથી અંજાર પોલીસમાં ફરિયાદ થઈ છે.

# ટેકાના ભાવે ઘઉં ખરીદી માટેની સમય મર્યાદા વધારાઈ

ભુજ : રાજ્ય સરકાર દ્વારા ખેડૂતો પાસેથી ટેકાના ભાવે ઘઉંની ખરીદી કરવા માટે નોંધણીની તારીખ જાહેર કરાઈ હતી તે તારીખમાં વધુ સમયમર્યાદા સરકારે જાહેર કરી છે. ખેડૂતો પાસેથી ટેકાના ભાવે ઘઉંની ખરીદી માટે નોંધણીની સમય મર્યાદા લંબાવાઈ છે. લઘુત્તમ ટેકાના ભાવે ઘઉંનું વેચાણ કરવા ઈચ્છતા ખેડૂતોએ ઓનલાઈન નોંધણી સમગ્ર રાજ્યમાં સ્થાનિકે ગ્રામ્યકક્ષાએ વીસીઈ મારફતે તા.૧/૧થી ૧૬/૩ સુધી રાખવામાં આવી હતી જે સમય મર્યાદા વધારો કરી તા.૫/૪ સુધી લંબાવાઈ છે. ખેડૂત ખાતેદારના બાયોમેટ્રીક ઓન્થેટીકેશન દ્વારા નોંધણી કરવામાં આવશે તેવું યાદીમાં જણાવાયું છે.

## ગજોડ ગામે બોરવેલમાં પથ્થર નાખી નુકશાન કરાયું

ભુજ : તાલુકાના ગજોડથી ચુનડી ગામને જોડતા રોડ પર રોડથી આશરે ૧૦૦ મીટર ઉતરાદી બાજુ ચુનડી સીમ સર્વે નં. ૪૧૮ પાસે આવેલા પાણીના સિંચાઈના બોરવેલમાં કોઈ અજાણ્યા ઈસમોએ પથ્થરા નાખી ૨૦ હજારનું નુકશાન કર્યું હોવાનું પોલીસ ચોપડે નોંધાયું હતું.

આ બાબતે ગજોડ ગામના ભરતભાઈ તેજાભાઈ મહેશ્વરીએ માનકુવા પોલીસમાં ફરિયાદ નોધાવતા પોલીસે તપાસ હાથ ધરી હોવાનું જાણવા મળ્યું હતું.

## કંડલા ગરનાળા પાસે ટ્રેઈલર ચાલકે મોપેડને ટક્કર મારતા મહિલા ઘવાઈ

ગાંધીધામ : ગાંધીધામથી કંડલા આવતા રોડ પર ગરનાળા વાળા પુલ પાસે ટ્રેઈલર ચાલકે મોપેડને ટક્કર મારતા મહિલા ઘવાઈ હતી. ગાંધીધામમાં રહેતા અવનીબેન ઈશ્વરભાઈ ચૌહાણના જણાવ્યા પ્રમાણે કન્ટેઈનર ટ્રેઈલર નંબર જી.જે૧૨ બીવાય ૨૫૮૦ ના ચાલકે પુરઝડપે વાહન ચલાવી ફરિયાદીની સુઝુકી એકસેસ નંબર જી.જે.૧૨ ડીએચ ૪૯૯૧ ને હડફેટે લેતા ફ્રેકચર સહિતની ઈજાઓ થઈ હતી. જેથી કંડલા મરીન પોલીસમાં ગુનો દાખલ કરાયો હતો.

## મોટી ખેડોઈમાં ૩૫ હજારની મતા ચોરાઈ

અંજાર : તાલુકાના મોટી ખેડોઈ ખાતે પરિવાર સુતો હતો ત્યારે ઘરમાં લોખંડની ટાંકીમાં રાખેલ માલમતા ચોરાઈ હતી. ફરિયાદી કાનજીભાઈ આશાભાઈ મહેશ્વરીના જણાવ્યા મુજબ પરિવાર રાત્રે સુઈ ગયો અને સવારે વાડીએ જવા નિકળ્યા ત્યારે રસ્તામાં લોખંડની ટાંકી જોવા મળી હતી. જેથી તપાસ કરતા જાણવા મળ્યું કે, અજાણ્યા શખ્સે રાતના ઘરમાં ઘુસી ટાંકીનું તાળું તોડી ઘરમાંથી ચાંદીના ૨૦ હજારના બે અઢીયા, ૧૫ હજારની વીટીની ચોરી કરી હતી. જેથી અંજાર પોલીસમાં ફરિયાદ નોંધવામાં આવી છે.

# પૂર્વ કચ્છમાં ૧૨ લાખના શરાબ પર બુલડોઝર ફરાવી દેવાયું



ગાંધીધામ : પૂર્વ કચ્છના અંજાર ડીવીઝન હસ્તક આવતા અંજાર અને ગાંધીધામ એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ઓકટોબર ૨૦૨૪ થી માર્ચ ૨૦૨૫ સુધીના સમયગાળા દરમ્યાન દારૂના ગુના કામે કબજે કરાયેલ દારૂની ૨૫૫૧ બોટલ અને ૩૦૪ બિયરના ટીન મળી કુલ્લ રૂા. ૧૧,૭૮,૭૪૨ નો દારૂનો નાશ કરવામાં આવ્યો હતો. પ્રાંત અધિકારી એસ. જે. ચૌધરી, ડીવાયએસપી મુકેશ ચૌધરી, અંજાર પીઆઈ એ. આર. ગોહિલ, એ ડીવીઝન પીઆઈ એમ.ડી.ચૌધરી, નશાબંધી અધિકારી ડી.આર. ધોબી સહિતના હાજર રહ્યા હતા.

## છેલ્લા પાનાનું ચાલુ

**સતાપર ફાટક**ના

હતા. આ સમયે ટ્રાફિક પોલીસની ગેરહાજરી સામે પણ સવાલો ઉઠ્યા હતા. રોડ પર વાહનોની લાંબી કતારો લાગી હતી. કિંમતી માનવ કલાકો અને ઈંધણનો વ્યય થયો હતો. અંજારવાસીઓ માટે ટ્રાફિકજામની સમસ્યા શરદર્દ સમાન બની છે. શહેરના એકમાત્ર પ્રવેશદ્વાર પાસે આડેધડ પાર્ક કરી છોડી દેવાતા ટ્રેઈલરો સામે પોલીસ દ્વારા કોઈ પગલાં લેવામાં આવતા નથી. જવાબદાર તંત્રના ઉદાસીન વલણના કારણે અંજારવાસીઓની મુસિબત ઠેરની ઠેર રહી છે. રોજિંદી બની ગયેલ ટ્રાફિક સમસ્યાનો કાયમી ઉકેલ અંજારવાસીઓ ઝંખી રહ્યા છે.

**વન્ય પ્રાણીઓની**

જણાવવામાં આવતું છે. આ ઉપરાંત લોકોએ પણ પક્ષીઓ અને પ્રાણીઓ માટે પોતાના ઘરની આસપાસ કોઈ પણ પાત્રમાં પશુ પક્ષીઓ માટે પાણી ભરવા માટે પણ અપીલ કરવામાં આવી છે. શ્રી ઝાલાએ જણાવ્યું હતું કે, વન વિભાગના કૃત્રિમ વોટર પોઈન્ટ પાસે શિકારી પ્રવૃત્તિઓ ન વધે તે માટે પણ ખાસ મોનિટરીંગ કરવામાં આવે છે. પાણી માટે આવતા વન્ય પક્ષીઓનો કોઈ શિકારીઓ શિકાર ન કરી જાય તે માટે પણ ખાસ તકેદારી રાખવામાં આવે છે.

# મુંદરા તાલુકામાં વીર શહીદોને શ્રદ્ધાંજલિ અપાઈ

**ગુંદાલામાં વીર શહીદ ભગતસિંહ, સુખદેવ અને રાજગુરૂની પ્રતિમાને હારારોપણ કરાયું : સમાઘોઘામાં સ્મરણાંજલી કાર્યક્રમ યોજાયો : મુંદરામાં મશાલ રેલી યોજાઈ**













મુંદરા : ૨૩મી માર્ચના શહિદ દિવસે દેશના ક્રાંતિકારીઓ અને વીર શહીદો ભગતસિંહ, સુખદેવ અને રાજગુરૂને મુંદરા તાલુકામાં શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી.સમાઘોઘા ગામે માતૃભૂમિ ફાઉન્ડેશનના નેજા હેઠળ સ્મરણાંજલી કાર્યક્રમ યોજાયો હતો, જેમાં બહેનો અને દિકરીઓએ શહીદોની પ્રતિમાને હારારોપણ કર્યું હતું. લોકડાયરામાં દેશ ભક્તિનો જુવાળ ઉભો થયો હતો. આ પ્રસંગે યોજાયેલા બ્લડ ડોનેશન કેમ્પમાં ૮૦ બોટલ રક્ત એક્ત્ર કરાયું હતું, જે રેડક્રોસને આપવામાં આવ્યું હતું. તાલુકા પંચાયતના પૂર્વ કારોબારી ચેરમેન હરેન્દ્રસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે, રાષ્ટ્રને અંગ્રેજોની ગુલામીમાંથી મુકત કરાવવા આવા વીરોએ બલિદાન આપ્યું છે. આ વેળાએ કીર્તિ ગોર, કાઉન્સિલર જીવણજી જાડેજા, કુલદીપસિંહ જાડેજા, કિશોરસિંહ પરમાર, ધમભા ઝાલા, ભુજપુર ઉપસરપંચ માણેક ગઢવી, સહદેવસિંહ જાડેજા, યુવરાજસિંહ જાડેજા, વિશાલસિંહ જાડેજા, જયરાજસિંહ જાડેજા, ભાવેન્દ્રસિંહ જાડેજા, દેવશીભાઈ પાતારિયા, નટુભા જાડેજા, મહિપતસિંહ જાડેજા, કિરીટસિંહ અજુભા જેઠવા, એપીએમસીના રાજેન્દ્રસિંહ જાડેજા, હકુમતસિંહ જાડેજા સહિત મોટી સંખ્યામાં ભાઈ-બહેનો અને યુવાનો ઉપસ્થિત રહ્યા હતા.

તો ગુંદાલા ગામે આવેલી ભગતસિંહની પ્રતિમાને હારારોપણ કરાયું હતું. પૂર્વ સરપંચ સ્વ. જયેશ જખુભાઈ આહિરે ગ્રામ પચાયતની ગ્રાન્ટમાંથી ચોકડી પર વીર ભગતસિંહની પ્રતિમા બનાવી છે, ત્યાં પ્રતિમાને નમન કરતાં તાલુકા ભાજપના પ્રમુખ વિશ્રામભાઈ ગઢવી, શહેર પ્રમુખ અરવિંદ પટેલ, પૂર્વ ધારાસભ્ય રમેશભાઇ મહેશ્વરી, કચ્છ જિલ્લા સરપંચ એસો.ના યુવા પ્રમુખ શક્તિસિંહ જાડેજા, એડવોકેટ અને એટીવીટીના સભ્ય વિજયસિંહ જાડેજા, શહેર યુવા ભાજપના પ્રમુખ કરણભાઈ, ક્રિષ્ના આહિર, તાલુકા પંચાયતના સભ્ય નારાણભાઈ સાખરા, મનોજ ગઢવી, હરેન્દ્રસિંહ જાડેજા, ધર્મેન્દ્રસિંહ જાડેજા, હેત આહિર સહિત મોટી સંખ્યામાં ભાઈ-બહેનો અને યુવાનો ઉપસ્થિત રહ્યા હતા.

મુંદરામાં ભારત વિકાસ પરિષદ દ્વારા શીશુ મંદિરથી એસટી, માંડવી ચોક, ખારવા ચોક સુધી મશાલ રેલી યોજવામાં આવી હતી. જેમાં અંજાર ધારાસભ્ય ત્રિકમભાઈ છાંગા, નગરપાલિકા પ્રમુખ રચનાબેન જોષી, કાઉન્સિલર ઉર્મિલાબેન ગઢવી, કારોબારી ચેરમેન ભોજરાજભાઈ ગઢવી તેમજ પરાગ સોમપુરા, નિર્મળસિંહ પરમાર, કુલદીપ મોડ, કેતન પ્રજાપતિ, પ્રિયંકાબેન, નિરજ મહેતા, રાજુભાઈ, વીએચપીના પ્રમુખ નરેન્દ્રસિંહ વગેરે હાજર રહ્યા હતા.

## સુડોકુ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 1 | | | 9 | 7 | 4 | | | 2 |
| 4 | 8 | | 1 | | 3 | | 5 | 7 |
| | | 4 | | 3 | | 7 | | |
| 6 | 2 | | | | | | 1 | 5 |
| | | 1 | | 9 | | 2 | | |
| 5 | 9 | | 3 | | 8 | | 7 | 1 |
| 2 | | | 7 | 1 | 5 | | | 8 |
| | | | | | | | | |

**અહીં એક ચોકઠું આપ્યું છે જેમાં નવ બોક્સ છે. દરેક ખાનામાં નવ ખાનાં છે કરવાનું શું છે.**

**(૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવા જોઈએ. કોઈ આંક રહી ન જવો જોઈએ.**

**(૨) દરેક આડી અને ઊભી હરોળમાં પણ એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ.**

**(૩) પેન્સિલથી આંકડા ભરવાની શરૂઆત કરો**

**(૪) શરૂઆત એ ખાનાથી કરો જ્યાં આંકડો લખવા માટે સૌથી ઓછા વિકલ્પ હોય.**

**ગઈકાલનો ઉકેલ**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 9 | 4 | 3 | 5 | 8 | 7 | 6 | 1 | 2 |
| 5 | 7 | 6 | 1 | 3 | 2 | 4 | 8 | 9 |
| 2 | 1 | 8 | 6 | 4 | 9 | 7 | 5 | 3 |
| 1 | 8 | 4 | 2 | 9 | 3 | 5 | 6 | 7 |
| 3 | 6 | 9 | 4 | 7 | 5 | 8 | 2 | 1 |
| 7 | 5 | 2 | 8 | 1 | 6 | 9 | 3 | 4 |
| 4 | 2 | 7 | 3 | 6 | 8 | 1 | 9 | 5 |
| 6 | 3 | 1 | 9 | 5 | 4 | 2 | 7 | 8 |
| 8 | 9 | 5 | 7 | 2 | 1 | 3 | 4 | 6 |

## અવસાન નોંધ

**ભુજ** : બાયડ અબ્દુલશકુર કાસમ (એ.કે. બાયડ, બાયડ સાઉન્ડ સર્વિસ, વોઈસ ઓફ કચ્છ) (ઉ.વ. ૭૧) તે અનીશ તથા આશિકના પિતા, અમન તથા આર્યનના દાદા, મ. ઈસ્માઈલ કાસમ (પટુભા), મ. રશિદાબાઈ, મ. કુલસુમબેન (માલા)ના મોટા ભાઈ, કાસમ તથા ફૈઝલના મોટાબાપા, રમજુ, રફીક તથા ઈમરાનના મામા તા. ૨૦-૩-૨૦૨૫ના અવસાન પામ્યા છે.

**ભુજ** : પલેજા રૂકિયાબાઇ મામદ (ઉ.વ. ૮૦) તે ફકીર મામદ, અકબરભાઈના માતા, કરીમ પાલેજા, આમદ પલેજા, મામદ પલેજા, હુશેન પલેજાના કાકી તા. ૨૨-૩ના અવસાન પામ્યા છે. વાયેઝ - જિયારત તા. ૨૫-૩ના મંગળવારે સાંજે અસર બાદ ૬થી ૭ નિવાસસ્થાન હિન્દુસ્તાન સિટી, ભુજ ખાતે.

**મિરજાપર (તા. ભુજ)** : મૂળ મોટા લાયજાના પ્રકાશદેરૂ હીરાદેરૂ જંગમ (ઉ.વ. ૫૮) તે સ્વ. જયાબેન હીરાદેરૂના પુત્ર, સ્વ. દીપકદેરૂ, સ્વ. કિરણદેરૂ, સ્વ. જયેશદેરૂ, સ્વ. હંસાબેન, ગૌરીબેનના ભાઇ, ચંદ્રિકાબેનના પતિ, જશોદાબેનના જેઠ, પ્રેમદીપ, અરૂણ, વંદનાના પિતા, ચિરાગ, સાગરના મોટાબાપા, કાજલબેન ચિરાગદેરૂના મોટા સસરા, નીલદેરૂના દાદા તા. ૨૩-૩ના અવસાન પામ્યા છે. ઉઠમણું તા. ૨૫-૩ના મંગળવારે બપોરે ૩થી ૪ જંગમ સમાજવાડી, યક્ષ મંદિરની બાજુમાં, મિરજાપર ખાતે.

**માધાપર (તા. ભુજ)** : હીરબાઈ જીવણ આયડી (મહેશ્વરી) (ઉ.વ. ૭૧) તે સ્વ. જીવણ કારા આયડી (ભૂતપૂર્વ એમ.ઇ.એસ. કર્મચારી)ના પત્ની, સુરેશ, રણછોડના માતા, ગંગા સુરેશ, ભાવના રણછોડના સાસુ, અમન, ભૂમિ, ભાવિકા, હિમાંશુ, ચિરાગ, માહીના દાદી તા. ૨૩-૩ના અવસાન પામ્યા છે. ઘડાઢોળ (પાણી) તા. ૨૫-૩ના નિવાસસ્થાને રામમંદિર પાસે, જૂનાવાસ, માધાપર ખાતે.

**મોટા ભાડિયા (તા. માંડવી)** : દેશાબાઈ પુનશીભાઇ ગઢવી (મૌવર) (ઉ.વ. ૮૪) તે સ્વ. પુનશીભાઈ પાલુભાઈ મૌવરના પત્ની, હરજી, મેઘરાજ, રાજદે, રામ, રણમલ, કમશ્રીબેન ગોપાલભાઈ થરિયાના માતા, સ્વ. પાલુ નાગાજણ બાનાયત, સ્વ. હરજી નાગાજણ, સ્વ. કાનિયા નાગાજણ, સોનબાઇ ખેરાજ મૌવર, સ્વ. નાગશ્રી પચાણ મૌવર, ભાણબાઈ હરિભાઈ માલમના બહેન, હરિ, સામત, વિરમ, માણેક, શામરા, વાલજી, સવરાજ, માણેક, રતન, મૂરજી, પત્રામલ, સવરાજના દાદી, ડાહ્યાભાઈ, માણેક (મરીન પોલીસ), ખેંગારના નાની તા. ૨૦-૩-૨૦૨૫ના અવસાન પામ્યા છે. સાદડી નિવાસસ્થાન હરજીભાઈ પુનશીભાઇના બાંધા વાડીવિસ્તાર ખાતે તેમજ ઉત્તરક્રિયા (પાણી) તા. ૩૦-૩-૨૦૨૫ના રવિવારે.

**મુંદરા** : મ.ક.સ.સુ. દરજી નીતિન રમણીકભાઈ પરમાર (ઉ.વ. ૪૨) તે સ્વ. રમણીકભાઈ નારણજીભાઈ પરમાર, પ્રેમિલાબેન રમણીકભાઈના પુત્ર, મીનાબેનના પતિ, તેજસ, ભવ્યાના પિતા, સ્વ. પાર્વતીબેન નારાણજીભાઈ પરમાર (ગાંધીધામ)ના પૌત્ર, સ્વ. મંજુલાબેન નાનજીભાઈ પરમાર (ગાંધીધામ), દમયંતીબેન વિશનજીભાઈ (ગાંધીધામ), સ્વ. કાશીબેન / હંસાબેન નવીનચંદ્રભાઈ (ભચાઉ)ના ભત્રીજા, હિંમતભાઈ, ગીતાબેન, પૂનમબેન (અંજાર)ના ભાઈ, દિનેશભાઈ (ગાંધીધામ), અલ્કાબેન (કેરા), સ્વ. વીણાબેનના પિતરાઈ ભાઈ, વૈશાલીબેન, સંગીતાબેન (ગાંધીધામ)ના દિયર, ગિરીશભાઈ, હિંમતભાઈ (અંજાર), શરદભાઈ (કેરા), સ્વ. ઘનશ્યામભાઈના સાળા, સ્વ. દેવકાબેન રણછોડભાઈ પરમાર (ભચાઉ)ના દોહિત્ર, સ્વ. ઈશ્વરભાઈ, મનીષભાઈના ભાણેજ, શાંતાબેન મનજીભાઈ ડાભી (મૂળ સઈ હાલે મુંદરા)ના જમાઈ, નરેશભાઈ, અશોકભાઈ, કલાબેન, ગીતાબેન, ગાયત્રીબેનના બનેવી, ઓમ, રૂદ્ર, નિરાલી, વૈષ્ણવીના કાકા, જિગર, જીગીશા, અક્ષય, આનંદી, પાર્થ, હેન્સી, કોમલ, શિવમના મામા, અમિતભાઈ (ભચાઉ), દિવ્યાબેનના મામાજી તા. ૨૩-૩ના અવસાન પામ્યા છે. બંને પક્ષની સાદડી તા. ૨૫-૩ના મંગળવારે સાંજે ૪થી ૫ દરજી સમાજવાડી, મુંદરા ખાતે.

**ધ્રબ (તા. મુંદરા)** : તુર્ક હાજિયાણી શરીફાબાઈ (ઉ.વ. ૭૩) તે તુર્ક હાજી તારમામદ હાજી યાકુબ (આમર)ના પત્ની, મ. ઉમરફારૂક, હાજી શબ્બીર હુશેન, જાહીદના માતા, હાજી આદમ (લંડન), મ. અ.મજીદ, અબ્દુલા, હાજી ઈશાક યાકુબના ભાભી, તુર્ક હુશેન હાજી દાઉદ (તલાટી), હાજી ઈબ્રાહિમ, હાજી અ.ગનીના બહેન, અ.લતીફ ઉર્ફે ભચુ હાજી સુલેમાનના કાકાઇ બહેન, સુલતાન હાજી અ.કરીમ, અકબર હાજી ઈબ્રાહીમ, મજીદ હાજી આમદના સાસુ તા. ૨૪-૩ના અવસાન પામ્યા છે. વાયેઝ - જિયારત તા. ૨૬-૩ના બુધવારે સવારે ૯થી ૧૦ ધ્રબ તુર્ક જમાતખાના ખાતે.

**ખીરસરા - નેત્રા (તા. નખત્રાણા)** : વાઘેલા દિલીપ (ઉ.વ. ૩૨) તે લક્ષ્મીબેન, ભોજાભાઈ કાનજીના પુત્ર, નાનુબેન, સ્વ. કાનજીભાઈના પૌત્ર, શૌર્યના પિતા, ભચીબેન તથા સ્વ. ગોવિંદ કાનજી ગોહિલ (ઉખેડા)ના દોહિત્ર, વસંતભાઈ, મીનાબેન ભરત આંઠુ (ગઢશીશા), દમયંતીબેન પ્રકાશ લોંચા (કોટડા-જ.)ના ભાઈ, ખેતશીભાઈ, ડાયાભાઈ, કરશનભાઈ, તેજાભાઈના ભત્રીજા, રામજી, વિશ્રામ, પ્રતાપ, ગોવિંદ, જગદીશ, કમલેશ, ચંદુલાલ, રમેશ, પ્રવીણના પિતરાઈ ભાઈ, રામજીભાઈ, ભીમજીભાઈ (ઉખેડા)ના ભાણેજ તા. ૨૩-૩ના અવસાન પામ્યા છે. ધાર્મિકવિધિ તા. ૨૫-૩ના રાત્રે સત્સંગ તથા તા. ૨૬-૩ના બુધવારે સવારે ૧૦:૩૦ વાગ્યે પાણી, બેસણું નિવાસસ્થાને.

**મોટા અંગિયા (તા. નખત્રાણા)** : લુહાર અબ્દુલગફુર અલીમામદ (ઉ.વ. ૬૮) તે મ. આમદ અલીમામદ, અકબર અલીમામદ, અનવર અલીમામદના મોટા ભાઈ, ઉમરફારૂકના પિતા, હાજી વલીમામદ સુલેમાનના જમાઈ, હાજી કાસમ હાજી વલીમામદ (ઝુરા)ના બનેવી તા. ૨૩-૩ના અવસાન પામ્યા છે. વાયેઝ - જિયારત તા. ૨૫-૩ના મંગળવારે સાંજે અસર નમાજ બાદ જામા મસ્જિદ, મોટા અંગિયા ખાતે.

**કંકાવટી (તા. અબડાસા)** : રાઠોડ વેરસરજી ધનજી (ઉ.વ. ૧૦૫) તે સ્વ. ગુમાનસિંહ તથા વાંકજીના મોટા ભાઈ, સોઢા જુવાનસિંહ, સરદારસિંહના કાકા, રણજિતસિંહજી, સવાઈસિંહ, રાજુભાના પિતા, હેમંતસિંહ, ભુરુભાના મોટાબાપુ, વીરેન્દ્રસિંહ, અજયસિંહ, ક્રિપાલસિંહ, હરપાલસિંહ, જયરાજસિંહ, યુવરાજસિંહ, સત્યરાજસિંહ, બહાદૂરસિંહના દાદા તા. ૧૯-૩-૨૦૨૫ના અવસાન પામ્યા છે. સાદડી નિવાસસ્થાન કંકાવટી ખાતે.

**નુંધાતડ (તા. અબડાસા)** : સાડ કમાબાઈ અલીમામદ (ઉ.વ. ૮૫) તે મ. સાડ અલીમામદના પત્ની, સાડ અદ્રેમાન, મામદ, હુશેન અને મુસાના માતા, મ. પડેયાર હાજી ઈસ્માઈલ બાવા, મ. હાજી આમર બાવા, મ. હાજી મીઠુ બાવા, મ. હાજી ફકીરમામદ અને પડેયાર હાજી યાકુબ બાવાના બહેન, સાડ કાદર, સલીમ, અબ્દુલ, જુસબ, માહિરના દાદી તા. ૨૪-૩ના અવસાન પામ્યા છે. વાયઝ - જિયારત તા. ૨૬-૩ના બુધવારે સાંજે અસર નમાજ બાદ નુંધાતડ ખાતે.



સાડાઉને શેખડિયા સીમાડાના વચ્ચે બીન વારસુ ઊંટનુ નાના બચાને જગલી કૂતરા બચકા બર્યા હતા. જેની જાણ ગૌ રક્ષા સેવા ટ્રસ્ટના હેલ્પ લાઈન પર કરવામા આવી હતી. તુરંત જ ગૌ રક્ષા ની એબુલેન્સ ઊંટના બચાને વઘારે સારવાર અર્થે સુવિઘા પશુ રક્ષા કેન્દ્ર મુન્દ્રા-લઈ જવામા આવેલ હતુ. આવી રીતે અનેક વખતે મુન્દ્રા-તાલુકામા નિરાઘાર મુગા પશુઓની વહારે આવતી આ ગૌ રક્ષા સેવા ટ્રસ્ટ દ્વારા સંચાલિત સુવિઘા પશુ રક્ષા કેન્દ્ર છે અને આ સંસ્થાના લોકો દ્વારા જીવ દયાના કાર્ય માટે સંસ્થાના ખુબજ વખાણ સાંભળવા મળતા હોય છે.

## રોઝા–૨૪

### માંદાના ખબર-અંતર પૂછવાના આદાબ (રીતભાત)

**ઈફ્તાર : ૭.૦૮** **સહેરી : ૫.૨૭**

માંદાની ખબર પૂછવા જરૂર જાઓ. આનું મહત્વ એટલા પૂરતું જ નથી કે આ એક સામાજીક જરૂરત છે અથવા પરસ્પર સહકાર અને દુ:ખની લાગણી પેદા કરવાનું એક સાધન છે બલ્કે આ તો એક વ્યક્તિ ઉપર બીજા વ્યકતિનો દીની હક્ક છે અને અલ્લાહ સાથેના પ્રેમનો અનિવાર્ય તકાદો છે. અલ્લાહ સાથે સંબંધ ધરાવનાર માણસ અલ્લાહના બંદાઓ સાથે સંબંધ ન રાખે એ બની શકે નહીં. માંદા માણસ પ્રત્યે દુખની લાગણી જતાવવામાં, હમદર્દી વ્યક્ત કરવામાં તેમજ તેને મદદરૂપ થવામાં લાપરવાહી દાખવવી હકીકતમાં અલ્લાહ પ્રત્યે લાપરવાહ થવું છે. નબી સ.અ.વ.એ ફરમાવ્યું છે કયામતના દિવસે અલ્લાહ તઆલા ફરમાવશે 'હે આદમના પુત્ર ! હું બીમાર પડ્યો અને તે મારી ખબરખત કાઢી ?' મનુષ્ય કહેશે પરવરદિગાર તું તમામ જગતનો માલિક ભલા હું કેવી રીતે તારી ખબર કાઢી શક્યો હોત ? અલ્લાહ તઆલા કહેશે મારો ફલાણો બંદો માંદો પડ્યો ત્યારે તે તની ખબર ન કાઢી, જો તું તેની ખબર કાઢવા ગયો હોત તો મને ત્યાં જોત. (એટલે કે તું મારી ખુશી અને કૃપાનો હક્કદાર ઠર્યો હોત)' (મુસ્લિમ)

માંદા માણસના માથા તરફ બેસીને તેના માથે અથવા તેના શરીર ઉપર હાથ ફેરવો અને સાંત્વનાના અને સાજા થવા માટેના બોલ બોલો કે જેથી તેનું ધ્યાન આખિરતના બદલા તરફ વળે અને અધિરાઈ અને ફરિયાદોની કોઈ વાત એની જબાન ઉપર ન આવે. હઝરત ઈબ્ને અબ્બાસ કહે છે કે નબી સ.અ.વ. જયારે કોઈ માંદાની ખબર કાઢવા માટે જતાં હતાં ત્યારે તેના માથા તરફ બેસતા હતા અને પછી સાત વખત ફરમાવતા 'હું, મહાન અલ્લાહ પાસે કે જે મહાન સિંહાસનનો માલિક છે, માંગુ છું કે એ તને સાજો કરી દે. માંદા માણસની પાસે બહુ બેસો નહી અને ઘોંઘાટ ન કરો. હાં, જો માંદો માણસ તમારો કોઈ નિકટનો મિત્ર હોય અથવા સંબંધી અને એ પોતે તમને વધારે વખત સુધી બેસાડી રાખવા માંગતો હોય તો તમે જરૂર તેની લાગણીને માન આપો. હ.અબ્દુલ્લાહ બિન અબ્બાસ રદિ. કહે છે કે, માંદા માણસની પાસે બહુ વખત સુધી ન બેસવું તેમજ ઘોંઘાટ ન કરવો સુન્નત છે.

**-સૈયદ અલીઅસગર-ઢોરી**

**નોંધ : આ સમય ભુજ તથા માંડવી માટે છે. બાકીના શહેરો અને ગ્રામીણ વિસ્તારોએ આ સમયને સ્થાનિક સમય સાથે મેળવી લેવું. દા.ત. : નખત્રાણા ર મિનીટ ઉમેરવી (વધારવી), મુન્દ્રા ર મિનીટ બાદ કરવી (ઘટાડવી)**

## બજારભાવ

| | |
|---|---|
| **ભુજ માર્કેટ યાર્ડ ૧૦૦ કિલોના ભાવ** | |
| ગોવાર | ૪૮૦૦-૪૯૦૦ |
| તુવેર | ૬૬૫૦-૬૮૩૦ |
| વાલ | ૪૧૯૦-૪૮૫૫ |
| ચણા | ૪૯૦૦-૪૯૮૫ |
| **ભુજ માર્કેટ યાર્ડ ૪૦ કિલોના ભાવ** | |
| એરંડા | ૨૪૩૨-૨૪૬૨ |
| રાયડો | ૨૦૪૦-૨૦૯૭ |
| ઈશબગુલ | ૪૪૦૦-૫૦૦૦ |
| ધાણા | ૨૪૮૦-૨૮૭૬ |
| **અંજાર માર્કેટ યાર્ડ ૧૦૦ કિલોના ભાવ** | |
| ધાણા | ૬૦૦૦-૬૮૬૦ |
| **અંજાર માર્કેટ યાર્ડ ૪૦ કિલોના ભાવ** | |
| એરંડા | ૨૩૯૨-૨૫૦૩ |
| કપાસ | ૨૨૦૦-૨૮૭૧ |
| રાયડો | ૧૯૬૫-૨૦૭૦ |
| જીરૂ | ૬૫૦૦-૮૩૨૦ |
| **રાપર માર્કેટ યાર્ડ** | |
| એરંડા | ૧૨૨૬ |
| મગ | ૧૨૫૧ |
| જીરૂ | ૩૨૦૦-૪૧૫૧ |
| ઘઉં | ૪૮૧-૫૦૦ |
| ઈશબગુલ | ૨૪૫૨ |
| મેથી | ૯૦૦-૧૦૦૦ |
| રાયડો | ૧૦૨૯ |
| **ભચાઉ માર્કેટ યાર્ડ** | |
| એરંડા | ૧૨૨૬ |
| તલ કાળા | ૪૨૦૦-૪૫૦૦ |
| રાયડો | ૯૮૦-૧૦૩૦ |
| ધાણા | ૧૨૦૦-૧૩૦૦ |
| સાખજીરૂ | ૩૮૦૦-૪૧૫૦ |
| **ભુજ માર્કેટ યાર્ડ (૧ કે.જી.ના જથ્થાબંધ ભાવ)** | |
| ડુંગળી | ૧૦-૧૮ |
| બટેટા | ૧૦-૧૩ |
| ટમેટા | ૨-૧૦ |
| લીલી ડુંગળી | ૨-૧૨ |
| મરચા | ૪-૧૫ |
| મરચી | ૧૫-૪૦ |
| રીંગણા કાળા | ૨-૧૨ |
| રીંગણા બાજરીયા | ૨-૧૨ |
| કોબી દેશી | ૨-૭ |
| કોબી | ૨-૩ |
| ફુલાવર દેશી | ૩-૧૩ |
| ફુલાવર | ૪-૧૦ |
| વટાણા | ૪૦-૫૦ |
| ધાણા | ૧૦-૩૦ |
| ભીંડા | ૨૦-૫૦ |
| કાકડી કાળી | ૫-૧૫ |
| કાકડી સફેદ | ૧૦-૧૫ |
| કાકડી ખીરા | ૫-૧૫ |
| પાલક | ૧૦-૧૫ |
| લસણ લીલું | ૨૦-૩૦ |
| લસણ સુકું | ૪૦-૮૦ |
| લીંબુ | ૩૦-૧૦૦ |
| પીત્તાઈ ગાજર કેશરી | ૫-૧૫ |
| પીત્તાઈ ગાજર લાલ | ૮-૧૨ |
| દુધી | ૨-૧૨ |
| આદુ | ૩૦-૪૦ |
| કારેલા | ૩૦-૪૦ |
| શક્કરિયા | ૨૦-૩૦ |
| ચોળા ડોલર | ૨૦-૪૦ |
| ગીલોડા | ૧૦-૨૫ |
| મરચા સીમલા | ૧૦-૨૫ |
| ગોવાર | ૩૦-૫૦ |
| ગીસોડા | ૧૦-૫૦ |
| પરવળ | ૬૦-૭૦ |
| સરગવો | ૧૦-૩૦ |
| ગેલકા | ૧૦-૩૦ |
| કોળુ | ૧૦-૧૫ |
| મેથી | ૧૦-૩૦ |
| **ભુજ ફ્રુટ બજાર** | |
| કેળા કાચા | ૧૫-૨૫ |
| કેળા પાકા | ૩૦-૩૫ |
| પપૈયા કાચા | ૧૦-૧૫ |
| પપૈયા પાકા | ૨૦-૩૫ |
| જામફળ | ૧૦-૩૦ |
| ચીકુ | ૧૦-૪૦ |
| શક્કરટેટી | ૧૦-૨૨ |
| ફણસી | ૩૦-૫૦ |
| દાડમ | ૧૦-૮૦ |
| કલીંગર | ૫-૧૪ |
| કાચી કેરી | ૩૦-૫૦ |
| પાકી કેરી | ૮૦-૧૦૦ |

## ગાંધીધામની પી એન અમરશી હાઈસ્કૂલમાં ડેન્ટિસ્ટ કેમ્પ યોજાયો




ગાંધીધામ : ગાંધીધામની પી એન અમરશી હાઈસ્કૂલમાં તમામ વિદ્યાર્થીઓ માટે એક ડેન્ટિસ્ટ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પ નો મુખ્ય ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓમાં દાંતની દેખરેખ અને સ્વચ્છતા અંગે જાગૃતિ ફેલાવવાનો હતો. કેમ્પમાં વિદ્યાર્થીઓની દાંતની ચકાસણી કરવામાં આવી અને દરેક બાળક માટે દાંતની આરોગ્ય સંબંધી માર્ગદર્શિકા આપી. આ કાર્ય ડો દીપાલી મહેતા તેમજ ડો પાયલ મહેતા અને તેમની ટીમને શાળામાં આમંત્રિત કરવામાં આવ્યા હતા.કેમ્પ દરમિયાન, વિદ્યાર્થીઓએ દાંતને સ્વચ્છ રાખવા માટે સરળ અને અસરકારક તકનીકો શીખી. ડૉ. એ જણાવ્યું કે, "દાંતની યોગ્ય સંભાળ બાળકોના આરોગ્ય માટે અત્યંત મહત્વપૂર્ણ છે. દાંતના સથે વાતચીત, ખાવા અને આરોગ્યને પણ સીધી અસર પડે છે."આ કેમ્પની સફળતા સાથે,આગામી દિવસોમાં આ પ્રકારના કાર્યક્રમો ફરીથી આયોજિત કરવાનો વિચાર કરે છે. એવું શાળા માં સી ઈ ઓ ગુલશન ભટનાગરે જણાવ્યું હતું.સમગ્ર વ્યવસ્થા આચાર્ય શૈલેન્દ્ર શર્મા અને લય અંતાણી એ સંભાળી હતી

## સમાઘોઘા-ભુજપુરનો રસ્તો નવો બનાવવા માંગ કરાઈ




મુન્દ્રા : અહીંના સમાઘોઘા-જીંદાલથી ભુજપુર સુધીનો નેશનલ હાઈવે ૮ તથા બોરાણાથી મોટી ભુજપુર સુધીનો રસ્તો ખરાબ થઈ ગયો છે તેને બનાવવામાં આવે તેવી જાગૃત્ત નાગરિકોએ માંગ કરી છે.

નાના કપાયાથી બોરાણા-ભુજપુર સુધીનો લગભગ ૬ કરોડના ખર્ચે રોડ બનાવવાની ગ્રાંટ વર્ષોથી પાસ થઈ ગઈ છે છતાં આ રસ્તાઓ બન્યો નથી. આ રોડ પર વારંવાર અકસ્માતોનો ભય રહે છે. શહીદ માણશી સર્કલથી દોઢ કિ.મી.ના રસ્તા પર ભારે વાહનો અવર-જવરના કારણે બિસ્માર થઈ ગયો છે. આ રસ્તા પર આવતા ગોડાઉનના માલિકો પોતાના સ્વખર્ચે રસ્તો બનાવ્યો છે. આમ જે કાર્ય સરકારનું છે તે વેપારીઓ કરે છે. વહેલી તકે ઉપરોક્ત રસ્તાઓ નવા બનાવવા અને જે રોડ-લાઈટો બંધ છે તેને ચાલુ કરવા લોકમાંગ ઉડી છે.

## કચ્છ નોંધ

**સંસ્કારનગર મહિલા મંડળ ભુજ**

● ચૈત્રી નવરાત્રી અંતર્ગત તા. ૧એપ્રિલ મંગળવારે સાંજે ૪.૩૦ વાગે સંસ્કારનગર ગરબી ચોક ખાતે માતાજીના ગરબા ગાવાની હરિફાઈ તા. ૩૦ સુધી નામ મંત્રી તૃષા એમ. વૈદ્ય, ઉપપ્રમુખ વિપુલાબેન આર આશરા પાસે નામ નોંધાવવા યાદીમાં જણાવ્યું છે.

## રત્નકણિકા

**લેવામાં નહીં પરંતુ ત્યાગ કરવામાં જ સર્વસુખ સમાયેલું છે.- સ્વામી રામતીર્થ**

## પંચાગ

**કનકચંદ્ર સી. વ્યાસ**

વિક્રમ સં. ૨૦૮૧, શા. શાકે. ૧૯૪૬, પા. આવા-૧૩૯૪, મુ. રમજાન-૧૪૪૬, જૈન વીર સં.-૨૫૫૧, કચ્છી સં. ૨૦૮૧, ફાગણ વદ-૧૧ પાપમોચિની એકાદશી તા.૨૫ માર્ચ ૨૦૨૫, મંગળવાર, પારસી તા.૧૩, મુસ્લિમ તા.૨૪, શ્રવણ નક્ષત્ર, શિવ યોગ, બવ કરણ, સૂ.ઉ.૬:૫૨, સૂ.અ.૭:૦૨

આજનો દિવસ સામાન્ય છે.

આજે જન્મેલા બાળકની રાશી મકર (ખ જ) છે.

## આપની આવતી કાલ કેવી જશે...?

**કનકચંદ્ર સી. વ્યાસ**

**મેષ** – પ્રિયજનથી વિરહ રહે. અગત્યના કાર્યોમાં વિઘ્ન આવે.

**વૃષભ** – વ્યવસાયિક કાર્યમાં સફળતા મળે. મોજ-શોખમાં દિવસ વિતે.

**મિથુન** – બગડેલા કાર્યો સુધારી શકશો. ગુપ્ત ચિંતા દૂર થાય.

**કર્ક** – માનસિક પરેશાની દૂર થાય. આવકમાં વધારો થાય.

**સિંહ** – અટકેલા કાર્યો પૂર્ણ થાય. નવા સાહસમાં સફળતા મળે.

**કન્યા** – પ્રવાસમાં લાભ રહે. સ્વભાવ તેજ રહે.

**તુલા** – વ્યર્થ દોડા-દોડી રહે. અટકી-અટકીને કાર્ય પૂર્ણ થાય.

**વૃશ્ચિક** – કોર્ટ-કચેરીના કાર્યોમાં સફળતા મળે. આકસ્મીક ધન પ્રાપ્તિ થાય.

**ધન** – મનની નિરાશા દૂર થાય. આર્થિક સમસ્યા હળવી બને.

**મકર** – શત્રુવર્ગને પીછેહટ કરવી પડે. આવક-જાવક સરભર રહે.

**કુંભ** – કાર્યની અધિક્તા રહે તેવી સંભાવના. જીવનસાથીનો આરોગ્ય સંભાળવું.

**મીન** – કામકાજમાં વ્યસ્ત રહેવાય. મનમાં મૂંઝવણ રહે.

# કચ્છમાં સ્થાનિક શિક્ષક ભરતીના સરકારના નિર્ણયને જિલ્લાવ્યાપી આવકાર : સરકારનો ખુબ ઋણાનુભાવ.!

## કચ્છ જિલ્લામાં પ્રાથમિક શિક્ષકોની ભરતીમાં લાગુ કરાયેલ નવી જોગવાઈ માટે કચ્છ જિલ્લાના સંસદ સભ્ય ધારાસભ્યો અને જિલ્લા પંચાયતના સદસ્યો સરપંચોએ રાજ્યના મુખ્યમંત્રી તેમજ શિક્ષણ મંત્રીનો આભાર વ્યક્ત કર્યો













ગાંધીનગર: કચ્છ જિલ્લામાં પ્રાથમિક શિક્ષણમાં પ્રાથમિક શિક્ષકોની ભરતીમાં રાજ્ય સરકાર દ્વારા ભરતી માટેની જે નવી જોગવાઈ કરી છે તે જ પ્રમાણે માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં પણ એ જોગવાઈ લાગુ કરવા અંગે કચ્છ જિલ્લાના સંસદ સભ્ય અને ધારાસભ્યોએ આજે રાજયના મુખ્યમંત્રી અને શિક્ષણ મંત્રી સમક્ષ રજૂઆત કરી હતી.

કચ્છ જિલ્લામાં પ્રાથમિક શિક્ષકોની ભરતીમાં પસંદગી પામેલ શિક્ષકોએ નિવૃત્ત થાય ત્યાં સુધી કચ્છમાં જ નોકરી કરવા માટેની જોગવાઈ કરવાના રાજ્ય સરકારે કરેલા સૈદ્ધાંતિક નિર્ણય ને આવકારીને કચ્છ જિલ્લાના સંસદ સભ્ય વિનોદભાઈ ચાવડા કચ્છ જિલ્લા ભાજપ પ્રમુખ દેવચંદભાઈ વરચંદ, જિલ્લા મહામંત્રી ધવલ આચાર્ય, નરેન્દ્રભાઈ પ્રજાપિતિ, ગાંધીધામના ધારાસભ્ય માલતીબેન મહેશ્વરી ભુજના ધારાસભ્ય કેશુભાઈ પટેલ અંજારના ધારાસભ્ય ત્રિકમભાઈ છાંગા માંડવીના ધારાસભ્ય તેમજ કચ્છ જિલ્લા પંચાયતના પ્રમુખ સહિત પંચાયતના સદસ્યો તેમજ નખત્રાણા મુન્દ્રા માંડવી ના સરપંચોએ આજે મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ અને શિક્ષણ મંત્રી તેમજ રાજ્ય શિક્ષણ મંત્રી પ્રફુલભાઈ પાનસેરીયાને મળીને સાલ ઓઢાડી, મોમેન્ટો આપીને સન્માન કરીને આભાર વ્યક્ત કર્યો હતો. કચ્છ જિલ્લામાં શિક્ષકોની ઘટ પૂરવા માટે કચ્છ જિલ્લામાં પ્રાથમિક શાળાઓમાં પ્રાથમિક શિક્ષકોની ભરતીમાં પસંદગી પામનાર શિક્ષકને નિવૃત્ત થાય ત્યાં સુધી કચ્છ જિલ્લામાં જ નોકરી કરવા માટેની જોગવાઈ દાખલ કરવા માટે કચ્છના ધારાસભ્યોએ રાજ્ય સરકાર સમક્ષ રજૂઆત કરી હતી જેના પગલે રાજ્ય સરકારે આ નવી જોગવાઈ દાખલ કરવા માટે સૈદ્ધાંતિક નિર્ણય કરતા આજે કચ્છ જિલ્લાના સંસદ સભ્ય ધારાસભ્યો પંચાયતના સદસ્યો તેમજ જિલ્લા સંગઠનના આગેવાનોએ રાજ્યના મુખ્યમંત્રી શિક્ષણ મંત્રી નો આભાર વ્યક્ત કર્યો હતો.

આ પ્રસંગે પ્રતિક્રિયા આપતા જિલ્લા ભાજપ અધ્યક્ષ દેવજીભાઈ વરચંદે જણાવ્યું હતું કે કચ્છ જીલ્લામાં પ્રાથમિક શિક્ષણમાં દુરના અંતરિયાળ ગામડા ગામમાં શિક્ષકોની ઘટ ઉભી થવી એ રોજીંદો પ્રશ્ન દિવસોદિવસ ખુબ જટિલ અને પેચીદો બનતો જતો હતો જેનો ગુજરાતના સંવેદનશીલ મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલે કાયમી ઉકેલ કાઢી આપતા કચ્છ જિલ્લા ભાજપ પરિવાર વતી જિલ્લા પંચાયત અધ્યક્ષ તેમજ સર્વે ધારાસભ્યો સહીતના પ્રતિનિધિ મંડળે મુખ્યમંત્રીનો સમસ્ત કચ્છની જનતા વતી આભાર માન્યો હતો.

વધુમાં શ્રી વરચંદે જણાવ્યું હતું કે, પ્રાથમિક શિક્ષકોની માફક આગામી સમયમાં કચ્છ જિલ્લામાં માધ્યમિક શિક્ષણમાં પણ શિક્ષકો માટે આવી જ માર્ગદર્શિકાના આધારે ભરતી બહાર પાડવા મુખ્યમંત્રીને રજૂઆત કરવામાં આવી છે જેનો પણ મુખ્યમંત્રી દ્વારા ખૂબ જલ્દીથી હકારાત્મક ઉકેલ લઈ આવવા ખાતરી આપવામાં આવી છે.

આ પ્રસંગે પ્રદેશ ભાજપ મહામંત્રી અને સાંસદ વિનોદભાઈ ચાવડાએ જણાવ્યું હતું કે, મુખ્યમંત્રી દ્વારા કચ્છના દૂર દૂરના ગ્રામીણ વિસ્તારોમાં વસતા વાલીઓ અને વિદ્યાર્થીઓની વેદના સાંભળીને જે વાત્સલ્યસભર નિર્ણય કરવામાં આવ્યો છે એનું આભાર દર્શન શબ્દોના માધ્યમથી વ્યક્ત થઈ શકે એમ જ નથી. કચ્છનું પ્રાથમિક શિક્ષણનું સ્તર આ નિર્ણયથી ચોક્કસપણે ઉપર જશે એવો શ્રી ચાવડાએ આ પ્રસંગે આશાવાદ દાખવ્યો હતો.

આ તબક્કે જિલ્લા પંચાયતના પ્રમુખ જાડેજા જનકસિંહ બળવંતસિંહ, ગઢવી વિરમભાઈ વિશ્રામભાઈ, રાજપુત વણવીરભાઈ, મનીષાબેન વેલાણી, પારૂલબેન કારા, કુંવરબેન મહેશ્વરી, જયાબેન પટેલ, નયનાબેન પટેલ, કેશવજીભાઈ રોષિયા, પરસોત્તમ મારવાડા, બાબુભાઈ ચોપડા, સ્નેહા પટેલ, પ્રદુમનસિંહ જાડેજા, વિરમભાઈ ગઢવી, ખીમરાજભાઈ ગઢવી, ગેલાભાઈ ચાવડા, મસરૂભાઈ રબારી, હરી હીરભાઈ જાટીયા દામજીભાઈ ચાડ ઘેલાભાઈ આહીર, જાડેજા કરસનજી, સહિતનાઓ હાજર રહ્યા હતા.

## કીડાણામાં દાદા બનીને ફરતા ત્રણ શખ્સોનું સરઘસ નિકળ્યું



ગાંધીધામ : તાલુકાના કીડાણા ગામે દાદા બનીને ફરતા અસામાજીક તત્વોનું પોલીસે સરઘસ કાઢયું હતું. કબુતર વેચવા જેવી નજીવી બાબતે ૧૫ માર્ચના આરોપીઓએ ગામમાં સોમચંદ રોશીયાને પાઈપ - કુહાડી વડે ઢોર માર માર્યો હતો. જે ગુનામાં ત્રણેય આરોપીઓની ધરપકડ કરવામાં આવી હતી. આરોપીઓ ઈસ્માઈલ ઉર્ફે ઈશુડો ઈબ્રાહીમ ચાવડા, અસગર ઈસ્માઈલ ચાવડા અને જુબેર અકબર પઠાણની ગુના કામે ધરપકડ કરી બી ડિવિઝન પોલીસ દ્વારા રિકન્સ્ટ્રકશન કરાવી પંચનામું કરાયું હતું.

આરોપીઓ સામે અગાઉ ગુજસીટોક જેવા ગંભીર ગુના પણ દાખલ થયેલા છે. પોલીસે રિકન્સ્ટ્રકશન કરાવ્યું ત્યારે ડોન બનીને ફરતા ઈસમો ભીગી બીલ્લી બની ગયા હતા.

## ગાંધીધામ - જોધપુર સુપરફાસ્ટ એક્સપ્રેસ હવે પ્રતિદિન ચાલશે

ગાંધીધામ : પશ્ચિમ રેલવે દ્વારા મુસાફરોની માંગ અને સુવિધાને ધ્યાનમાં રાખીને ટ્રેન નંબર ૨૨૪૮૪ / ૨૨૪૮૩ ગાંધીધામ - જોધપુર - ગાંધીધામ સુપરફાસ્ટ એક્સપ્રેસ ટ્રેનના સંચાલન દિવસો લંબાવવામાં આવ્યા છે. આ ટ્રેન હવે પરિવર્તિત સમયની સાથે હવે ત્રિ સાપ્તાહિકના બદલે પ્રતિદિન ચાલશે.

ટ્રેન નં. ૨૨૪૮૪ ગાંધીધામ - જોધપુર એક્સપ્રેસ ગાંધીધામથી (મંગળવાર, ગુરૂવાર અને રવિવાર)ના બદલે પ્રતિદિન ૨૩.૫૫ કલાકે ઉપડશે અને બીજા દિવસે સવારે ૯:૪૫ કલાકે જોધપુર પહોંચશે. તેવી જ રીતે ટ્રેન નંબર ૨૨૪૮૩ જોધપુર - ગાંધીધામ સુપર ફાસ્ટ એક્સપ્રેસ તાત્કાલિક અસરથી જોધપુરથી (સોમવાર, બુધવાર અને શનિવાર)ને બદલે પ્રતિદિન ૨૦:૫૦ કલાકે ઉપડશે અને બીજા દિવસે સવારે ૬.૦૫ ગાંધીધામ પહોંચશે. ટ્રેનોના સંચાલન સમય, સ્ટોપેજ અને સંરચના અંગે વિગતવાર માહિતી માટે મુસાફરોને વેબસાઈટ જોઈ લેવા યાદીમાં જણાવાયું છે.

## નખત્રાણામાં દેશી લસણ તેમજ માનકુવાની સ્પે. મીઠી ડુંગળીનું આગમન

### વિરાણી રોડ પર આવેલા નીલકંઠ ફ્રુટ એન્ડ વેજીટેબલ સ્ટોલમાં ગૃહિણીઓની ભીડ



નખત્રાણા : આખા વર્ષનું દેશી લસણ સંગ્રહ કરવા તેમજ માનકુવાની મીઠી ઓર્ગનીક ડુંગળીનું આગમન થયું છે, ત્યારે લસણ ખરીદવા સ્ટોલમાં ભીડ જામે છે. દેશી પૂછડા વાળું લાલ, ગુલાબી લસણ તથા માનકુવાની મીઠી ડુંગળીનો ભવ્ય મોલ જામ્યો તદન વ્યાજબી ભાવે અહીં દેશી લસણ તેમજ માનકુવાની મીઠી ડુંગળી સગ્રહ કરવા માટે હાજર સ્ટોકમાં છે. સીઝનની ખાટી આંબલી, અવનવા ઓર્ગેનિક ફ્રુટ, શાકભાજી વ્યાજબી ભાવે અહીં ઉપલબ્ધ છે.

સ્ટોલ સંચાલક કાનાભાઈ રવજીભાઈ ચૌહાણએ કહ્યું કે છેલ્લા ૪૦ વર્ષનો અનુભવ છે. દર વર્ષે સિઝનનું ઓર્ગેનિક લસણ તેમજ ડુંગળી ટનના ભાવમાં ઉતારીએ છીએ અને ગૃહિણીઓની પડા પડી જામે છે. દરરોજ જથ્થો ખૂટે એટલે વધુ જથ્થો મંગાવીને વેચાણ કરવામાં આવે છે. કાનાભાઈએ વધુમાં જણાવ્યું હતું કે, નખત્રાણા ઉપરાંત માધાપર, ભુજમાં બ્રાન્ચ આવેલી છે. અને ઓર્ડર પ્રમાણે ત્યાં પણ જથ્થો મોકલીએ છીએ. સીઝનના અવનવા ફ્રુટ તથા શાકભાજી ઓર્ગેનિક અહીં વહેંચાય છે નહિ નફો નહિ નુકશાનના ભાવે વેચાણ કરીએ છીએ. જિલ્લામાંથી પણ લસણ ખરીદવા લોકો ઓર્ડર બુક કરાવે છે એવું સ્ટોલ સંચાલકે જણાવ્યું હતું.

## ૨૬મીએ ભુજ ખાતે યુથ પાર્લામેન્ટ અંતર્ગત વકતૃત્વ સ્પર્ધા યોજાશે

ભુજ : રમત-ગમત, યુવા અને સાંસ્કૃત્તિક પ્રવૃત્તિઓ વિભાગ, ગાંધીનગર દ્વારા પ્રેરિત, કમિશ્નર, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓની કચેરી, ગાંધીનગર દ્વારા આયોજીત તથા જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓની કચેરી કચ્છ-ભુજ દ્વારા સંસાલિત તા.૨૬-૩ના રોજ યુથ પાર્લામેન્ટનું આયોજન કરવામાં આવનાર છે. યુથ પાર્લામેન્ટ અંતર્ગત ૧૫ થી ૨૯ વર્ષની વયજુથ ધરાવતાં કચ્છ જિલ્લાના રસ ધરવતાં યુવક - યુવતીઓ સ્પર્ધામાં ભાગ લઈ શકશે, જેમાં ભારતીય બંધારણના ૭૫ ગૌરવશાળી વર્ષ, વિકસીત ભારત @૨૦૪૭, વન નેશન વન ઈલેક્શનઃ વિકસીત ભારત માટે મોકળો માર્ગ. આ વિષય પર ગુજરાતી અથવા હિન્દી ભાષામાં પાંચ મિનિટની સમય મર્યાદામાં પોતાનું વકતવ્ય આપવાનું રહેશે. તા.૨૬-૩ના રોજ કોર્ટ હોલ, મેઈન બિલ્ડીંગ, કચ્છ યુનિવર્સીટી, ભુજ ખાતે સાંજે ૪ કલાકે ભાગ લેવા હાજર રહેવાનું રહેશ. રજિસ્ટ્રેશન માટે સ્પર્ધા સ્થળ ખાતે સાંજે ૪ થી ૪:૩૦ સુધીનો રહેશે. રજિસ્ટ્રેશન સ્થળ પર આધાર કાર્ડ તથા બેંક પાસ બુક-ચેકની નકલ અચૂક જમા કરાવવાની રહેશે. સ્પર્ધામાં વિજેતા ક્રમાંક પ્રથમ, દ્રિતિય, તૃતીય તથા સાત આશ્વાસન પુરસ્કાર આપવવામાં આવશે. જિલ્લા યુવા વિકાસ અધિકારી દ્વારા જણાવવામાં આવ્યું છે.



સોમવારે ભચાઉ બજાર સમિતિ પાછળ ઝાડી ઝાંખરામાં આગ લાગી હતી, જે આગ ગોડાઉનમાં પહોચે તે પહેલા ભચાઉ ફાયર ટીમ તાતકાલિક ઘટના સ્થળે પહોંચીને એક કલાકની મહેનત બાદ આગ પર કાબૂ મેળવ્યો હતો.

## ભુજ-રાજકોટ સ્પેશિયલ ટ્રેનને અંજાર અને આદિપુર સ્ટેશનો પર વધારાનું સ્ટોપ

### અંજારના અગ્રણીઓની લડતને મળી સફળતા

ભુજ : પશ્ચિમ રેલવે દ્વારા મુસાફરોની માંગ અને સુવિધાને ધ્યાનમાં રાખીને ભુજ - રાજકોટ સ્પેશિયલ ટ્રેનને અંજાર અને આદિપુર સ્ટેશનો પર વધારાનું સ્ટોપેજ આપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. સાથે જ આ ટ્રેનના સમયમાં પણ આંશિક ફેરફાર કરવામાં આવ્યો છે. અંજાર સ્ટોપ ન મળતા શહેરના સંસ્થાના અગ્રણીઓએ રજુઆતો કરી હતી. આ સ્ટોપ મળતા આ લડતને મોટી સફળતા મળી હતી. ટ્રેન નંબર ૦૯૪૪૬ ભુજથી રાજકોટ સ્પેશિયલ ૨૬ માર્ચથી ભુજથી ૬.૫૦ કલાકે ઉપડશે તથા અંજાર સ્ટેશન પર આગમન - પ્રસ્થાનનો સમય ૭.૧૮થી ૭.૨૦ કલાકે અને આદિપુર સ્ટેશન પર ૭.૨૯થી ૭.૩૧ કલાકનો રહેશે તથા ૧૩.૧૫ કલાકે રાજકોટ પહોંચશે. ટ્રેન નંબર ૦૯૪૪૫ રાજકોટથી ભુજ સ્પેશિયલ ૨૬ માર્ચ ૨૦૨૫થી રાજકોટથી ૧૪.૩૦ કલાકે ઉપડશે અને આદિપુર સ્ટેશન પર આગમન-પ્રસ્થાનનો સમય ૧૯.૨૭/૧૯.૨૯ કલાકે અને અંજાર સ્ટેશન પર ૧૯.૩૬/૧૯.૩૮ કલાકનો રહેશે તથા ૨૦.૫૫ કલાકે ભુજ પહોંચશે. ટ્રેનોના સંચાલન સમય, સ્ટોપેજ અને સંરચના અંગે વિગતવાર માહિતી માટે મુસાફરોને વેબસાઈટ જોઈ લેવા યાદીમાં જણાવાયું છે.

## પુરાતત્વવિદની કચેરી હંગામી ધોરણે અન્યત્ર ખસેડાઈ

ભુજ : અધિક્ષક પુરાતત્વવિદની કચેરી, કચ્છ વર્તૂળ ભુજનું નવું બાંધકામ થવાનું હોવાથી વર્તમાનમાં તે હંગામી ધોરણે કચ્છ સંગ્રહાલય, ભુજના તાબાની જુની ઓલ્ફ્રેડ હાઈસ્કૂલ બિલ્ડીંગ ખાતે ખસેડવામાં આવી છે એમ અધિક્ષક પુરાતત્વવિદની અખબારી યાદીમાં જણાવામાં આવ્યું છે.


**શેઠ આર.ડી.એજયુકેશન ટ્રસ્ટ-મુન્દ્રા- બાંધકામનું ટેન્ડર**

અમારી સંસ્થા હસ્તેના મુન્દ્રા મધ્યે આવેલ પ્લોટ પર નીચે દર્શાવિલ કામ માટેનું ટેન્ડર કાચા માલ મજુરી સાથે બહાર પાડવામાં આવેલ છે.

| ક્રમ | કામનુંનામ | અંદાજીત ચો.ફુટ | ટેન્ડર ફી | અર્નેસ્ટ મની |
|---|---|---|---|---|
| ૧. | શેઠ આર.ડી.એજયુકેશન ટ્રસ્ટ સંચાલિત સ્કુલના નવા બિલ્ડીંગના બાંધકામનું ટેન્ડર | ગ્રા.ફ. ૧૩૦૦૦ ચો.ફુટ ફ.ફ. ૧૩૦૦૦ ચો.ફુટ સ્ટેર કેબીન ૩૫૦ ચો.ફુટ | રૂા. ૫૦૦/- | રૂા. ૧૦૦૦૦/- |

ઉપરોકત કામનું ટેન્ડર નીચે દર્શાવેલ સરનામા પર તા.૨૬/૩/૨૦૨૫ થી તા.૨/૪/૨૦૨૫ સુધી રજાના દિવસો સિવાય સવારે ૧૦.૦૦ વાગ્યાથી બપોરેના ૧.૦૦ વાગ્યા સુધી તેમજ બપોરના ૪.૦૦ વાગ્યાથી સાંજે ૭.૩૦ વાગ્યા સુધી મળી શકશે.

ટેન્ડર પરત કરવાની છેલ્લી તા.૩/૪/૨૦૨૫ ના સાંજે ૫.૦૦ વાગ્યા સુધી સીલબંધ કવરમાં રૂબરૂ અથવા રજી.પોસ્ટથી દેસાઈ કન્સલન્ટની ઓફિસના સરનામા પર પહોંચાડવાના રહેશે.

ઉપરોકત કામનું કોઈપણ ટેન્ડર મંજુર કરવું કે રદ કરવું તેની સતા સંસ્થાના ટ્રસ્ટી મંડળ પાસે રહેશે.

શ્રી કેકીનભાઈ કુંવરજી છેડા
શ્રી લક્ષ્મીચંદ કુંવરજી કેનીયા
ટ્રસ્ટી, શેઠ આર.ડી.એજયુકેશન ટ્રસ્ટ, મુન્દ્રા

**ટેન્ડર મેળવવાનું/મીટીંગનું/ટેન્ડર પરત કરવાનું સરનામું**
**દેસાઈ કન્સલટન્ટ,** પ્રથમ માળે, ઓફિસ નં ૧ - ૨,
રોયલ પ્લાઝા, કોલેજ રોડ, ભુજ (કચ્છ). મો. : ૯૮૨૫૨ ૨૫૪૪૧



**શ્રી વાગડ કલા કેન્દ્ર મુંબઈ દ્વારા**

શ્રી વાગડ વેલ્ફેર સોસાયટી હોસ્પિટલ-ભચાઉ મધ્યે યુરોલોજીના વિઝિટિંગ નિષ્ણાંત મુંબઈ ના યુરોલોજીસ્ટ ડો.ધીરજ શાહ દ્વારા તારીખ-29/03/2025 ના રોજ પથરી/પ્રોસ્ટેડના દૂરબીનથી તદન ફ્રી માં નિદાન તથા ઓપરેશનો કરવામાં આવશે.તે માટે દર્દીઓ એ તેમના રિપોર્ટ જેવાકે એક્સ-રે, સોનોગ્રાફી,લેબોરેટરી રિપોર્ટ સાથેની ફાઇલ હોસ્પિટલના ફુલટાઇમ એમ.ડી.ફિઝિશ્યન ડો.નિખિલેશ પટેલ પાસે તપાસ કરાવી તારીખ-27/03/2025 ના રોજ હોસ્પિટલમાં દાખલ થવાનું રહેશે.

સંપર્ક કરો.મો.૯૦૧૬૨૯૨૩૭૮ -૯૬૮૭૭૮૦૮૭૩



**નગર સેવા સદન, ભુજ**
**ઓનલાઈન ટેન્ડર નોટીસ**

ભુજ નગરપાલિકા વિસ્તારના (વોર્ડ નં.૧ થી ૧૧)માં આવતા તમામ વરસાદી વહેણના નાલાની સંપૂર્ણ સફાઇ બાબતેની સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ-૨૦૧૬ અંતર્ગત તમામ પ્રકારની બિનજરૂરી ઝાડી કટીગ, રેતી, કીચડ તથા પુર પથ્થર અને મલબાને ઉપાડવા જરૂરી મશીનરી તેમજ મેનપાવર રાખી સંપૂર્ણ સફાઇ કરીને ડમ્પિંગ સાઇટ સુધી પહોંચતો કરવાની કામગીરી કામે ઓનલાઇન ટેન્ડર http://www.nprocure.com થી આમંત્રિત કરેલ છે. જે ટેન્ડર ઓનલાઇન ભરવાની અંતિમ તા.૦૨/૦૪/૨૦૨૫ના ૧૮:૦૦ કલાક સુધીની રાખેલ છે. ફિઝીકલ ડોકયુમેન્ટ નગરપાલિકા કચેરીમાં પહોંચાડવાની અંતિમ તા.૦૫/૦૪/૨૦૨૫ના ૧૮:૦૦ કલાક સુધીની રહેશે. તેમજ ઓનલાઇન બીડ ખોલવાની તા.૦૭/૦૪/૨૦૨૫ રહેશે. રસ ધરાવનાર કોન્ટ્રાકટરોએ ઉકત વેબસાઇટ પર બાકીની માહિતી મેળવી ટેન્ડર ભરવાનું રહેશે. અધુરૂં તેમજ ભૌતિક ટેન્ડર સ્વીકારવામાં આવશે નહી ન્યાય ક્ષેત્ર ભુજ રહેશે.

નં.ભુનપા/સેનિટેશન/ /૨૦૨૫
(નામાનિ-કચ્છ-૧૩૪૭-૨૦૨૪/૨૫)

(I/C) મુખ્ય અધિકારી
ભુજ નગરપાલિકા

# ગાંધીધામ મનપાના કમિશ્નરશ્રી-ડે.મ્યુ.કમિશ્નરશ્રી બને સાવધ : માર્ચ એન્ડીંગમાં કાગળ પર થયેલા કામોના ચુકવણાનો કારસો ?

**મનપાના ઉચ્ચ અધિકારીઓ ગાફેલ ન રહે :** જીયુડીસીના શહેરમાં ગટરના થયેલા કામોના સરવૈયા મેળવો, ગટર-પાણીના કામોમાં લીંપાપોત્તી જ રહી છે, વર્ષ ૨૦૦૮-૦૯મા જીયુડીસીને જે કામો અપાયા છે તે કામો હજુ સુધી ચાલુ જ નથી થયા, ૨૦૧૮માં ૨૦૮ કરોડ આવ્યા, ૨૦૨૨ સુધી એક પણ કામ સફળતાપૂર્વક પાણી કે ગટરનું પુરૂ ન કર્યુ, અને ૨૦૨૨થી ૨૦૨૪નુ બજેટ આવ્યુ તેમાં જીયુડીસીના સમ ખાવાપુરતા કામો ચાલુ છે, આ બધાય નાણાકીય ફાળવણીના આંકડાઓ જોશા તો આખાય ગાંધીધામના ૧૦થી વધુ રીંગરોડ બની જાય અને તેમાં ગટર-પાણીબધુ જ આવી જાય, તેટલી અ.ધ..ધ.. રકમ છે, તેનો ગેરવહીવટ જ કરાયો છે, હાલમાં માર્ચ એન્ડીંગમાં પણ આવા જ કાગળ પરના કામો પર બીલો ઉધારી લેવાની ગોઠવણીઓકરી લેવાઈ હોવાની છે ચર્ચા, નપાના જુના જોગીઓ દ્વારા **માત્ર આર એન્ડ બી કાર્યપાલક ઈજનેરને મનાવવાના ચાલી રહ્યા છે અધમપછાડા..!**

**ગટર-પાણી-રોડરસ્તાના નગરપાલિકા હસ્તકના કામોમાં તગડી ભાગબટાઈ કરવાની ગોઠવણો થઈ ચુકી હોવાની છે ચર્ચા : નપા સમયમાં જે કામો થયા જ નથી, તેના બીલો ઉધારવાની ચાલે છે છાની વેતરણ : કયા તત્વાએ કરી લીધી છે આ બધી ગોઠવણો? ઉચ્ચ અધિકારીઓ વિના વિલંબે તપાસ કરાવે તે ઈચ્છનીય**

**નગરપાલિકામાં અગાઉ સેવા બજાવી ચુકેલા અને મનપામાં સેવારત રહેલા અધિકારી-કર્મચારીઓ કોઈ કળા તો નથી કરી રહ્યા ને? નગરપાલિકા કાળમાં જે કામો થયા જ નથી તેના બીલો જુની તારીખોથી ઉધારીને માર્ચ એન્ડીંગમાં ચુકવાઈ ન જાય તેની રાખજો પુરેપુરી તકેદારી**

**કાગળ પર થયેલા કામોના બીલો માર્ચ એન્ડીંગમાં ઉધારી ચુકવણા કરવાની વાતો તથ્યવિહોણી છે : શ્રી રામાનુજ (ડે.કમિશ્નર મનપા ગાંધીધામ)**

ગાંધીધામ : પૂર્વ કચ્છના ઔદ્યોગીક પાટનગર ગાંધીધામને સરકાર દ્વારા તાજેતરમાં જ નગરપાલિકામાંથી મનપાનો દરજજા આપવામાં આવ્યો છે. મનપાના દરજજા અનુસારની કાર્યવાહીનો ધમધમાટ પણ તેજ બનેલો છે. મનપાના અધિકારીગણ દ્વારા સંકુલને સ્વચ્છ-સુંદર-માળખાગત સુવિધા સભર બનાવવા માટે વ્યાયામ પણ આદરી જ દીધો છે ત્યારે બીજીતરફ જાણકારો આ જ મનપા અધિકારીઓને એલર્ટ કરી લાલબત્તી ધરતા કહી રહ્યા છે કે, માર્ચ એન્ડીંગ આવીને ઉભો છે, મનપાના ઉચ્ચ અધિકારીઓ ગાફેલ ન રહે, સાવધ બને.

આ અંગે સંકુલના પ્રબુદ્ધવર્ગમાં પ્રવર્તી રહેલી વિગતો અનુસાર નગરપાલીકા જયા સુધીહતી ત્યાં સુધી ભ્રષ્ટાચારનો ભોરીંગ બની જવા પામી હતી. નગરપાલિકામાં ભ્રષ્ટાચાર એટલી હદે વકરી ચૂકયો છે હતો કે સત્તાપક્ષના જ હોદેદારો આ નગરપાલિકામાં આચરાઈ રહેલી ગેરરીતીઓ સામે ખુલ્લીને બહાર આવવા પામી ગયા હતા. શહેર-સંકુલમાં રોડ રસ્તા, ગટર-પાણી જેવા સાધારણ કામો પણ આજે થવા પામ્યા નથી. સરકાર તબક્કેથી કરોડોની ગ્રાન્ટ વરસા વરસ ફાળવવામા આવી, વરસાદી રસ્તાઓના સમારકામની ગ્રાન્ટ પણ અલાયદી કરોડોની ફાળવાઈ, પરંતુ રોડ-ગટર-પાણી-પેવરબ્લોક બધુ જ કાગળ પર બની ગયુ, અને તેના તગડા બીલે આવ ભાઈ હરખા આપણે બેઉ સરખાના તાલે જ ઉધરાવતા રહ્યા અને તેમાં ભાગબટાઈમાં જે બાકાત રહ્યા તેઓ મેદાનમાં જાણે કે સામે પડી ગયા હોય તેવી ચર્ચાઓ તે વખતે નગરપાલિકાના સમયકાળમાં થવા પામી ગઈ હતી. હવે જયારે નગરપાલિકામાથી મનપાનો દરજજો આપવામા અવ્યો છે ત્યારે પણ જાણકારો કહી રહ્યા છે કે, આ મનપામાં નગરપાલિકા કાળથી સેવારત રહેલા અમુક બની બેઠેલા અધિકારી-કર્મચારી દ્વારા જુની તારીખોમાં સહી કરી અને નગરપાલીકા વખતે જે કોઈ કામો થયા જ નથી તેને કાગળ પર દર્શાવી અને તેના કરોડોના ખોટા બીલો માર્ચ એનડીંગમાં પાસ કરી લેવાની બધે બધી જ ગોઠણવીનો કારસો રચી લેવાયો છે.

મનપા અધિકારી જો ગોફેલ રહયા તો તેમની જાણ બહાર આ પ્રકારના ચુકવણાઓ-બીલો માર્ચ એન્ડીગમાં મોટી રકમોના ઉધારી પણ લેવામા આવશે. સૌથી મોટો પ્રશ્ન તો આ અધિકારીઓએ એ જ જોવાનો રહ્યો છે કે, ગટરના કામો શહેર-સંકુલમાં જીયુડીસીને પણ કરોડોની અધધ ગ્રાન્ટથી આપવામાં આવ્યા અને નગરપાલીકા પણ ગટર-પાણીના આવા કામો કર્યાના એજન્ડાઓ દશાવ્યા છે. જયા સુધી વાત જીયુડીસીની આવે છે કો મનપાના ઉચ્ચ અધિકારીઓએ પુછાણા લેવા જોઈએ કે, જીયુડીસીને અત્યાર સુધીમાં કેટકેટલા કામો ગટરના અપાયા છે? તેમાથી કેટલા પુર્ણ થયા છે? જાણકારો કહે છે કે,વર્ષ ૨૦૦૮-૦૯મા જીયુડીસીને જે કામો અપાયા છે તે કામો હજુ સુધી ચાલુ જ નથી થયા, ૨૦૧૮માં ૨૦૮ કરોડ આવ્યા, ૨૦૨૨ સુધી એક પણ કામ સફળતાપૂર્વક પાણી કે ગટરનું પુરૂ ન કર્યુ, અને ૨૦૨૨થી ૨૦૨૪નુ બજેટ આવ્યુ તેમાં જીયુડીસીના સમ ખાવાપુરતા કામો ચાલુ છે, આ બધાય નાણાકીય ફાળવણીના આંકડાઓ જોશા તો આખાય ગાંધીધામના ૧૦થી વધુ રીંગરોડ બની જાય અને તેમાં ગટર-પાણીબધુ જ આવી જાય, તેટલી અ.ધ..ધ.. રકમ છે, તેનો ગેરવહીવટ જ કરાયો છે, હાલમાં માર્ચ એન્ડીંગમાં પણ આવા જ કાગળ પરના કામો પર બીલો ઉધારી લેવાની ગોઠવણીઓકરી લેવાઈ હોવાની ચર્ચા મોટાપાયે થવા પામી રહી છે. જાણકારો કહી રહ્યા છે કે આ રીતે બીલો ઉધારી લેવા માટે એક ચોકકસ ટોળકી-સિન્ડીકેટ તૈયાર જ બની ચૂકી છે માત્ર અને માત્ર આર એન્ડ બીના કાર્યપાલક ઈજનેરને મનાવવા માટેના અધમપછાડાઓ ચાલી રહ્યા છે. જો આ મામેલે મનપાના જવાબાદર ઉચ્ચ અધિકારીઓ તાબાના લાપરવાહોના જરા સહેજ પણ કાન આમળશે તો આ આખેઆખી ગોઠવણી આપોઆપ જ તુટી જાય તેમ છે. અને જો ગાફેલિયત દર્શાવાઈ તો પ્રજાના ટેક્ષના પૈસા અને સરકારની તિજોરીની રકમ અમુક ચોકકસ આળતીયા મળતીયાઓના ખીસ્સામાં જતી રહેશે તેમ માની લેવાને કોઈ શંકાને સ્થાન નથી.

આ બાબતે મનપાના મ્યુ. કમિશ્નરશ્રી સંજય રામાનુજ ને પુછતા તેઓએ કહ્યુ હતુ કે, નગરપાલિકા સમયમાં બીલો ચુકવવાના બાકી છે એ વાત સાચી છે પણ જે કામો થયા છે કાયદેસરના તેના બાકી છે અને નિયમ અનુસાર જ તે ચુકવણા કરાવમા આવશે, એકાદ કામ કોઈ રીવાઈજનુ રજુ થયુ હોય તો એ નગરપાલિકા સમયનું હોઈ શકે છે, બાકી કાગળ પર કામો થયા અને બીલો ચુકવાણાની વાતો તથ્યવિહોણી છે તેમ શ્રી સંજય રામાનુજ દ્વારા જણાવાઈ હતી.

## આડેધડ પાર્ક થયેલા ટ્રેઈલરનો ખડકલો : ટ્રાફિક પોલીસ કયા?

# સત્તાપર ફાટકના લીધે અંજાર સમીપે ટ્રાફિકની માથાફાડ પીડા : કોઈના પેટનું પાણી નથી હાલતુ?

**રોજીંદા વાહનવ્યહવાર પર વિપિરત અસર : મોટરીંગ પબ્લીક ત્રાહીમામ : કિમંતી માનવકલાકો-ઈંધણનો બેફામ બગાડ : કોની બલિહારી?**









**રોજિંદી બનેલી ટ્રાફિક સમસ્યાથી અંજારવાસીઓ ઝંખે છે છૂટકારો : સતાપર ફાટકથી ગેટકો પાવર હાઉસ સુધી લાંબા ટ્રાફિક જામની સમસ્યા : સવારે દોઢ કલાક સુધી સર્જાયેલા ટ્રાફિકજામમાં વાહનો અટવાયા : ટ્રાફિક પોલીસની ગેરહાજરી સામે ઉઠ્યા સવાલ : દિવસ દરમિયાન ભારે વાહનોની પ્રવેશબંધીથી કળશ સર્કલ પાસે પાર્ક કરી દેવાય છે ભારે વાહનો : સમસ્યાના કાયમી ઉકેલ માટે પ્રબળ બની લોકલાગણી : તંત્રએ પણ આ બાબતે ગંભીરતાથી આગળ આવી સમસ્યાનું નિરાકરણ લાવવું જ ઘટે**

અંજાર : કચ્છના ઐતિહાસિક અંજાર શહેરમાં ટ્રાફિક જામની સમસ્યા રોજિંદગી બની છે. શહેરમાં ભારે વાહનોની પ્રવેશબંધીના નિયમના કારણે ટ્રાફિકનું ભારણ ઘટવાના બદલે શહેરની ભાગોળે આડેધડ પાર્ક કરી દેવામાં આવતા ભારે વાહનોના કારણે અવાર-નવાર લાંબો ટ્રાફિક જામ સર્જાય છે. અંજારવાસીઓ રોજિંદી બની ગયેલી ટ્રાફિકજામની સમસ્યાથી છુટકારો ઝંખી રહ્યા છે. પણ જવાબદાર તંત્રના ઉદાસિન વલણથી સમસ્યા ઠેરની ઠેર રહી છે.

આ અંગેની વ્યથા ઠાલવતા અંજારવાસીઓ જણાવી રહ્યા છે કે, અંજાર શહેરમાં યોગેશ્વર ચોકડી પાસે અકસ્માતોના અનેક બનાવો બન્યા બાદ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા સવારે ૬ વાગ્યાથી રાત્રિના ૧૦ વાગ્યા સુધી ભારે વાહનોને શહેરમાં પ્રવેશ પર પ્રતિબંધ લાદી દીધો છે. દિવસમાં ૧૬ કલાક શહેરમાં ભારે વાહનોને પ્રવેશ મળતો ન હોવાથી કળશ સર્કલ પર ભારે વાહનોના થપ્પા લાગી જતા હોય છે. ટ્રેઈલર જેવા ભારે વાહનોને દિવસ દરમિયાન આડેધડ પાર્ક કરી દેવામાં આવે છે. જેના કારણે સતાપર ફાટકથી માંડીને ગેટકોના પાવર હાઉસ સુધી લાંબો ટ્રાફિકજામ સર્જાય છે.

આજે સવારે પણ સતાપર ફાટક પાસેથી ટ્રેન પસાર થવાના સમયે લાંબો ટ્રાફિકજામ સર્જાયો હતો. અંદાજીત દોઢેક કલાક સુધી નાના-મોટા વાહનો અટવાઈ ગયા

**અનુસંધાન પાના નં.૫ પર**




# નિરોણાના નેજા હેઠળ ૭ ગામો નર્મદા મૈયા આધારીત

**ઉનાળાના દિવસો કાઢવા કઠીન : દસ હજારની માનવ વસતી અને ૧૫ હજાર પશુઓ માટે પીવાના પાણીનો પ્રશ્ન બનશે વિકટ : ડેમોના પાણી આશિર્વાદરૂપ : ગ્રામ પંચાયત ટીમ પાણી પહેલા પાળ બાંધવા કટિબદ્ધ : એન.ટી. આહિરની ટીમ કાર્યરત**





નખત્રાણા : ઉનાળાનો પ્રારંભ થઈ ગયો છે, તે સાથે જ નખત્રાણાના દુર્ગમ અને અંતરિયાળ વિસ્તારમાં પીવાના પાણીની મોકાણ સર્જાઈ છે. પાણી પુરવઠા વિભાગ, સિંચાઈ વિભાગ કુંભકર્ણની ઘોર નિંદ્રામાં જ મહાલી રહ્યો છે, ત્યારે અમુક સક્રિય ગ્રામ પંચાયતોએ પીવાના પાણી માટે પાણી પહેલા જ પાળ બાંધવાનું અભિયાન હાથ ધર્યું છે. તે પૈકી નખત્રાણા તાલુકાના પાવરપટ્ટીની સૌથી મોટી ગ્રામ પંચાયત નિરોણા ગામે અને તેના નેજા હેઠળ આવતા ૭ જેટલા ગામોને મા નર્મદાના પાણી મળે છે. પણ તે અનિયમિત બને ત્યારે ગામના યુવાન સરપંચ એન.ટી. આહિરે 'કચ્છ ઉદય' સાથે વાતચતી કરતાં કહ્યું કે, નિરોણા જુથ ગ્રામ પંચાયત હેઠળ કુલ ૭ ગામો આવેલા છે, જે પૈકીના નિરોણા, ઓરીરા, મેડીસર ગામોની ગ્રામ પંચાયત સ્વતંત્ર પાણી યોજના પર આત્મનિર્ભર છે. જયારે આ ગ્રામ પંચાયતના કુલ ૭ ગામો આવેલા છે. જેની માનવ વસતી દસ હજાર આસપાસ છે. જયારે પશુઓની વસતી ૧૫ હજાર આસપાસ છે. આ તમામ ગામો માટે ઉનાળામાં પાણીની તંગી સર્જાય છે, ત્યારે નિરોણા ડેમનું પાણી પીવા, પશુધન અને માનવ માટે પાંચ મહિના ઉપયોગ કરવામાં આવે છે. ત્યારે મા નર્મદા મૈયાના પાણી ગ્રામ પંચાયતના હરિપુરા, અમૃતફાર્મ, અમરગઢ, લક્ષ્મીફાર્મ વિસ્તારમાં એક અઠવાડિયામાં બે દિવગસ સપ્લાય કરવામાં આવે છે.

નિરોણાના સ્વતંત્ર પાણી યોજનાના અત્યારે ત્રણ બોર કાર્યરત છે, તથા મેડિસર ગામે આત્મનિર્ભર છે, ત્યાં સંયુક્ત પાણીના બોર છે. હાલે જ હરિપુરા તથા નિરોણાના પાણીના બે બોર થઈ ગયેલા છે, જેના વીજ કનેકશન આપવાના બાકી છે.

પાવરપટ્ટીના મુખ્ય ગામોની ખેતી અને પશુપાલન આધારીત છે અને ઉનાળામાં પીવાના પાણીની પરિસ્થિતિ ખુબ જ ગંભીર રહે છે, પરંતુ છેલ્લા પાંચ વર્ષથી વરસાદ ખુબ સારો થતાં જળના કામો ડેમો, તળાવ ભરાયેલા રહે છે, જેનાથી ઉનાળામાં આ ડેમો, તળાવોના પાણી આશિર્વાદરૂપ છે. નર્મદા કેનાલમાંથી આવતી પાણીની લાઈન નિર્માણ ડેમમાં મુકવાથી પાણીનું કામ ચલુ થઈ જાય સત્વરે તેવા પ્રયાસો આદરવામાં આવ્યા છે. અને સમગ્ર ગ્રામ પંચાયતની ટીમ દ્વારા જાત મહેનત જીંદાબાદના સુત્રને લઈ અભિયાન આદરવામાં આવે છે. છતાં પણ અમુક ગામોમાં ઉનાળાની સીઝનમાં પાણીની સમસ્યાનો પોકાર ઉઠે છે.

# ભચાઉમાં ડીજીપીના ૧૦૦ કલાકના આદેશની ઐસીતૈસી : લુખ્ખા તત્વો બેફામ

**દારૂ, જુગાર, આવારા તત્વો સામે કાર્યવાહી કરવાની આખા જિલ્લામાં ઝુંબેશ ઉપડી છે ત્યારે ભચાઉમાં અમુક ભ્રષ્ટ ખાખીધારીઓ અસામાજીક તત્વોના ઘુંટણીએ બેસી ગઈ હોવાનો સીનારીયો : ભચાઉના પીઆઈ તો કડક-તટસ્થ અને ધાક બેસાડતી કાર્યવાહી કરનાર અધિકારીની છબી ધરાવી રહ્યા છે ત્યારે તેઓને અજાણતા રાખીને ગુનેગારોને કયા ભ્રષ્ટ ખાખીના વહીવટદારો છાવરી રહ્યા છે? જાણકારોમાં અશ્ચર્ય સાથે ઉઠતો સવાલ**

ભચાઉ : રાજયના પોલીસ વડા વિકાસ સહાય ડીજીપીશ્રીએ અસામાજીક તત્વો સામે કાર્યવાહી કરવાના આપેલા ૧૦૦ કલાકના અલ્ટીમેટમની ઠેરઠેર ધાક બેસાડતી કાર્યવાહી કરવામા આવી રહી છે. કચ્છમાં પણ મહદઅંશે કાર્યવાહી નોધનીય જ થવા પામી રહી છે તેવામાં બીજીતરફ જાણકારો કહી રહ્યા છે કે, કચ્છના ભચાઉ પટ્ટામાં કયાંક ને કયાંક હજુય આ કામગીરીમાં ઢીલાશ દાખવાતી હોય તેવો વર્તારો જોવાઈ રહ્યો છે. કારણ કે અહીં વ્યાપક ફરિયાદો છતાં પોલીસ દ્વારા કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી. જાણકારો કહી રહ્યા છે કે, ભચાઉના પીઆઈ તો કડક-તટસ્થ અને કાયદા નિષ્ઠ અધિકારીની છબી ધરાવી રહ્યા છે. તેઓ કાયદાને પ્રસ્થાપિત કરવામાં ધોક્કો પછાડતા જરા સહેજ પણ બાંધછોડ કરે તેમ નથી તો તેમની અજાણતાથી કયા અમુક બની બેઠેલા ખાખીધારીઓ લુખ્ખા અને આવારા તત્વોને છાવરી રહ્યા છે. આ મામલે સંકુલમાં ચર્ચાતી વીગતોની વાત કરીએ તો શહેરમાં ઘણા સમયથી રોમિયોગીરી કરતા લુખ્ખા તત્વોનો ત્રાસ વધી રહ્યો છે. શહેરના શાળા-કોલેજથી એસટી બસ સ્ટેશન સુધીના રોડ પરથી લોકોને ચાલવું પણ મુશ્કેલ છે, લુખ્ખા તત્વો નંબર પ્લેટ વગરના અને કાળા કાચવાળા વાહનોનો બેફામ ઉપયોગ કરે છે, છતાં પણ પોલીસ તંત્રના અમુક બની બેઠલા આવા વાહનો પ્રત્યે હર હંમેશની જેમ આંખ આડા કાન કરતું રહ્યું છે કારણકે પોલીસની મોટા ભાગની ગાડીઓમાં નંબર પ્લેટ નથી. બહારગામથી આવતી દીકરીઓ એસટી બસ સ્ટેશનથી અહીંની શાળા કોલેજ પહોંચે છે ત્યાંના રસ્તા પર લુખ્ખા તત્વોનો જમાવડો જોવા મળે છે. રોમિયોગીરી કરતા લુખ્ખા તત્વો નંબર પ્લેટ વગરના બાઈકો બેફામ ચલાવતા રહે છે તો કેટલાક નબીરાઓ કાળા કાચવાળા અને નંબર પ્લેટ વગરના વાહનો લઈને બેફામ ચલાવે છે. રોમિયોગીરી કરતા લુખ્ખાઓના વાહનો કબજે કરી અને તેમના પરિવારને બોલાવી, દંડ ભરી બાદ જ પરિવારની વચ્ચે તેમના વાહનો પરત કરવા જોઈએ. શહેરના આવા પ્રશ્નો લોક દરબારમાં ચર્ચાતા રહ્યા છે પરંતુ તેનો કાયમી ઉકેલ હજુ સુધી આવી શક્યો નથી.

**નંબર પ્લેટ વગર, કાળા કાચના વાહનોની બેફામ અવરજવર, બસ સ્ટેશને જવામાં લુખ્ખાઓનો ત્રાસ તેમજ ખુદ પોલીસ કર્મચારીઓ કાળા કાચવાળી ગાડીમાં ફરે છે છતાં બિલાડીના ગળામાં ઘંટ બાંધે કોણ ?**

## પશ્ચિમ કચ્છ વનવિભાગની સરાહનીય પહેલ

# વન્ય પ્રાણીઓની તરસ છીપાવવા જંગલમાં ઉભા કરાયા કૃત્રિમ વોટર પોઇન્ટ

**ઉનાળાની સિઝનમાં કુદરતી પાણીના સ્ત્રોત સુકાય ત્યારે કૃત્રિમ પોઈન્ટમાં ઠલવાય છે પાણી : પશ્ચિમ કચ્છ વિસ્તારમાં વન વિભાગ દ્વારા ૮૦ જેટલા પોઇન્ટ ઊભા કરાયા : પાણી પીવા આવતા વન્ય પ્રાણીઓને શિકારીઓથી બચાવવા પણ કરાય છે ખાસ મોનિટરીંગ : યુવરાજસિંહ ઝાલા (નાયબ વન સંરક્ષક)**

ભુજ : માર્ચ મહિનાના પ્રારંભ સાથે જ કચ્છ જિલ્લામાં ગરમીનો પ્રભાવ વધ્યો છે. ખાસ કરીને મધ્યાહન સમયે આકરા તાપના કારણે શહેરી વિસ્તારમાં માર્ગો અને બજાર તો ગ્રામ્ય વિસ્તારોમાં સિમાડાઓ સુમસામ બની જતા હોય છે. જિલ્લામાં તાપમાન ૪૦ ડિગ્રીથી વધુ નોંધાઈ રહ્યું છે ત્યારે લોકોના જનજીવન પર તો ગરમીના પ્રકોપના કારણે અસર થઈ રહી છે, પરંતુ સાથે સાથે અબોલ પ્રાણીઓ પણ આવી ગરમીમાં હેરાન થતા હોય છે. કચ્છના વનવિભાગ દ્વારા ગરમીના આકરા પ્રકોપ સામે રક્ષણ મેળવવા અબોલ પ્રાણીઓ માટે અભ્યારણ્યમાં અને ગાઢ જંગલોમાં ખાસ વન તળાવ અને કૃત્રિમ વોટર પોઇન્ટ ઊભા કરીને તેનામાં ટેન્કર મારફતે પાણી પહોંચાડીને વન્યજીવો માટે પાણીની વ્યવસ્થાનું આયોજન કરવામાં આવ્યું છે.

આ અંગે વિગતો આપતાં પશ્ચિમ કચ્છ વન વિભાગના નાયબ વન સંરક્ષક યુવરાજસિંહ ઝાલાએ જણાવ્યું હતું કે, કચ્છમાં ગત વર્ષે સપ્ટેમ્બર માસ સુધી સારો વરસાદ થતાં જંગલમાં પ્રાણીઓ માટે પાણીના જે કુદરતી સ્ત્રોત છે તેમાં હજુ સુધી પાણીનો જથ્થો ઉપલબ્ધ છે. જિલ્લામાં હાલમાં ખૂબ ગરમી વર્તાઈ રહી છે. પશ્ચિમ કચ્છ વનવિભાગમાં આવેલ અભ્યારણ્ય અને જંગલ વિસ્તાર, રેવન્યુ વિભાગ અને રક્ષિત વન વિભાગમાં વન્ય પ્રાણીઓની મોટા પ્રમાણમાં હાજરી છે. પાણીના કુદરતી સ્ત્રોતોમાં પાણી પૂર્ણ થવાના આરે પહોંચ્યું છે ત્યારે વનવિભાગ દ્વારા વિવિધ વિસ્તારોમાં બનાવવામાં આવેલ કૃત્રિમ વોટર પોઇન્ટ એટલે કે વન તળાવ અને અવાડાઓ પર પાણીના ટેન્કર મારફતે વન્ય પ્રાણીઓ માટે પાણી પહોંચાડવા માટેનું આયોજન કરવામાં આવ્યું છે.

શ્રી ઝાલાએ વધુમાં જણાવ્યું હતું કે, પશ્ચિમ કચ્છ વિસ્તારમાં ૮૦ જેટલા કૃત્રિમ વોટર પોઈન્ટ બનાવવામાં આવ્યા છે. વનવિભાગ દ્વારા વન્યપ્રાણીઓ માટે કૃત્રિમ વોટર પોઈન્ટનું આયોજન કરતા પહેલાં જંગલોમાં ઉપલબ્ધ પાણીના કુદરતી સ્ત્રોતમાં પાણી ઉપલબ્ધ છે કે નહીં તેનું પરીક્ષણ કરવામાં આવે છે. ખાસ કરીને આ કૃત્રિમ વોટર પોઈન્ટ ઊભા કરતા પહેલાં પ્રાણીઓની આ વોટર પોઈન્ટ પરની સુરક્ષા માટેની તપાસ પણ વનવિભાગ દ્વારા કરવામાં આવતી હોય છે. ટ્રેપ કેમેરા ગોઠવીને વોટર પોઈન્ટ પર પ્રાણીઓની ગતિવિધિઓ પર મોનીટરીંગ પણ કરવામાં આવતું હોય છે અને ખાસ કરીને વન્ય પ્રાણીઓને ઉનાળા દરમિયાન પૂરતું પાણી મળી રહે તે માટે પાણીના ટેન્કર મારફતે પાણી પહોંચાડવાનું આયોજન કરવામાં આવ્યું છે.

પશ્ચિમ કચ્છ વનવિભાગ દ્વારા ૮૦ જેટલા કૃત્રિમ વોટર પોઈન્ટ જુદી જુદી જગ્યાએ ઉભા કરવામાં આવ્યા છે. આ ઉપરાંત વનવિભાગના અધિકારીએ લોકોને અપીલ પણ કરી છે કે, આવા આકરા તાપમાં પક્ષીઓને પણ ચક્કર આવવા તેમજ ડીહાઈડ્રેશન થતું હોય છે, ત્યારે આવા કોઈ ઘાયલ પક્ષીઓ કે પ્રાણીઓ લોકોને ધ્યાનમાં આવે તો તેમને યોગ્ય સારવાર મળી રહે તે માટે વનવિભાગની હેલ્પલાઈન પર તત્કાલિક સંપર્ક સાધવા

**અનુસંધાન પાના નં.૫ પર**